અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

10 FEBRUARY-2026 TUESDAY

વર્ષ-15 । અંક-90 । વિક્રમ સંવત-2082 । મહા વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

'કોઈ મારી સાથે કામ કરવા માંગતું ન હતું...' રિયા ચક્રવર્તીએ સુશાંત કેસમાં નામ આવ્યા...



પેજ-09

એશિયન ઈન્ડોર એથ્લેટિક્સમાં રચ્યો નવો નેશનલ રેકોર્ડ





**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 17.00 |
| વડોદરા | 32.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |


પેજ 5




મુખ્યમંત્રી સ્ટાલિને રાણીપેટમાં ટાટા મોટર્સ જેએલઆર પ્લાન્ટનું કર્યું ઉદ્ઘાટન

નરગીસ મોહમ્મદીને ૪૪ વર્ષની જેલ થતા વિશ્વભરમાં ભારે રોષ




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84065.75 ▲ | 485.35 |
| નિફ્ટી | 25867.30 ▲ | 173.60 |
| સોનું | 158259.00 ▲ | 2772.00 |
| ચાંદી | 263377.00 ▲ | 13485 |

**પૂર્વોત્તરનું નવું નસીબ:** મિઝોરમ અને આસામ હવે દિલથી વધુ નજીક આવશે, કાશી-પટના થઈ ગુવાહાટી પહોંચશે હાઈ-સ્પીડ

# અશ્વિની વૈષ્ણવે સાયરંગ-શિલચર ટ્રેનને આપી લીલી ઝંડી




## સાઈરંગ-સિલચર ટ્રેન: મિઝોરમ-આસામ વચ્ચે કનેક્ટિવિટી અને વિકાસ વધશે

**પહાડોમાં ગુંજશે ટ્રેનની સીટી, સ્થાનિક વેપાર અને પર્યટનને મળશે નવી પાંખો**

સાયરંગ-સિલચર પેસેન્જર ટ્રેન મિઝોરમ અને આસામ વચ્ચે રેલ કનેક્ટિવિટીને નોંધપાત્ર રીતે મજબૂતી પૂરી પાડશે. આ સેવાથી સિલચરની સાથે-સાથે મિઝોરમના લોકોને પણ શિક્ષણ, આરોગ્ય સેવા, બજારો અને વહીવટી કેન્દ્રો સુધી બહેતર પહોંચ મળશે. એવી અપેક્ષા છે કે તેનાથી પ્રવાસનને વેગ મળશે, બંને રાજ્યો વચ્ચે ચીજવસ્તુઓનું પરિવહન સુલભ બનશે, મિઝોરમમાં બનેલા માલસામાનને સિલચરના બજારો સુધી પહોંચાડવું શક્ય બનશે અને ખાસ કરીને પહાડી વિસ્તારોમાં રોડ પરિવહન પર નિર્ભરતા ઘટશે.

(એજન્સી) માલીગાંવ । તા. 09

મિઝોરમના માનનીય મુખ્યમંત્રી શ્રી લાલદુહોમા તેમજ માનનીય કેન્દ્રીય રેલ, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે આસામના ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર નવી મુસાફર સુવિધાઓનું ઉદ્‌ઘાટન કર્યું તથા સાયરંગ-સિલચર નવી ટ્રેન સેવાને લીલી ઝંડી બતાવીને શુભારંભ કર્યો. આ શુભ પ્રસંગે આસામના માનનીય સાંસદ (રાજ્યસભા) શ્રી કણાદ પુરકાયસ્થ, માનનીય સાંસદ (લોકસભા) શ્રી પરિમલ શુક્લા વૈદ્ય, મિઝોરમના માનનીય ધારાસભ્ય શ્રી ટીબીસી લાલવેન્છુંગા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ પૂર્વોત્તર ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત કરવા અને મુસાફરોની સુવિધાઓને બહેતર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર નવી મુસાફર સુવિધાઓને મુસાફરોના સમગ્ર પ્રવાસ અનુભવને શ્રેષ્ઠ બનાવવા માટે વિકસિત કરવામાં આવી છે, જેમાં સ્વચ્છ, સુરક્ષિત અને આરામદાયક સુવિધાઓનો સમાવેશ થાય છે, જેમ કે મોર્ડન લાઉન્જ અને સ્લીપિંગ પોડ્સ. આ સુવિધા મહિલા મુસાફરો માટે ખાસ કરીને સ્વચ્છતા અને સુરક્ષિત સુવિધાઓ પણ સુનિશ્ચિત કરે છે અને પૂર્વોત્તરમાં એક ઉત્તમ, મુસાફર-અનુકૂળ સ્ટેશન વાતાવરણ બનાવવામાં યોગદાન આપે છે.

### ભૂતાન સાથે રેલ જોડાણ અને નવા ટ્રેક દ્વારા 'પૂર્વોદય' વિઝન સાકાર થશે

પૂર્વોત્તર માટે દીર્ઘકાલીન વિઝન પર ભાર મૂકતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ઘણી રેલ પરિયોજનાઓ ચાલી રહી છે જે આ ક્ષેત્રમાં કનેક્ટિવિટીને પૂરી રીતે બદલી નાખશે. તેમણે ભૂતાન સાથે કનેક્ટિવિટીને મજબૂત કરવા માટે કોકરાઝારથી ગેલેફુ અને બાનરહાટથી સમત્સે સુધીની પ્રસ્તાવિત નવી રેલ લાઈનો પર ભાર મૂક્યો અને જણાવ્યું કે સેવોક-રંગપો રેલ લાઈન પર કામ પણ તેજીથી આગળ વધી રહ્યું છે. શ્રી અશ્વિની વૈષ્ણવે દોહરાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી 'પૂર્વોદય'ના વિકાસમાં દ્રઢ વિશ્વાસ રાખે છે. આ જ દૃષ્ટિકોણ અંતર્ગત પૂર્વોત્તર ક્ષેત્ર માટે 11,486 કરોડ રૂપિયાનું ઐતિહાસિક રેલ્વે બજેટ ફાળવવામાં આવ્યું છે, જેનાથી અનેક પરિયોજનાઓનું કાર્ય તીવ્ર ગતિએ પ્રગતિ પર છે અને આ ક્ષેત્રની આર્થિક વૃદ્ધિ, ગતિશીલતા અને દેશના બાકીના હિસ્સાઓ સાથેના જોડાણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પરિયોજનાઓ પૂર્વોત્તરમાં રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, સેવાની ગુણવત્તા સુધારવા અને સમાવેશી પ્રાદેશિક વિકાસને મજબૂત કરવા માટે રેલ મંત્રાલયના સતત પ્રયાસોને પ્રદર્શિત કરે છે. અપેક્ષા છે કે આ પહેલોથી અવરજવર, પ્રવાસન, વેપાર અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન મળવાની સાથે-સાથે આ ક્ષેત્ર રાષ્ટ્રીય રેલ નેટવર્કની વધુ નજીક આવશે. આ ટ્રેન શરૂ થવાથી શિક્ષણ અને આરોગ્ય સેવાઓ મેળવવી સરળ બનશે. મિઝોરમના વિદ્યાર્થીઓ કે જેમને સારા અભ્યાસ માટે શિલચર આવવું પડતું હતું અથવા દર્દીઓને સારવાર માટે ભટકવું પડતું હતું, તેમને હવે સસ્તી અને આરામદાયક મુસાફરી મળશે.બજારમાં ચાય-સમોસાની ચર્ચા હોય કે રીક્ષા ચાલકોની વાતો, દરેકના મોઢે એક જ વાત છે - "હવે પહાડોનો રસ્તો ટૂંકો થઈ ગયો છે." દિવાળી અને હોળી જેવા તહેવારોમાં પોતાના ઘરે જવું હવે વધુ સુલભ બનશે.

### પૂર્વોત્તરમાં રેલ ક્રાંતિ : 11 વર્ષમાં 1900 કિમી ટ્રેક, નવી ટ્રેન સેવા શરૂ

સભાને સંબોધિત કરતા મિઝોરમના માનનીય મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે નવી સાયરંગ-સિલચર ટ્રેન સેવાની શરૂઆત મિઝોરમમાં રેલ કનેક્ટિવિટીને ઘણો વેગ આપશે, જેનાથી મુસાફરોને મુસાફરીનો એક ભરોસાપાત્ર, આરામદાયક અને સસ્તો વિકલ્પ મળશે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ સેવા પ્રવાસન અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે, સાથે જ સિલચરમાં શિક્ષણ અને બહેતર તબીબી સુવિધાઓ સુધી પહોંચ સુધરવાથી મિઝોરમના વિદ્યાર્થીઓ અને દર્દીઓને ઘણો લાભ થશે. શ્રી અશ્વિની વૈષ્ણવે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આસામ તેમજ સંપૂર્ણ પૂર્વોત્તરને બહેતર કનેક્ટિવિટી પૂરી પાડવા માટે અનેક નવી રેલ પરિયોજનાઓ પર કાર્ય કરવામાં આવી રહ્યું છે, ઘણી નવી પરિયોજનાઓ શરૂ કરવામાં આવી છે અને લાંબા સમયથી અટવાયેલી અનેક પરિયોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે. તેમણે જણાવ્યું કે છેલ્લા 11 વર્ષોમાં પૂર્વોત્તર રાજ્યોમાં અંદાજે 1,900 કિલોમીટર નવા રેલ્વે ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### મિઝોરમ અને આસામના સંબંધોમાં નવા આયામનો ઉમેરો

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સાયરંગ અને સિલચર વચ્ચે આજે શરૂ કરવામાં આવેલી આ સેવા મિઝોરમ અને આસામના લોકોને મળી રહેલા લાભોમાં એક નવો આયામ ઉમેરી રહી છે. તેમણે જણાવ્યું કે થોડા મહિના પહેલા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સાયરંગ સુધી રેલ કનેક્ટિવિટીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ નવી રેલ સેવાઓ શરૂ કરવામાં આવી અને સરકારને મિઝોરમી કનેક્ટિવિટીને લઈને જનતા તરફથી અત્યંત સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. શ્રી વૈષ્ણવે વધુમાં જણાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી અને માનનીય નાણામંત્રીએ વારાણસી અને પટના થઈને સિલીગુડી સુધી બુલેટ ટ્રેન કોરિડોરના નિર્માણનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે આ કોરિડોર ગુવાહાટી તરફ હાઈ-સ્પીડ રેલ કનેક્ટિવિટીને વધુ આગળ વધારવા માટે ભવિષ્યની સંભાવનાઓ ખોલશે.

# ભારત-અમેરિકા દોસ્તીમાં નવો અધ્યાય

## દવા અને ડાયમંડ પરથી હટશે ટેરિફનું ભારે ભારણ, આગામી પાંચ વર્ષમાં ભારત ખરીદશે અમેરિકી ઉર્જા, સાથોસાથ વધશે રોજગારી

(એજન્સી) અમદાવાદ | તા.09

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી 'ટ્રેડ ડીલ' પર આખરે મહોર વાગી ગઈ છે, પરંતુ તેની સાથે જ રાજકીય ગલિયારાઓમાં સવાલોની આંધી પણ ઉઠી છે. શું ભારત કોઈ દબાણ હેઠળ અમેરિકા પાસેથી તેલ ખરીદી રહ્યું છે? આ સવાલનો જવાબ આપતા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટ અને કડક શબ્દોમાં જણાવ્યું છે કે અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો નિર્ણય કોઈ મજબૂરી નથી, પરંતુ ભારતનું એક અત્યંત સચોટ 'રણનીતિક પગલું' છે. આ નિર્ણય માત્ર કાગળ પરનો કરાર નથી, પણ ભારતના ભાવિને સુરક્ષિત કરવાની એક દીર્ઘદ્રષ્ટિ છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વિરોધ પક્ષો અને કેટલાક જાણકારો એવી આશંકા વ્યક્ત કરી રહ્યા હતા કે વેપાર કરારના ભાગરૂપે ભારત પર અમેરિકી તેલ ખરીદવાની ફરજ પાડવામાં આવી છે. જોકે, પીયૂષ ગોયલે એક ઈન્ટરવ્યુમાં આ વાતોને ધરાર નકારી કાઢી છે.

### 500 અબજ ડોલરના સોદાથી ચમકશે નસીબ



**ઉર્જા સુરક્ષા વધુ મજબૂત બનશે :** ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે કોઈ એક કે બે દેશો પર નિર્ભર રહેવા માંગતું નથી. અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલ, એલએનજી અને એલપીજી ખરીદવાથી આપણી ઉર્જા સુરક્ષા વધુ મજબૂત બનશે અને મનસ્વી ભાવ વસૂલતા સપ્લાયર્સ પરની આપણી આશ્રિતતા ઘટશે. આ ઐતિહાસિક કરાર હેઠળ ભારતને અન્ય વિકાસશીલ દેશોની સરખામણીએ માત્ર 18% ટેરિફનો લાભ મળ્યો છે.

**તેલના બદલામાં તેજી: ભારત-યુએસ મેગા ડીલ :** આનો સીધો અર્થ એ છે કે આપણા કપડાં, ચામડાની વસ્તુઓ, રમકડાં અને હસ્તકલાના કારીગરો માટે અમેરિકાના બજારોમાં લાલ જાજમ બિછાવાશે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે પણ આ સોદાને અસીમ સંભાવનાઓથી ભરેલો ગણાવ્યો છે. આગામી પાંચ વર્ષમાં ભારત 500 અબજ ડોલરના અમેરિકી ઉર્જા ઉત્પાદનો અને આઈટી પ્રોડક્ટ્સ ખરીદશે, જેની સામે અમેરિકા ભારતીય દવાઓ, જેમ્સ એન્ડ જ્વેલરી અને ડાયમંડ પરથી ટેરિફ હટાવી લેશે.

**વેપારમાં વાગશે ભારતનો ડંકો: MSMEs અને યુવાનો માટે ખુલ્યા પ્રગતિના નવા દ્વાર :** આ ટ્રેડ ડીલ માત્ર મોટા ઉદ્યોગપતિઓ માટે નથી, પણ ગામડાના ખેડૂતો, માછીમારો અને શહેરના MSMEs માટે પણ છે. જ્યારે આપણા હીરા અને ઘરેણાં પરથી ટેક્સ હટશે, ત્યારે સુરતના રત્નકલાકારોના ઘરમાં દિવાળી જેવો માહોલ હશે. મંત્રી ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ કરારથી યુવાનો અને મહિલાઓ માટે રોજગારીની લાખો તકો ઉભી થશે.



### સોના-ચાંદીના ભાવમાં ફરી વાર તેજી : એક જ દિવસમાં ચાંદીમાં 17000નો ઉછાળો

મુંબઈ :મજબૂત વૈશ્વિક વલણો અને નબળા ડોલરને પગલે સોમવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે ચાંદીના ભાવમાં છ ટકાથી વધારે ઉછાળો આવ્યો હતો અને ભાવ રૂપિયા 2.72 લાખ પ્રતિ કિલો થઈ ગયા હતા. જ્યારે સોનું આશરે એક ટકા વધી રૂપિયા 1.58 લાખ પ્રતિ દસ ગ્રામ થયું હતું. સ્થાનિક વેપારીઓના જણાવ્યા પ્રમાણે ચાંદીનો ભાવ શુક્રવારના રૂપિયા 2,55,000 પ્રતિ કિલોગ્રામના બંધ ભાવથી રૂપિયા 17,000 અથવા 6.66 ટકા વધીને રૂપિયા 2,72,000 પ્રતિ કિલોગ્રામ થયો છે. 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂપિયા 1,300 અથવા 0.83 ટકા વધીને રૂપિયા 1,58,500 પ્રતિ 10 ગ્રામ થયું છે.

**બ્રિટનમાં મોટી ઉથલપાથલ**

### શબાના મહમૂદ બની શકે છે દેશના પ્રથમ મુસ્લિમ PM

(એજન્સી) લંડન । તા. 09



બ્રિટનના રાજકારણમાં અત્યારે એવો વંટોળ ફૂંકાયો છે કે સત્તાની ખુરશી ગમે ત્યારે પલટાઈ શકે છે. પાંચ વર્ષમાં પાંચ વડાપ્રધાન જોઈ ચૂકેલું યુનાઈટેડ કિંગડમ ફરી એકવાર મોટા ફેરફાર તરફ આગળ વધી રહ્યું છે. એપસ્ટીન ફાઈલના ગંભીર ખુલાસાઓએ વર્તમાન પીએમ કીર સ્ટોર્મરના પાયા હલાવી દીધા છે. લંડનની ગલીઓથી લઈને સંસદ સુધી અત્યારે એક જ નામની ચર્ચા છે – શબાના મહમૂદ. જો બધું જ સમુંસૂતરું પાર ઉતરે, તો બ્રિટનને તેના ઈતિહાસના પ્રથમ મુસ્લિમ વડાપ્રધાન મળી શકે છે, જે એશિયન સમુદાય માટે ગર્વની ક્ષણ હશે. વડાપ્રધાન કીર સ્ટોર્મર પર અત્યારે ચોતરફથી દબાણ વધી રહ્યું છે.

**શબાના મહમૂદ: બ્રિટનની નવી આયર્ન લેડી?**

મિજાજ શબાના મહમૂદની કહાની કોઈ ફિલ્મી પ્લોટ જેવી છે. તેમનું મૂળ પાક કબજા હેઠળના કાશ્મીરના મીરપુર સાથે જોડાયેલું છે. પોતે એક ઈમિગ્રન્ટની દીકરી હોવા છતાં, ઈમિગ્રેશનના મુદ્દે તેમનો મિજાજ અત્યંત આકરો છે. તેમણે બોર્ડર કંટ્રોલ સખત કરવા અને પરમેનન્ટ રેસિડેન્સી માટેની અવધિ 5 થી વધારીને 10 વર્ષ કરવાની હિમાયત કરી છે.

**"અલ્લાહ આપે છે તો લેવામાં શું વાંધો?"**

### AIMIM નેતાનું વિવાદાસ્પદ સૂત્ર: "હમ દો, હમારે દો ડઝન"

(એજન્સી) મુરાદાબાદ । તા. 09



ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં આયોજિત એક જાહેર સભામાં AIMIM ના પ્રદેશ પ્રમુખ શૌકત અલીએ વસ્તી વધારા જેવા સંવેદનશીલ મુદ્દે અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપીને નવો વિવાદ છેડ્યો છે. ભારત સરકારના "હમ દો, હમારે દો" ના સૂત્રની મજાક ઉડાવતા તેમણે નવું સૂત્ર આપ્યું - "હમ દો, હમારે દો ડઝન". શૌકત અલીએ સ્ટેજ પરથી ગર્વભેર જાહેર કર્યું કે તેમના પોતાના ૮ બાળકો છે અને તેમના મોટા ભાઈના ૧૬ બાળકો છે. તેમણે ભીડને સંબોધતા કહ્યું કે જ્યારે અલ્લાહની રહમતથી બાળકો મળી રહ્યા હોય, ત્યારે વસ્તી વધારાની ચિંતા શા માટે કરવી જોઈએ? મુસ્લિમોની વસ્તી વધવાથી દેશ નબળો નહીં પણ વધુ મજબૂત બનશે.

**AIMIMને ભાજપની 'બી-ટીમ' કેવી રીતે કહી શકે?**


તેમણે કટાક્ષ કર્યો કે જે લોકો પોતે અનૈતિક ધંધામાં વ્યસ્ત છે, તેઓ AIMIM ને ભાજપની 'બી-ટીમ' કહેવાની હિંમત કેવી રીતે કરી શકે? આ સાથે જ તેમણે મદરેસાઓ પર થતી કાર્યવાહી અને મોબ લિંચિંગના મુદ્દે પણ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે મુસ્લિમ સમુદાય ટ્રેન કે બસમાં મુસાફરી કરતા પણ ડર અનુભવી રહ્યો છે.

**બંગાળમાં ફાઈનલ મતદાર યાદી પ્રકાશિત કરવાની સમયમર્યાદા સપ્તાહ લંબાવાઈ**

# SIRમાં કોઈ અવરોધ આવવા દઈશું નહીં:SC

(એજન્સી) પટના | તા.09


સુપ્રીમ કોર્ટે સોમવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના SIR સંબંધિત દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરી. કોર્ટે કહ્યું કે આ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની અડચણ સહન કરવામાં આવશે નહીં. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ એનવી અંજારિયાની બેન્ચે કહ્યું કે આ વાત તમામ રાજ્યો માટે છે. જરૂર પડ્યે આદેશો જારી કરવામાં આવશે. આ સાથે કોર્ટે બંગાળ SIRની અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવાની તારીખ 14 ફેબ્રુઆરીથી વધારીને 21 ફેબ્રુઆરી કરી દીધી છે. જ્યારે ચૂંટણી પંચે કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે કેટલાક બદમાશોએ બંગાળમાં SIR સંબંધિત નોટિસ સળગાવી દીધી હતી અને અત્યાર સુધી આ મામલે કોઈ FIR થઈ નથી. કોર્ટે બંગાળના DGP પાસેથી જવાબ માંગ્યો છે. DGP પાસેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે લેવાયેલા પગલાંની માહિતી માગવામાં આવી છે. 4 ફેબ્રુઆરીએ થયેલી સુનાવણીમાં CM બેનર્જીએ કોર્ટમાં દલીલો રજૂ કરી હતી. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પહેલીવાર કોઈ રાજ્યના વર્તમાન મુખ્યમંત્રીએ કોર્ટમાં હાજર રહીને દલીલો રજૂ કરી. સામાન્ય રીતે કેસોમાં સીએમના વકીલ અથવા સલાહકાર જ હાજર રહે છે.



**SIR પ્રક્રિયાની રેખદેખ માટે 80 ગ્રેડ 2 અધિકારીઓ**

ચૂંટણી પેનલ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે રાજ્યે SIR પ્રક્રિયાની દેખરેખ માટે ફક્ત 80 ગ્રેડ 2 અધિકારીઓ પૂરા પાડ્યા છે. દ્વિવેદીએ એમ પણ કહ્યું કે આ કવાયત માટે પશ્ચિમ બંગાળ સરકારે ફક્ત નીચલા-ક્રમના સરકારી કર્મચારીઓ, જેમ કે આંગણવાડી કાર્યકરોને પૂરા પાડ્યા હતા. બેનર્જીએ ECના આરોપોનો ખંડન કર્યો હતો અને કહ્યું હતું કે રાજ્યે તે જ પૂરું પાડ્યું હતું.

**SIRના વિરોધમાં મમતાએ 26 કવિતાઓની પુસ્તક લખી :** મમતા બેનર્જીએ SIR વિરુદ્ધ વિરોધનો એક અલગ રસ્તો અપનાવ્યો છે. તેમણે આ મુદ્દા પર આધારિત 26 કવિતાઓની એક પુસ્તક લખી છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીતમાં મુખ્યમંત્રીએ દાવો કર્યો કે તેમણે આ પુસ્તક યાત્રા દરમિયાન માત્ર ત્રણ દિવસમાં લખી. તેમણે કહ્યું કે તેમના નામે અત્યાર સુધીમાં 163 પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. મમતા બેનર્જીએ એમ પણ કહ્યું કે તેઓ ન તો પૂર્વ સાંસદ તરીકે પેન્શન લે છે અને ન તો મુખ્યમંત્રી તરીકે પગાર, પરંતુ પુસ્તકો અને અન્ય રચનાત્મક કાર્યોમાંથી મળતી રોયલ્ટીથી પોતાના અંગત ખર્ચ ચલાવે છે. તૃણમૂલ કોંગ્રેસના સ્થાપક મમતા બેનર્જી સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં ખૂબ સક્રિય રહ્યા છે. તેઓ કવિતા, વાર્તા, નિબંધ અને રાજકીય લેખન ઉપરાંત પેઈન્ટિંગ અને ગીત લેખન માટે પણ જાણીતા છે.



**મમતા કાળી શાલ ઓઢીને મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યા :** મમતા બેનર્જીએ સોમવારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વિરુદ્ધ કાળી શાલ ઓઢીને દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી હતી. તેમની સાથે SIR પ્રભાવિત 13 પરિવારો અને TMCના નેતાઓ પણ હતા. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે મમતાએ પોતાના મુદ્દા CECને જણાવ્યા, પરંતુ તેમનો જવાબ સાંભળ્યા વિના જ નારાજ થઈને ચાલ્યા ગયા. મુલાકાત પછી મમતાએ કહ્યું, "હું ખૂબ દુ:ખી છું. હું દિલ્હીની રાજનીતિમાં લાંબા સમયથી સક્રિય છું. મેં આજ સુધી આવો અહંકારી અને જૂઠો ચૂંટણી કમિશનર જોયો નથી. તેઓ એવી રીતે વાત કરે છે જાણે કે તેઓ જમીનદાર હોય અને અમે નોકર.

**પંજાબની લૉ કોલેજમાં વેલેન્ટાઇન વીકમાં પ્રપોઝ રિજેક્ટ કરતાં**

### વિદ્યાર્થિનીને માથામાં ગોળી મારી પોતે પણ સુસાઈડ કર્યું

(એજન્સી) તરનતારન | તા.09

પંજાબના તરનતારન સ્થિત લો કોલેજમાં આજે (9 ફેબ્રુઆરીએ) એક વિદ્યાર્થીએ ક્લાસરૂમમાં ઘૂસીને એક વિદ્યાર્થિનીની ગોળી મારીને હત્યા કરી દીધી. આ પછી તેણે પોતાને પણ ગોળી મારીને ત્યાં જ આત્મહત્યા કરી લીધી. હત્યા અને આત્મહત્યાની આ ઘટના પછી ક્લાસરૂમમાં હડકંપ મચી ગયો. મૃતક વિદ્યાર્થિની સંદીપ કૌર (ઉં.વ.20) છે, તે લો કોલેજમાં ફર્સ્ટ યરની વિદ્યાર્થીની હતી. જ્યારે આરોપી વિદ્યાર્થી તરનતારનનો અભિરાજ સિંહ છે, તે પણ વિદ્યાર્થિની સાથે ભણતો હતો. પોલીસે આખી લો કોલેજને સીલ કરી દીધી છે, પોલીસ હત્યાનાં કારણોની તપાસ કરી રહી છે. જ્યારે છોકરીની માતાએ આરોપ લગાવ્યો કે કોલેજમાંથી તેમને કહેવામાં આવ્યું કે નાનો ઝઘડો થયો છે અને તેમની દીકરીને ઈજા થઈ છે. તેઓ કોલેજ પહોંચ્યા ત્યારે દીકરી મૃત હાલતમાં પડી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હજુ ઘટના પાછળનું કારણ સામે આવ્યું નથી. પ્રાથમિક દૃષ્ટિએ તેને એકતરફી પ્રેમ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. પોલીસને શંકા છે કે યુવકે વેલેન્ટાઈન વીકમાં 8 ફેબ્રુઆરીએ વિદ્યાર્થિનીને પ્રપોઝ કર્યું હતું, પરંતુ તેણે ઈનકાર કરી દીધો. જ્યારે વિદ્યાર્થિની રાજી ન થઈ તો વિદ્યાર્થીએ આ પગલું ભર્યું.



અમદાવાદ કસ્ટમ્સ દ્વારા કુલ 601.940 ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જેની કુલ બજાર કિંમત 96,06,962 થાય છે

# આ અન્ડરવેર સોનાનું છે, નીકળ્યું 45 લાખનું સોનું : દુબઈથી આવેલો શખસ એરપોર્ટ પર 96 લાખના ગોલ્ડ સાથે ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખસ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું છે. આ શખસે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું, જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું, પરંતુ કસ્ટમ્સ વિભાગને એરપોર્ટ પર શખસની શંકાસ્પદ હિલચાલના આધારે તેની તપાસ કરતાં આ અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો અને અધિકારીઓ પણ સોનાને છુપાવવાની આ પદ્ધતિ અને સંપૂર્ણ સોનાનું અંડરવેર જોઈને દંગ રહી ગયા હતા.અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ સોનાની દાણચોરીના એક રેકેટનો પર્દાફાશ કર્યો છે. કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ દુબઈથી સ્પાઈસજેટની ફ્લાઈટ નંબર SG-016થી અમદાવાદ પહોંચેલા એક શખસને અટકાવીને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન શખસ પાસેથી 24 કેરેટ શુદ્ધતાની બે આખી સોનાની લગડીઓ અને એક કાપેલી લગડી મળી હતી. આ સોનાનો જથ્થો મુસાફરે ચાલાકીપૂર્વક પોતાના ખિસ્સામાં રાખેલા પર્સમાં છુપાવ્યો હતો. આ જપ્ત કરાયેલા 324.140 ગ્રામ સોનાની અંદાજિત બજાર કિંમત 51,73,274 જેટલી થાય છે. કસ્ટમ્સના અધિકારીઓને શખસની હિલચાલ પર શંકા જતાં તેની ઊંડાણપૂર્વક તપાસ કરી હતી. એમાં જાણવા મળ્યું હતુ કે શખસે સોનાને પેસ્ટના સ્વરૂપમાં ફેરવીને તેણે પહેરેલા અન્ડરવેરમાં છુપાવ્યું હતું. આ પેસ્ટ પર રાસાયણિક પ્રક્રિયા કર્યા બાદ 277.800 ગ્રામ શુદ્ધ સોનું (24 કેરેટ) પ્રાપ્ત થયું હતું, જેની કિંમત અંદાજે 44,33,688 આંકવામાં આવી છે. આમ, અમદાવાદ કસ્ટમ્સ દ્વારા કુલ 601.940 ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જેની કુલ બજાર કિંમત 96,06,962 થાય છે. અધિકારીઓએ કસ્ટમ્સ એક્ટ, 1962ની વિવિધ જોગવાઈઓ હેઠળ આ મુદ્દામાલ જપ્ત કરી શખસની અટકાયત કરી છે.



# ગાંધીધામ-આદીપુર રેલવે સેક્શનમાં ચૌહરિકરણ કરવાના કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ (Quadrupling) પરિયોજના હેઠળ ગાંધીધામ કેબિન-આદીપુર સ્ટેશનો વચ્ચે કમીશનીંગથી સંબંધિત સૂચિત (TWO) કામને લીધે 13 ફેબ્રુઆરી 2026 સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ કેબિન અને આદીપુર સ્ટેશનો વચ્ચે ચારગણા (Quadrupling) કમીશનીંગનું કામ પ્રગતિ પર છે. આ પરિયોજના ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે, જેનાથી ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે.અમદાવાદ મંડળ દ્વારા પરિયોજનાને સમય-સીમામાં પૂર્ણ કરવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પહેલ ભારતીય રેલવેની આધુનિક, ઝડપી અને વિશ્વાસપાત્ર રેલવે સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પૂર્ણરૂપે રદ ટ્રેનો : 1. ટ્રેન નંબર 19405/19406 પાલનપુર-ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ 13 ફેબ્રુઆરી 2026 સુધી રદ રહેશે. 2. ટ્રેન નંબર 12965 બાન્દ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ 10 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.3. ટ્રેન નંબર 12960 ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ 09 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.4. ટ્રેન નંબર 09415/09416 બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ 12 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.5. ટ્રેન નંબર 22952 ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ 12 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.6. ટ્રેન નંબર 22951 બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ એક્સપ્રેસ 13 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.7. ટ્રેન નંબર 09010 ભુજ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ 09 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.8. ટ્રેન નંબર 09011 બાન્દ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ 10 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.9. ટ્રેન નંબર 09012 ભુજ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ 11 ફેબ્રુઆરી 2026 ના રોજ રદ રહેશે.આંશિક રદ ટ્રેનો : 1. ટ્રેન નંબર 20908 ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ 9 ફેબ્રુઆરી 2026 ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.2. ટ્રેન નંબર 22955 બાન્દ્રા ટર્મિનસ-ભુજ કચ્છ એક્સપ્રેસ 9 ફેબ્રુઆરી 2026 ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે. 3. ટ્રેન નંબર 22956 ભુજ-બાન્દ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ 10 ફેબ્રુઆરી 2026 ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે. 4. ટ્રેન નંબર 14321/14311 બરેલી-ભુજ એક્સપ્રેસ 09 ફેબ્રુઆરી 2026 ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા 10 અને 11 ફેબ્રુઆરી 2026 ના રોજ સામાખ્યાલી અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

# અમેરિકા સાથેની ટ્રેડ ડીલ મુદ્દે દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી અને AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ ઉઠાવ્યા અનેક સવાલ

અમદાવાદ | અમેરિકા સાથેના વેપાર કરારના મુદ્દે દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી અને આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતુ કે આજે સમગ્ર દેશમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે કે ભારતની કેન્દ્ર સરકારએ અમેરિકા સાથે આ ટ્રેડ ડીલ શા માટે કરી? સરકાર કહે છે કે આથી ભારતને ફાયદો થશે. સરકાર દાવો કરી રહી છે કે અમેરિકા સાથે એવો વેપાર કરાર થયો છે, જે ન તો ઈતિહાસમાં ક્યારેય થયો છે, ન હાલમાં છે અને ન ભવિષ્યમાં થશે. સરકાર કહે છે કે નાચો, ગાવો, ઝૂમો, તાળી વગાડો, થાળી વગાડો અને મીઠાઈઓ વહેંચો, પરંતુ લોકો ખુશ નથી. આવું કેમ થઈ રહ્યું છે? આજે દેશની રાજધાની દિલ્હીથી લઈને ભારતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં ફેલાયેલા ગામડાંઓ સુધી લોકોના મનમાં પ્રશ્ન છે કે આખરે ભારત સરકારે અચાનક અમેરિકા સાથે આ કરાર શા માટે કર્યો? શું આ વેપાર કરારથી ભારતને ફાયદો થશે કે નુકસાન? આ કરારમાં અમેરિકાને શું ફાયદો છે? અમેરિકા આટલું ખુશ કેમ છે? લોકોના મનમાં આ પ્રશ્ન પણ છે કે શું આ કરાર સમાનતાનો છે કે પછી અમેરિકાએ આદેશ આપીને દબાણ બનાવી ભારત પર આ ટ્રેડ ડીલ લાદી છે અને આપણે મજબૂરીમાં મીઠાઈઓ વહેંચી રહ્યા છીએ?વધુમાં AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ જણાવ્યું હતું કે, લોકોના મનમાં આ પ્રશ્ન પણ છે કે જ્યારે ભારતના માલ પર અમેરિકા ત્રણ ટકા પરથી વધારીને અઢાર ટકા સુધી ટેરિફ લગાવી રહ્યું છે.

# ખનનમાફિયામાં ભય વ્યાપ્યો : ભૂસ્તર તંત્રની ભૂમાફિયા સામેની કાર્યવાહીથી 12.46 કરોડની આવક

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનિજ ચોરી અટકાવવા માટે જિલ્લા ભૂસ્તર તંત્ર દ્વારા વર્ષ 2025 દરમિયાન વ્યાપક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુલ 656 કેસ નોંધાયા છે અને દંડ તથા વસૂલાત રૂપે રૂ. 12.46 કરોડની આવક થઈ છે. ગયા વર્ષ 2024 ની સરખામણીએ કેસોની સંખ્યા તેમજ સરકારી આવક બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનિજ ચોરી સામે જિલ્લા ભૂસ્તર તંત્ર દ્વારા વર્ષ 2025 દરમિયાન સતત અને સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાત્રિ અને વહેલી સવારના સમયે નદીના પટમાંથી તેમજ રોડ પર થતા ગેરકાયદેસર ખનન પર નજર રાખી કાર્યવાહી કરવામાં આવી હતી.

ભૂસ્તર તંત્રની માહિતી મુજબ વર્ષ 2025 દરમિયાન જિલ્લામાં કુલ 656 કેસ નોંધવામાં આવ્યા છે. આ તમામ કેસોમાંથી દંડ અને વસૂલાત રૂપે રાજ્ય સરકારને રૂ. 12.46 કરોડની આવક થઈ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ આંકડો ગયા વર્ષોની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે. ગત વર્ષ 2024 દરમિયાન ગાંધીનગર જિલ્લામાં કુલ 283 કેસ નોંધાયા હતા, જેમાંથી રૂ. 3.10 કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

તેની સરખામણીએ વર્ષ 2025માં કેસોની સંખ્યા તેમજ આવક બંનેમાં મોટો વધારો થયો છે. ભૂસ્તર તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે કે આ સફળતા પાછળ મહિલા અધિકારીઓની ટીમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. સામાન્ય રીતે ગેરકાયદેસર ખનન સામે કાર્યવાહી કરવી મુશ્કેલ માનવામાં આવે છે, પરંતુ ગાંધીનગર જિલ્લામાં મહિલા અધિકારીઓએ નદીના પટમાં ઉતરીને તેમજ રાત્રિ દરમિયાન પણ સઘન ચેકિંગ કરીને કાર્યવાહી કરી છે. ખાસ કરીને સાબરમતી નદીના કિનારે થતું ગેરકાયદેસર ખનન અટકાવવા માટે સતત નજર રાખવામાં આવી હતી. આ ઉપરાંત હાઈવે પર ઓવરલોડિંગ અને ગેરકાયદેસર વાહન વ્યવહાર અટકાવવા માટે નિયમિત રોડ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું.

## અંજાર ખાતે પ.પૂ.શ્રી ધણી માતંગદેવની ૧૨૭૩ મી જન્મ જયંતિ ભવ્ય રીતે ઉજવાઈ

મહેશ એલ. સોની | નખત્રાણા | શ્રી મતિયા નગર યુવા ગ્રુપ, અંજાર દ્વારા તા. ૦૪.૦૨.૨૦૨૬ના રોજ પ.પૂ. શ્રી ધણી માતંગ દેવની ૧૨૭૩મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.સાંજે મતિયા નગરથી પ.પૂ મતિયાદેવ મંદિર સુધી યોજાયેલા ભવ્ય સામૈયામાં શ્રી ખીમજીદાદા ધનજીદાદા માતંગ પૂજારી શ્રી બગથડાયાત્રા ધામ, શ્રી નવીનદાદા દેવજીદાદા માતંગ, શ્રી કિશોરભાઈ આત્મારામ મારાજ અને શ્રી લક્ષ્મણદાદા દેવરાજદાદા માતંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **આર્ષકુમાર નવનિતભાઈ માહ્યાવંશી** હતું
જે બદલીને નવું નામ:- **આર્શ નવનીતભાઈ માહ્યાવંશી** રાખેલ છે.
જેની નોંધ લેવી.
**લી. આર્શ નવનીતભાઈ માહ્યાવંશી**

**સરનામું :-** માહ્યાવંશી ફળીયા, બાપા સીતારામ માર્ગ, બલીઠા, વાપી ,તા. વાપી, ડી: વલસાડ - ૩૯૬૧૯૧, ગુજરાત.

**हैतुक दर्शित करने के लिए सूचना**
साधारण प्रारूप
( व्यव्हार प्रक्रिया संहिता पहली अनुसूची संख्या 4 )
**समक्ष पारिवारिक न्यायालय**
**क्रम संख्या -4, जयपुर महानगर, जयपुर**
तृप्ति भाटी बनाम महेन्द्र सिंह

नाम / प्रार्थनापत्र बाबत धारा 13 हिन्दू विवाह अधिनियम
प्रार्थनापत्र संख्या 187 / 2025.
सी.आई.एस. नं. 876 /2025

नाम महेंद्र सिंह पुत्र श्री राजेन्द्र सिंह सिसोदिया, उम्र 41 वर्ष, निवासी 59, कृष्ण पार्क सोसायटी, पुनीत नागर क्रोसिंग, B/H शिव पार्क, घोडासर, अहमदाबाद सिटी, अहमदाबाद, गुजरात - 380050, मो.नं. 8306334026, 9904286699

उक्त तृप्ति भाटी ने इस न्यायालय में उक्त आवेदन किया है |

अतः आपको चेतावनी दी जाती है कि आप आवेदन के विरुद्ध हैतुक दर्शित करने के लिए दिनांक 02 माह 04 सन 2026 को 10.30 ए.एम. बजे पूर्वान्ह में स्वयं या अपने प्लीडर द्वारा लिखे समयक रूप से अनुदेश किया गया हो | उपसंजात हो | यदि ऐसा करने में असफल रहेगे तो उक्त आवेदन की सुनवाई और उसका निपटारा एक पक्षीय रूप से किया जायेगा |

यह आज दिनांक 05 माह 02 सन 2026 मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा लगाकर दी गई |

मुदांक
सत्यमेव जयते
05.02.26
न्यायाधीश
पारिवारिक न्यायालय क्रम-4
जयपुर महानगर प्रथम

# RTO દ્વારા દંડનીય કાર્યવાહી : એક વર્ષમાં ઓવર સ્પીડિંગના 20456 કેસમાં રૂ. 47.35 કરોડનો દંડ કરાયો

ગાંધીનગર | ગાંધીનગરમાં પણ હવે ઈ ચલણની શરૂઆત થઈ ગઈ છે. બેફામ ડ્રાઈવિંગ કરતા અને ટ્રાફિકના નિયમો તોડનારા સામે આરટીઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગાંધીનગરમા વર્ષ 2025માં 93 હજારથી વધુ ઈ-ચલન અપાયા હતા. તેમાંથી 3.29 કરોડની આવક આરટીઓને થઈ છે.ગાંધીનગરમાં વર્ષ 2025 દરમિયાન ટ્રાફિક નિયમો તોડનારાઓ સામે ટ્રાફિક પોલીસે કડક વલણ અપનાવ્યું છે,આંકડાઓ પર નજર કરીએ તો આખા વર્ષમાં કુલ 93,461 ઈ-ચલન આપવામાં આવ્યા હતા. જોકે તેમાંથી અત્યાર સુધીમાં માત્ર 48,790 ચલાનનો જ નિકાલ થયો છે ,જ્યારે મોટી સંખ્યામાં લોકોએ હજુ સુધી દંડ ભર્યો જ નથી. આ કાર્યવાહીથી સરકારને કુલ રૂ.32.94 કરોડની આવકથઈ છે. આંકડાઓ પ્રમાણે હેલ્મેટ વગર વાહન ચલાવવાના સૌથી વધુ 31,758 કેસ નોંધાયા છે,પરંતુ તેમાંમાંથી માત્ર 10,305 લોકોએ જ દંડ ભર્યો છે,જેના કારણે સરકારને અંદાજે રૂ.5.15 કરોડની આવક થઈ છે. તે બાદ ઓવર સ્પીડિંગના 20,456 કેસ નોંધાયા છે,આ ગુનામાં કુલ રૂ. 47.35 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો, પરંતુ માત્ર 6,600 લોકોએ જ મેમાની રકમ ભરી છે. જેથી ફક્ત રૂ.14.79 કરોડની જ વસુલાત થઈ છે. કાર ચાલકોમાં સીટ બેલ્ટ ન પહેરવાના 16,344 કેસ સામે આવ્યા છે,જેમાંથી મોટા ભાગના કેસનો નિકાલ થતા રૂ.7.20 કરોડની આવક થઈ છે,બાઈક પર એકથી વધુ સવારી લઈ જવાના 10,171 કેસ નોંધાયા છે, જેમાંથી રૂ. 9.59 લાખની વસુલાત કરવામાં આવી છે. તેના સિવાય જોખમી રીતે ડ્રાઈવિંગ કરવુ, ટ્રાફિક સિગ્નલ તોડવા, લાઈસન્સ વગર વાહન ચલાવવું, વીમા વગર વાહન ચલાવવું, ફિટનેસ સર્ટિફિકેટ વગરના વાહનો તેમજ નોંધણી વગરના વાહનો સામે કાર્યવાહી કરાઈ છે.



# News Brief

## સાબરમતી-જૈસલમેર એક્સપ્રેસ પોકરણ-જૈસલમેર વચ્ચે આંશિક રદ રહેશે

અમદાવાદ | ઉત્તર પશ્ચિમ રેલ્વેના જોધપુર ડિવિઝનમાં જેસલમેર યાર્ડ કમિશનિંગ અને કોચિંગ મેન્ટેનન્સ ફેસિલિટી ડેવલપમેન્ટના સંદર્ભમાં નોન-ઈન્ટરલોકિંગ કામના કારણે સાબરમતી-જૈસલમેર એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. તેની વિગત નીચે મુજબ છે:

25 ફેબ્રુઆરી 2026ની ટ્રેન નંબર 20492 સાબરમતી-જૈસલમેર એક્સપ્રેસ પોકરણ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને પોકરણ-જૈસલમેર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

26 ફેબ્રુઆરી 2026ની ટ્રેન નંબર 20491 જૈસલમેર-સાબરમતી એક્સપ્રેસ પોકરણ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને જૈસલમેર-પોકરણ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન શકે છે.

## જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે તા.૧૨ ફેબ્રુઆરીના નિઃશુલ્ક મોઢા તથા ગળાના કેન્સર સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા.૯ તમાકુના વ્યસનને લીધે થતા મોઢાના કેન્સર તથા ગળાના કેન્સરનો સ્ક્રિનિંગ એટલે કે નિદાન કેમ્પનું આયોજન સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે તા.૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ વાગ્યાથી બપોર ના ૧ વાગ્યા સુધી કાન,નાક ,ગળાના વિભાગ ની ઓપીડી, રૂમ નંબર ૨૧૪ , બીજો માળ, સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે યોજાનાર છે. મોઢાના કેન્સરનું સમયસર વહેલું નિદાન એટલે કે શરૂઆતના તબક્કામાં જો નિદાન કરવામાં આવે તો તેનો સંપૂર્ણ ઈલાજ અને સારવાર શક્ય છે. શરૂઆતના તબક્કાના કેન્સરની સારવાર પણ સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે થઈ શકશે તેમ નિષ્ણાત કેન્સર સર્જન ડોક્ટર (Oncosurgeon), કાન, નાક, ગળાના વિભાગના ડોક્ટર, (ENT સર્જન) તથા જનરલ સર્જરીના ડોક્ટર દ્વારા આ નિદાન કેમ્પમાં સેવા આપવામાં આવશે. વધુમાં વધુ લોકોને અને ખાસ કરીને જેમને તમાકુનું વ્યસન છે તેવા લોકોને આ નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ ઉજવાશે

અમદાવાદ | શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન અમદાવાદ દ્વારા શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ તારીખ ૧૪ થી ૧૬ ફેબ્રુઆરી સુધી ભવ્યતાથી ઉજવાશે. ત્રી દિવસીય આ પર્વમાં શ્રી સ્વામીનારાયણ ડિવાઈન મિશન કે જે સામાજિક કાર્યો જેવા કે નિ:શુલ્ક સારવાર, નિ:શુલ્ક વાંચનાલય, વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક ચોપડાઓનું વિતરણ જેવા સમાજલક્ષી કાર્યો કરે છે. તેના સ્થાપક અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈનો પ્રાગટ્ય દિન પણ સત્સંગ બ્રહ્મયજ્ઞ ખાતે ઉજવાશે. આ પ્રસંગે સદગુરુ પૂજ્ય શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મહંતશ્રી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતપુર) શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી અને પૂજ્યશ્રી નારાયણભાઈએ સમજાવેલ શિક્ષાપત્રીના રહસ્યસારની કથા પારાયણનો લાભ આપશે. શિક્ષાપત્રી રહસ્યસારની પોથીયાત્રા ડિવાઈન મિશન થી બ્રહ્મયજ્ઞ સ્થળ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે જશે. તથા તારીખ ૧૪મી રાત્રે ૮:00 વાગ્યે ભવ્ય રાસોત્સવ યોજાશે આ સત્સંગ બ્રહ્મયજ્ઞમાં અનેક ધામોના સંતો-મહંતો તેમજ દેશ-વિદેશથી હરિભક્તો પધારશે.

## મુન્દ્રા તાલુકાના બારોઈ રોડ ઉપર આવેલી રૂદ્રાક્ષ જ્વેલર્સમાં ધોળા દિવસે બન્યો લૂંટનો બનાવ.

મહેશ એલ. સોની | નખત્રાણા | એક સમયે શાંત વિસ્તારની છબી ધરાવતા કચ્છમાં હાલ સમયાંતરે ક્રાઈમની ઘટનાઓ બનતા કચ્છ હાલ બિહાર બનવા જઈ રહ્યું છે. કચ્છમાં મોટી મોટી કંપનીઓની સંખ્યા વધતા કચ્છ બહાર ના લોકોની સંખ્યા પણ વધી રહી છે.છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં ક્રાઈમના બનાવોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતાં લોકોની સુરક્ષા જોખમાઈ છે.

આજ રોજ તા ૯ ફેબ્રુઆરીના રોજ મુન્દ્રા તાલુકાના બારોઈ રોડ પર આવેલી એક જવેલર્સની દુકાનને ધોળે દિવસે નિશાન બનાવાઈ હતી.

આજે ધોળા દિવસે બનેલી આ ઘટનામાં રાજેન્દ્રભાઈ પાટડિયાની રૂદ્રાક્ષ જ્વેલર્સ નામની પેઢીમાં આ ઘટના ઘટી હતી.

ધમધમતા રોડ ઉપર બપોરના સુમારે ચાર ઈસમો લૂંટ કરવાના ઈરાદથી દુકાન અંદર પ્રવેશ્યા હતા. જોકે દુકાનદારે સમય સૂચકતા દાખવી એક લૂંટારાને પકડી પાડ્યો હતો. પોતાનો સાથી પકડાઈ જતાં ભય ફેલાવવાના ઈરાદાથી અન્ય શખ્સોએ ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યું હતુ. આ બનાવથી સમગ્ર એરિયામાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ મુન્દ્રા પોલીસે આરોપીની ધરપકડ કરી કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

## જૂનાગઢમા મહાશિવરાત્રીનો મેળો શરૂ થયા પૂર્વે સાધુ સંતો સહિતના લોકોના આરોગ્યની તંત્ર દ્વારા લેવાતી કાળજી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯ મહાશિવરાત્રીના મેળો શરૂ થયા પૂર્વે સાધુ સંતો ઉપરાંત ઉતારા મંડળના સંચાલકો અને સ્વયંસેવકોના આરોગ્યની કાળજી લેવામાં આવી રહી છે, આજે વહીવટી તંત્રની ૩ આરોગ્ય ટીમ સાધુ સંતોના ધુણા અને આશ્રમમાં જઈ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહાશિવરાત્રીના મેળામાં ભોજન સેવા માટે આવતા ઉતારા મંડળોના સંચાલકો અને સ્વયંસેવકોનું પણ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રી ડો.રવિ ડેડાણીયાએ જણાવ્યું હતું કે, મહાશિવરાત્રીનો મેળો શરૂ થયા પૂર્વે સાધુ સંતો, ઉતારા મંડળના સંચાલકો સ્વયંસેવકો વગેરેની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જેમાં બ્લડ પ્રેશર અને સુગર લેવલ એટલે કે ડાયાબિટીસ નું પણ ચેકઅપ કરવામાં આવ્યું હતું, ઉપરાંત આવશ્યકતા મુજબ જરૂરી પ્રાથમિક સારવાર અને દવાઓ પણ આપવામાં આવી હતી. સાથે જ આશ્રમો અખાડામાં અન્ય આરોગ્યલક્ષી કાળજી રાખવા માટે જરૂરી માહિતી આપવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું કે, નાકોડા આરોગ્ય કેન્દ્ર ખાતે સાધુ સંતો અને ભાવિકોની આરોગ્ય સેવાઓ માટે આઈસીયુ સહિતની સુવિધા ઓથી સજ્જ છે. ઉલ્લેખનીય છે કે, મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોને જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે મહાશિવરાત્રીના મેળા વિસ્તાર, પાર્કિંગ, ગીરનાર સીડીઓ સહિત જુદી જુદી જગ્યાએ હંગામી દવાખાનાઓ પણ ઊભા કરવામાં આવ્યા છે.

## મહેમદાવાદ સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિર પર ૧૦૮ ફુટની ધજાનુ આરોહણ કર્યું



અશેષ વ્યાસ | ખેડા

મહેમદાવાદ પાસે વાત્રક નદીના કિનારે આવેલા સુપ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક દેવ સ્થાન મંદિર ખાતે ખુબ ધામધૂમથી 108 ફૂટ લાંબી ધજા આરોહણ કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે મોટા મંદિર લીંબડીના પૂજ્ય લલિત કિશોર બાપુ તથા ડાકોર સ્થિત દંડી સ્વામી આશ્રમ ના મહંત પૂજ્ય વિજયદાસજી મહારાજ ની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો હતો આ પ્રસંગે સિદ્ધિવિનાયક મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પુરોહિતે મહાનુભાવોનું ખેસ ઓઢાડી બહુમાન કર્યું હતું. કાર્યક્રમમાં મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ તથા મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર મંડળના સતર્ક લોકો પાયલટે 10 સિંહોના ઝૂંડને ટ્રેનની ચપેટમાં આવતાં બચાવ્યા

ભાવનગર | ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંડળના નિર્દેશ અનુસાર ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાયલટો નિર્ધારિત ગતિનું પાલન કરતાં વિશેષ સતર્કતા સાથે પોતાની ફરજ નિભાવી રહ્યા છે. લોકો પાયલટોની સતર્કતા તથા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સારો સમન્વયના પરિણામે ગયા નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159 સિંહોના પ્રાણ બચાવવામાં સફળતા મળી હતી. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષ 2025-26માં અત્યાર સુધીમાં 101 સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે તારીખ 09 ફેબ્રુઆરી, 2026 (સોમવાર)ના રોજ લોકો પાયલટ શ્રી રામાવતાર મીના, મુખ્યાલય-જૂનાગઢ તથા સહાયક લોકો પાયલટ શ્રી સોનુ શર્મા, મુખ્યાલય-જૂનાગઢે સાસણગીર-કાંસિયાનેશ સેકશનમાં કિલોમીટર નં. 117/03 થી 117/01 વચ્ચે અચાનક રેલવે ટ્રેક પર 10 સિંહોના ઝૂંડને જોયો. ત્યારબાદ તેમણે ટ્રેન નંબર 52955 વેરાવળ-જૂનાગઢ પેસેન્જર ટ્રેનને તરત જ ઈમરજન્સી બ્રેક લગાવી સુરક્ષિત રીતે રોકી દીધી.લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) શ્રી સંજય દિક્ષિત, મુખ્યાલય-જૂનાગઢને તાત્કાલિક જાણ કરવામાં આવી.

**અતુલ કુમાર ત્રિપાઠી**
**વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક**
**પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ**

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### આ પવિત્ર માટીમાંથી દીક્ષા લેનારા 18 જેટલા મહાત્માઓ જૈન શાસનના સર્વોચ્ચ 'આચાર્ય' પદ સુધી પહોંચ્યા

# છાણી ગામમાં સંયમનો સૂર્યોદય 200 પરિવાર, 300 દીક્ષા, એન્જિનિયર યુવતી વૈરાગ્યના પંથે

(એજન્સી) વડોદરા । તા. 09

ગુજરાતની સંસ્કારી નગરી વડોદરાનું છાણી ગામ આજે માત્ર રાજ્યમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતના જૈન સમાજમાં ત્યાગ અને સંયમના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. આ એક એવું વિરલ ગામ છે જ્યાં ૨૦૦ જૈન પરિવારો વચ્ચે અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ દીક્ષા થઈ ચૂકી છે. આ ગૌરવશાળી પરંપરામાં હવે એક નવું પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. ૧૦ વર્ષના લાંબા વિરામ બાદ, છાણી ગામની વતની અને ઉચ્ચ શિક્ષિત એન્જિનિયર યુવતી વિશ્વા શાહે ભૌતિક સુખ-સુવિધાઓનો ત્યાગ કરી સંયમનો માર્ગ અપનાવવાનો મક્કમ નિર્ણય કર્યો છે.

### એન્જિનિયરિંગની ડિગ્રી અને વૈરાગ્યનો અનુસંધાન

આજના આધુનિક યુગમાં જ્યારે યુવા પેઢી લાખોના પેકેજ અને વૈભવી કારકિર્દી પાછળ દોડી રહી છે, ત્યારે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગનો અભ્યાસ કરનાર મુમુક્ષુ વિશ્વાએ આધ્યાત્મિકતાનો માર્ગ પસંદ કર્યો છે. ધર્મેશભાઈ શાહ અને શિલ્પાબેનની પુત્રી વિશ્વાએ સાબિત કરી દીધું છે કે સાચું સુખ ભૌતિકતામાં નહીં પણ આત્મિક શાંતિમાં છે. વિશ્વાના આ વૈરાગ્યપૂર્ણ નિર્ણયને તેના પરિવારજનોએ પણ અત્યંત ગૌરવ સાથે આવકારીને તેને સંયમ જીવનમાં પ્રવેશવાની અનુમતિ આપી છે.

### ત્યાગની મિસાલ: દરેક ઘર દીક્ષાનું સરનામું

છાણી ગામની વિશેષતા એ છે કે અહીં કદાચ જ એવું કોઈ જૈન પરિવાર હશે જેણે પોતાના સંતાનને રાષ્ટ્ર અને ધર્મના ચરણે અર્પણ ન કર્યા હોય. ગામના વડીલો અને પૂજ્ય આચાર્યોના જણાવ્યા મુજબ, આ નાનકડી ભૂમિએ અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ સાધુ-સાધ્વી ભગવંતો આપ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ પવિત્ર માટીમાંથી દીક્ષા લેનારા ૧૮ જેટલા મહાત્માઓ જૈન શાસનના સર્વોચ્ચ 'આચાર્ય' પદ સુધી પહોંચ્યા છે, જે છાણીની આધ્યાત્મિક સમૃદ્ધિનું જીવંત ઉદાહરણ છે.



### શાંતિનાથ ભગવાનનું જિનાલય: શ્રદ્ધા અને માનતાનું કેન્દ્ર

છાણી ગામમાં સ્થિત ૧૬મા તીર્થંકર ભગવાન શ્રી શાંતિનાથનું ૧૩૧ વર્ષ જૂનું પ્રાચીન જિનાલય દેશભરના મુમુક્ષુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. એવી પ્રબળ માન્યતા છે કે અહીં ભગવાનના શરણમાં આવવાથી દીક્ષાના માર્ગમાં આવતા વિઘ્નો દૂર થાય છે. આ જ કારણ છે કે માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ દૂર-દૂરના શહેરોમાંથી પણ દીક્ષાર્થીઓ અહીં માનતા રાખવા અને સંયમ જીવનના નિર્વિઘ્ન અંગીકાર માટે પ્રાર્થના કરવા આવે છે.

### 10 વર્ષ બાદ છાણીમાં મંગલમય વાતાવરણ

છેલ્લા એક દાયકા બાદ છાણી ગામમાં દીક્ષા મહોત્સવનું આયોજન થઈ રહ્યું હોવાથી સમગ્ર જૈન સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગામના રસ્તાઓ અને જિનાલય અત્યારે ભક્તિમય વાતાવરણથી મઘમઘી રહ્યા છે. મુમુક્ષુ વિશ્વાની આ દીક્ષા માત્ર એક વ્યક્તિનો સંસાર ત્યાગ નથી, પરંતુ તે છાણી ગામની તે ભવ્ય પરંપરાનું પુનરાવર્તન છે જે પેઢીઓથી સંયમ અને સમર્પણનો સંદેશ ફેલાવી રહી છે.

## સુરત એરપોર્ટ પર બેંગકોકની ફ્લાઈટમાંથી કરોડોનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો




સુરત | દક્ષિણ ગુજરાતના પ્રવેશદ્વાર ગણાતા સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે ડ્રગ્સ સ્મગલિંગના એક અત્યંત હાઈટેક નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મુસાફરોની સીટ નીચે અત્યંત ચાલાકીપૂર્વક છુપાવીને લાવવામાં આવેલો આશરે ૭ કિલોગ્રામ જેટલો ઉચ્ચ ગુણવત્તાનો હાઈડ્રોપોનિક હાઈબ્રિડ ગાંજો અધિકારીઓએ ઝડપી પાડ્યો છે. આ મામલે કસ્ટમ વિભાગે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ચાર શખસોની ધરપકડ કરી છે, જેનાથી ડ્રગ્સ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સીટ અને કુશન નીચે છુપાવ્યું હતું 'મોત' મળતી માહિતી મુજબ, કસ્ટમ વિભાગને બેંગકોકથી આવતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં માદક દ્રવ્યોની હેરફેર થઈ રહી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. વિમાન લેન્ડ થતા જ અધિકારીઓની ટીમે સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન અધિકારીઓ ત્યારે ચોંકી ઉઠ્યા જ્યારે વિમાનની સીટની નીચે અને કુશન કવરના પાછળના ભાગેથી પ્લાસ્ટિકના પેકેટ્સ મળી આવ્યા હતા.

## વડોદરામાં એમેઝોન પાર્સલમાંથી કિંમતી આઈફોન ચોરી લેવાનું મોટું કૌભાંડ, ડિલિવરી બોયની મોબાઈલ ચોરીનો પર્દાફાશ

(એજન્સી) વડોદરા । તા. 09

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે તાજેતરમાં ઓનલાઈન શોપિંગ પાર્સલમાંથી ચોરી કરતા રેકેટનો પર્દાફાશ કર્યા બાદ હવે વડોદરામાં પણ આવો જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરાના લક્ષ્મીપુરા પોલીસ મથકની હદમાં એમેઝોનના પાર્સલમાંથી કિંમતી આઈફોન અને એરપોડ્સ કાઢી લઈને તેને બદલે ડમી મોબાઈલ પધરાવી દેવાનું મસમોટું કૌભાંડ બહાર આવ્યું છે. આ મામલે પોલીસે મૂળ રાજસ્થાનના એક ડિલિવરી બોયની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાર્સલ તપાસતા ફૂટ્યો ભાંડો સુબાનપુરાની સહકાર સોસાયટીમાં રહેતા અને ગ્રાફિક્સના વ્યવસાય સાથે એમેઝોનનો ડિલિવરી સ્ટોર ચલાવતા અશોક પરમારની ઓફિસેથી આ છેતરપિંડીની શરૂઆત થઈ હતી. ગત તારીખ રજીના રોજ જ્યારે એમેઝોન કંપનીના ઉચ્ચ અધિકારીઓ તપાસ માટે આવ્યા, ત્યારે જાણવા મળ્યું કે ડિલિવરી બોય મનોજ સોલંકીએ ત્રણ મહત્વના પાર્સલની ડિલિવરી કરી નહોતી. શંકા જતાં જ્યારે આ સીલબંધ બોક્સ ખોલવામાં આવ્યા ત્યારે અંદરથી કિંમતી એરપોડ્સ અને બે મોંઘા આઈફોનને બદલે પ્લાસ્ટિકના ડમી મોબાઈલ મળી આવતા અધિકારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા.

ડિલિવરી બોયની ચાલાકી અને ધરપકડ મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના બાદ જ્યારે ડિલિવરી બોય મનોજ સોલંકીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેનો મોબાઈલ ફોન સતત બંધ આવતો હતો. આરોપીએ ગ્રાહકોના વિશ્વાસ અને કંપનીની પ્રતિષ્ઠા સાથે રમત રમીને મૂળ સાધનો ચોરી લીધા હતા. સ્થાનિક પોલીસને આ અંગે તુરંત જાણ કરવામાં આવતા લક્ષ્મીપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, પોલીસે આરોપી મનોજ સોલંકીની અટકાયત કરી લીધી છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે. ઓનલાઈન ગ્રાહકો માટે લાલબત્તી અમદાવાદ બાદ વડોદરામાં બનેલી આ ઘટના ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો માટે ચેતવણી સમાન છે.



## સુરતના સરથાણા નેચર પાર્કમાં વાઘ વાઘણની શાહી જોડીનું ભવ્ય આગમન

(એજન્સી) સુરત । તા. 09

ડાયમંડ સિટીના વન્યજીવ પ્રેમીઓ માટે ખુશખબર સામે આવી છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા સ્થિત ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝૂલોજીકલ ગાર્ડન (નેચર પાર્ક)માં નવા મહેમાનોનું આગમન થયું છે. ઓડિશાના ભુવનેશ્વરથી વાઘ-વાઘણની એક શાનદાર જોડીને સુરત લાવવામાં આવી છે. આજે ૯મી ફેબ્રુઆરીથી આ જોડીને ડિસ્પ્લે માટે જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેનાથી સુરતના પ્રવાસન અને વન્યજીવ શિક્ષણમાં નવો પ્રાણ ફૂંકાશે.

૧૬૭૫ કિલોમીટરની લાંબી મુસાફરી ભુવનેશ્વરના સુપ્રસિદ્ધ નંદનકાનન ઝૂલોજીકલ ગાર્ડનમાંથી 'એનિમલ એક્ષચેન્જ સ્કીમ' હેઠળ આ જોડી લાવવામાં આવી છે. જેમાં નર વાઘનું નામ 'અભય' અને માદા વાઘણનું નામ 'શ્રી' રાખવામાં આવ્યું છે. આ જોડીએ ઓડિશાથી સુરત સુધીનું આશરે ૧૬૭૫ કિલોમીટરનું લાંબુ અંતર સતત ૪૮ કલાકની રોડ મુસાફરી દ્વારા કાપ્યું છે. વન્યજીવોની સુરક્ષા અને આરામનું ધ્યાન રાખીને આ સ્થાનાંતરણ અત્યંત સાવચેતીપૂર્વક કરવામાં આવ્યું છે. શા માટે રખાયા ક્વોરન્ટાઈન? સુરત નેચર પાર્કના અધિકારી હિના પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, ભુવનેશ્વર અને સુરતના આબોહવાકીય વાતાવરણમાં નોંધપાત્ર તફાવત છે. કોઈપણ પ્રાણીને જ્યારે નવા પર્યાવરણમાં લાવવામાં આવે, ત્યારે તેને અનુકૂળ થવા માટે સમય લાગે છે.

## સુરતના આયોજનબદ્ધ વિકાસ માટે કમિશનરનો માસ્ટરપ્લાન ત્રણ નવી ટીપી સ્કીમોને મંજૂરી

(એજન્સી) સુરત । તા. 09

સુરત મ્યુનિસિપલ કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યાના ગણતરીના દિવસોમાં જ એમ. નાગરાજન એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યા બાદ હવે તેઓ શહેરના સમતોલ અને આયોજનબદ્ધ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તાજેતરમાં શહેર વિકાસ વિભાગ સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં કમિશનરે ત્રણ નવી સૂચિત ટીપી સ્કીમો માટે પબ્લિક મીટિંગ યોજવાની મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી સુરત પાલિકાને ભવિષ્યના જાહેર પ્રોજેક્ટ્સ માટે ૧૧૧ હેક્ટર જેટલી વિશાળ જગ્યા પ્રાપ્ત થશે. ત્રણ નવી ટીપી સ્કીમોનો માર્ગ મોકળો સુરત પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા મોજે ગભેણી, વરીયાવ અને કુંભારિયા વિસ્તાર માટે નવી ટીપી સ્કીમો તૈયાર કરવામાં આવી છે. સૂચિત ટીપી સ્કીમ નં. ૯૫ (ગભેણી), ટીપી સ્કીમ નં. ૯૬ (વરીયાવ) અને ટીપી સ્કીમ નં. ૯૭ (કુંભારિયા) ના પ્રાથમિક નકશાને મંજૂરી મળતા હવે અસરગ્રસ્ત મિલકતદારો અને હિત ધરાવતા માલિકો સાથે પબ્લિક મીટિંગ યોજાશે. આ સ્કીમોના અમલીકરણથી પાલિકાને ૧૮ મીટરથી લઈને ૯૦ મીટર સુધીની પહોળાઈ ધરાવતા નવા રસ્તાઓ મળશે, જે શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવામાં મદદરૂપ સાબિત થશે.

રેલવે સ્ટેશન ફરતે એલિવેટેડ રોડનું આયોજન સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એમએમટીએચ પ્રોજેક્ટ અંતર્ગત નવા રેલવે સ્ટેશનની આસપાસ એલિવેટેડ રોડ કોરિડોર બનાવવા માટે રેશમ ભવનથી આયુર્વેદિક હોસ્પિટલ સુધીના રસ્તાને ૮૦ ફૂટ પહોળો કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આ માટે ધી બીપીએમસી એક્ટ-૧૯૪૯ની કલમ-૨૧૦(૧)(બ) હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. આ ઉપરાંત, લિંબાયત ઝોનમાં વર્ષોથી ચાલી આવતી સરકારી કોલેજની જગ્યા અદલાબદલીનો માર્ગ પણ સરળ બન્યો છે, જેના બદલામાં પાલિકાને ત્રણ સરકારી પ્લોટ મળશે. નોન-ટીપી વિસ્તારમાં પ્લોટ વેલિડેશન મીડિયા અહેવાલ મુજબ, મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગની પેન્ડિંગ કામગીરીનો નિકાલ કરતા કમિશનરે નોન-ટીપી વિસ્તારોમાં પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ માટેની ૧૩ અરજીઓ મંજૂર કરી છે.

## સુરતમાં મહિલાઓના ગળામાંથી ચેઈન ઝૂંટવતો સીરિયલ સ્નેચર ઝડપાયો



સુરત | ડાયમંડ સિટી સુરતમાં બેફામ બનેલા તસ્કરો સામે પોલીસે લાલ આંખ કરી છે. ગત ૩૧મી જાન્યુઆરીના રોજ શહેરના અડાજણ અને ઉધના વિસ્તારમાં ગૃહિણીઓને નિશાન બનાવી ગણતરીની સેકન્ડોમાં સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ જનાર રીઢા ગુનેગાર શાહિલ ઉર્ફે શાહુ શેખને ઉધના પોલીસે દબોચી લીધો છે. પોલીસે આરોપી પાસેથી સોનાના દાગીના અને વાહન સહિત કુલ ૨ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કરી સળિયા પાછળ ધકેલી દીધો છે. સીસીટીવીમાં કેદ થઈ તસ્કરની કરતૂત પ્રાપ્ત વિગતો અનુસાર, તસ્કર શાહિલે એક જ દિવસમાં બે અલગ-અલગ વિસ્તારોમાં તરાપ મારી હતી. બપોરના સમયે અડાજણના વૈષ્ણોદેવી લાઈફ સ્ટાઈલ પાસે જ્યોત્સ્નાબેન પટેલ નામના મહિલાના ગળામાંથી અછોડો ઝૂંટવી તે ફરાર થઈ ગયો હતો. આ ઘટનાના માત્ર ૪૫ મિનિટ બાદ, ઉધનાના તેરાપંથ ભવન પાસે સોનમબેન દવે નામના મહિલાના ગળામાંથી ૧ લાખ રૂપિયાની કિંમતની સોનાની ચેઈન આંચકી લીધી હતી.

### ગાંધીગ્રામ સોનાની બંગડી ચોરીનો ભેદ ઉકેલાયો

## રાજકોટમાં ભુવો બની વૃદ્ધાને હિપ્નોટાઈઝ કરી લૂંટ ચલાવનાર ઠગ ઝડપાયો

(એજન્સી) રાજકોટ । તા. 09

રંગીલા રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં દોઢ મહિના પૂર્વે બનેલી સનસનાટીભરી લૂંટનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. એક વૃદ્ધાને વાતોમાં ભોળવી, પોતે ભુવો હોવાનું કહી સંમોહિત (હિપ્નોટાઈઝ) કરી સોનાની બંગડીઓ લૂંટી લેનાર ટોળકીના એક સભ્યને લોકલ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો છે. પોલીસે આરોપી પાસેથી ૩ લાખ રૂપિયાની કિંમતની સોનાની બે બંગડીઓ જપ્ત કરી છે અને આ ટોળકીના અન્ય ફરાર સભ્યોને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ભુવો હોવાનું કહી વિશ્વાસમાં લીધા આ ઘટનાની વિગતો મુજબ, અંદાજે દોઢ માસ પહેલા માધાપર ચોકડી પાસે સવારના સમયે એક આધેડ મહિલા પસાર થઈ રહ્યા હતા. આ સમયે આરોપીઓએ તેમને રસ્તો પૂછવાના બહાને અટકાવ્યા હતા. વાતચીત દરમિયાન આરોપીઓએ પોતાની ઓળખ પ્રભાવશાળી ભુવા તરીકે આપી હતી. મીડિયા અહેવાલ મુજબ, ઠગબાજોએ પોતાની વાતોથી મહિલાને એવી રીતે સંમોહિત કરી દીધા હતા કે મહિલાએ પોતાની જાતે જ હાથમાંથી ૩ લાખની કિંમતની બે સોનાની બંગડીઓ કાઢીને આપી દીધી હતી.

અમદાવાદના સરખેજમાંથી ઝડપાયો આરોપી આ ગુનો નોંધાયા બાદ રાજકોટ પોલીસ સતત આ શખસોની શોધમાં હતી.



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ જ્યારે અમદાવાદમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે આ લૂંટમાં સંડોવાયેલો મુખ્ય આરોપી અમદાવાદમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે સરખેજ વિસ્તારમાંથી ૨૪ વર્ષીય કરણનાથ નટવરનાથ પઢીયાર (મદારી) ને ઝડપી પાડ્યો હતો. આરોપીની તલાશી લેતા તેની પાસેથી લૂંટાયેલી સોનાની બંગડીઓ પણ મળી આવી છે. ફરાર આરોપીની શોધખોળ તેજ તથ્યો અનુસાર, આ ગુનામાં કરણનાથની સાથે મુકેશનાથ નટવરનાથ ચૌહાણ નામનો અન્ય એક શખસ પણ સંડોવાયેલો હતો, જે હાલ પોલીસ પકડથી દૂર છે. રાજકોટ પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે.

### 64થી વધુ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો ગેંગસ્ટર કેદ

## ગુજરાત-રાજસ્થાન પોલીસની ઊંઘ હરામ કરનાર દુબઈમાં ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 09

ગુજરાત અને રાજસ્થાન પોલીસ માટે છેલ્લા ૧૯ વર્ષથી માથાનો દુખાવો બનેલા કુખ્યાત ગેંગસ્ટર અને હિસ્ટ્રીશીટર અનિલ ઉર્ફે પાંડ્યા જાટની આખરે દુબઈમાં ધરપકડ કરવામાં આવી છે. બોગસ દસ્તાવેજો બનાવી વિદેશ ફરાર થઈ ગયેલા આ ગુનેગારને હવે પ્રત્યાર્પણ વિધિ દ્વારા વડોદરા લાવવાની તૈયારીઓ પોલીસ પ્રશાસને તેજ કરી દીધી છે. આ ધરપકડથી બે રાજ્યોના ગુનાખોરીના જગતમાં ભૂકંપ સર્જાયો છે, કારણ કે આ ગેંગસ્ટરની પૂછપરછમાં અનેક મોટા માથાઓના નામ ખુલે તેવી શક્યતા છે.

પોલીસ કોન્સ્ટેબલ સાથેની સાંઠગાંઠનો પર્દાફાશ આ હાઈપ્રોફાઈલ કેસમાં સૌથી વિવાદાસ્પદ વળાંક ત્યારે આવ્યો હતો જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના કોન્સ્ટેબલ સાજણ આહીર સાથે અનિલ પાંડ્યાની વાતચીતની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. આ ક્લિપ દ્વારા ખુલાસો થયો હતો કે અનિલ પાંડ્યાએ આંગડિયા મારફતે કોન્સ્ટેબલને ૧૫ લાખ રૂપિયાની લાંચ મોકલી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ગેંગસ્ટર એટલો ચતુર હતો કે તે હંમેશા વર્ચ્યુઅલ નંબરનો ઉપયોગ કરતો હતો જેથી તેનું લોકેશન ટ્રેસ ન થઈ શકે. તે જ્યાં રોકાતો ત્યાં આસપાસ ૫૦ કિલોમીટર સુધી તેના માણસો નજર રાખતા હતા.

બે રાજ્યોમાં આતંકનું સામ્રાજ્ય રાજસ્થાનના સીકરનો વતની અનિલ પાંડ્યા ૨૦૦૭ થી ગુનાખોરીમાં સક્રિય છે. તેના વિરુદ્ધ રાજસ્થાનમાં હત્યાના પ્રયાસ અને લૂંટ જેવા ૩૯ જેટલા ગંભીર કેસો નોંધાયેલા છે, જ્યારે ગુજરાતમાં દારૂની હેરફેરના ૨૫ થી વધુ ગુનાઓમાં તે વોન્ટેડ છે. તાજેતરમાં વડોદરાના કરજણ હાઈવે પરથી ઝડપાયેલા ૧.૭૭ કરોડના દારૂના કેસમાં પણ તે મુખ્ય સૂત્રધાર છે.

## રાજકોટ ભાજપમાં મોટો વિસ્ફોટ કોર્પોરેટરની વિવાદાસ્પદ ચેટ વાયરલ થતા ખળભળાટ



રાજકોટ | સૌરાષ્ટ્રના રાજકારણના એપીસેન્ટર ગણાતા રાજકોટમાં ભાજપના શાસનમાં એકાએક ખળભળાટ મચી ગયો છે. શહેર ભાજપના વોર્ડ નંબર ૧૮ ના કોર્પોરેટર સંજયસિંહ રાણાની એક મહિલા કાર્યકર્તા સાથેની કથિત વિવાદાસ્પદ ચેટના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થતાં રાજકીય આલમમાં હડકંપ મચી ગયો છે. રવિવારે જ શહેર ભાજપના નવા સંગઠનની જાહેરાત કરવામાં આવી હતી, અને તેના બીજા જ દિવસે આ વિવાદ સામે આવતા પક્ષની શિસ્ત સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સોશિયલ મીડિયા પર સ્ક્રીનશોટનો મારો આજકાલ સોશિયલ મીડિયાના જમાનામાં કોઈ પણ વાત વાયુવેગે ફેલાતી હોય છે, ત્યારે આજે સવારથી જ વોટ્સએપ અને અન્ય ગ્રુપોમાં કોર્પોરેટર સંજયસિંહ રાણાના ફોટા સાથેના ચેટ સ્ક્રીનશોટ ફરતા થયા હતા. વાયરલ થયેલી આ ચેટમાં ભાજપના કોર્પોરેટર અને એક મહિલા કાર્યકર્તા વચ્ચે થયેલી વાતચીત અત્યંત વિવાદાસ્પદ હોવાનું જણાઈ રહ્યું છે.

### રાજકોટમાં LCBના દરોડામાં ભાજપના સભ્યની વાડીમાં નકલી દારૂની મિની ફેક્ટરી પકડાઈ

## એલસીબીના દરોડામાં મોટો પર્દાફાશ, નેતાનો પુત્ર ફરાર થતા ચકચાર

(એજન્સી) રાજકોટ । તા. 09

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતા એક મોટા સમાચાર સામે આવ્યા છે. વિંછીયા તાલુકાના અમરાપર ગામની સીમમાં આવેલી રાજકોટ જિલ્લા પંચાયતના ભાજપના મહિલા સદસ્યની વાડીમાં નકલી અંગ્રેજી દારૂ બનાવવાની મિની ફેક્ટરી ઝડપાતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. રાજકોટ રૂરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર કૌભાંડમાં સત્તાધારી પક્ષના આગેવાનના પુત્રનું નામ ખુલતા રાજકીય વર્તુળોમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે.

રાજકોટ રૂરલ એલસીબીની ટીમ ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે અમરાપર ગામની સીમમાં એક ઓરડીમાં છુપાઈને નકલી વિદેશી દારૂ બનાવવાનું નેટવર્ક ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે કોઈને શંકા ન જાય તે રીતે વાડીની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. પોલીસ જ્યારે અંદર પ્રવેશી ત્યારે ત્યાં ખરેખર નકલી દારૂ બનાવવાનું કામ પુરજોશમાં ચાલી રહ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી ૨૧૮ બોટલ નકલી દારૂ અને ૩૦ લિટર નકલી લિક્વિડ સહિત કુલ ૧.૪૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### રાજકીય કનેક્શન અને નેતાના પુત્રની સંડોવણી

પોલીસની પ્રાથમિક તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે આ વાડી રાજકોટ જિલ્લા પંચાયતના પીપરડી (વિંછીયા) બેઠકના ભાજપના મહિલા સદસ્ય સવિતાબેન નાથાભાઈ વાસાણીની માલિકીની છે. આટલું જ નહીં, આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો મુખ્ય સૂત્રધાર સવિતાબેનનો પુત્ર રણજીત વાસાણી હોવાનું



બહાર આવ્યું છે. પોલીસના દરોડા દરમિયાન રણજીત વાસાણી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો, જ્યારે પોલીસે સ્થળ પરથી જીતેશ સોલંકી અને પ્રદીપ સાગઠિયા સહિત બે કિશોરોની ધરપકડ કરી લીધી છે.

ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે તેઓ રાજસ્થાનના કિશન મારવાડી નામના શખ્સ પાસેથી ટ્રાન્સપોર્ટ દ્વારા દારૂ બનાવવાનું ખાસ લિક્વિડ મંગાવતા હતા. આ લિક્વિડની સાથે ખાલી બોટલો, જાણીતી બ્રાન્ડના ડુપ્લિકેટ લેબલ અને ઢાંકણા પણ મોકલવામાં આવતા હતા. આરોપીઓ લિક્વિડમાં પાણી મિક્સ કરી તેને બોટલોમાં ભરીને પેક કરતા હતા અને તેને અસલી અંગ્રેજી દારૂ તરીકે વેચતા હતા. આરોપીઓએ કબૂલાત કરી છે કે છેલ્લા ચારેક દિવસથી આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી.

### પોલીસની કડક કાર્યવાહી અને સર્ચ ઓપરેશન

હાલમાં પોલીસે ફરાર રણજીત વાસાણી અને રાજસ્થાનના સપ્લાયર કિશન મારવાડીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ભાજપના સદસ્યની વાડીમાં જ આવું અનૈતિક કામ ચાલતું હોવાથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. રાજકોટ રૂરલ પોલીસે આ મામલે ગુનો નોંધીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે કે આ નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે અને અગાઉ કેટલો જથ્થો વેચવામાં આવ્યો છે.

### વડોદરામાં પાલિકાનો સપાટો

## હરણીથી પાણીગેટ સુધીના દબાણો પર બુલડોઝર ફર્યું

(એજન્સી) વડોદરા । તા. 09

સંસ્કારી નગરી વડોદરામાં ચારેતરફ ફૂટી નીકળેલા ગેરકાયદે દબાણો સામે વડોદરા મહાનગરપાલિકાએ આખરે લાલ આંખ કરી છે. પાલિકાના વોર્ડ નંબર ૧૪ માં દબાણ શાખાની ટીમે વહેલી સવારથી જ આક્રમક કાર્યવાહી હાથ ધરી હરણી સ્વામિનારાયણ મંદિરથી લઈને છેક પાણીગેટ સુધીના મુખ્ય માર્ગો પર સપાટો બોલાવ્યો હતો. આ ઝુંબેશ દરમિયાન ૨૦ જેટલા કાચા પાકા ઓટલાઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું, જેના કારણે વર્ષોથી સાંકડા બનેલા રોડ-રસ્તાઓ હવે વાહનચાલકો માટે ખુલ્લા થયા છે.

બુલડોઝર અને પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી લાંબા સમયથી બાજવાડા અને વોર્ડ ૧૪ ના અંતરિયાળ વિસ્તારોમાં દબાણોના કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ મામલે સ્થાનિક કોર્પોરેટરોની વારંવારની રજૂઆત બાદ દબાણ શાખાની ટીમ પોલીસ કાફલા સાથે મેદાનમાં ઉતરી હતી.

હરણી સ્વામિનારાયણ મંદિરની આસપાસના ગેરકાયદે કાચા શેડ, ખાણી-પીણીની લારીઓ અને ફૂટપાથ પર કબજો જમાવીને બેઠેલા ગલ્લાઓનો તુરંત સફાયો કરવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કામગીરી દરમિયાન અંદાજે ત્રણ ટ્રક જેટલો માલ-સામાન જપ્ત કરવામાં આવ્યો છે.

ધાર્મિક લાગણી મુદ્દે વેપારીઓને કડક સૂચના આ કાર્યવાહી દરમિયાન તંત્ર દ્વારા સામાજિક સૌહાર્દ જળવાઈ રહે તે માટે પણ મહત્વના પગલાં લેવાયા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે.

**વૃષભ : બ. વ. ઉ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**કર્ક : ડ. હ.**

તમારૂ માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂ-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**સિંહ : મ. ટ.**

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

**કન્યા : પ. ઠ. ણ.**

કોઈ હાઈ-પ્રોફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે.

**તુલા : ર. ત.**

શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

**વૃશ્ચિક : ન. ય.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**મકર : ખ. જ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

### કપાસના વાવેતર વચ્ચે ગાંજાનો બીજો બનાવ

# અંકલેશ્વરના આંગણે 'CISF વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬'નું ONGC ખાતે ભવ્ય સ્વાગત

| મલેક યસદાની |અંકલેશ્વર | તા.09






દેશની આંતરિક સુરક્ષાના સજાગ પ્રહરી સમાન સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) દ્વારા રાષ્ટ્રીય એકતા અને ફિટ ઈન્ડિયાના સંદેશ સાથે આયોજિત 'વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬'નું આજે ઔદ્યોગિક નગરી અંકલેશ્વર ખાતે ભવ્ય આગમન થયું હતું. ભારતભરના દરિયાકાંઠાના વિસ્તારોમાં જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુથી નીકળેલી આ સાયકલ રેલી અંકલેશ્વરના પ્રવેશદ્વાર પર પહોંચતા જ વાતાવરણ "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. સ્થાનિક વહીવટી તંત્ર, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં નગરજનોએ સાયકલિસ્ટોનું ફૂલહાર અને કુમકુમ તિલક સાથે પરંપરાગત સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો અને બેન્ડની સુરાવલીઓ રેલાવીને સાયકલોથોનમાં ભાગ લઈ રહેલા જવાનોનો ઉત્સાહ બમણો કર્યો હતો.

આ સાયકલોથોન અંગે વિગતો આપતા CISFના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના દરિયાકાંઠાની સુરક્ષા વિશે જનજાગૃતિ કેળવવાનો અને યુવાનોમાં સાહસિક વૃત્તિ તેમજ રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવાનો છે. અંકલેશ્વર જેવા મહત્વના ઔદ્યોગિક કેન્દ્રમાં જનતા દ્વારા જે પ્રકારનો પ્રતિસાદ મળ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે અને તે દેશની સુરક્ષા દળો પ્રત્યેની નાગરિકોની આસ્થા પ્રગટ કરે છે. રેલીના માર્ગમાં ઠેર-ઠેર લોકોએ ઉભા રહીને પુષ્પવર્ષા કરી હતી અને તિરંગા ઝંડા લહેરાવીને જવાનોનું અભિવાદન કર્યું હતું. અંકલેશ્વરમાં ટૂંકા વિરામ અને રાત્રિ રોકાણ બાદ આ સાયકલોથોન તેના આગામી પડાવ તરફ પ્રયાણ કરશે, જ્યાં માર્ગમાં આવતા અન્ય વિસ્તારોમાં પણ દેશભક્તિનો આ જુવાળ સતત પ્રસરાવવામાં આવશે.

### ધાર્મિક લાગણી દુભાઈ છે

## ભવનાથ ના પવિત્ર ક્ષેત્રમાં નોન-વેજ રાંધતા શ્રમિકો ઝડપાયા

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.9 .

ભવનાથમાં આગામી મહા શિવરાત્રીના મેળાની ભવ્ય ઉજવણી માટેની તડામાર તૈયારી થઈ રહી છે ત્યારે જ સનાતન ધર્મની પરંપરાને અસર કરતો બનાવ બન્યો છે તેનાથી સાધુ, સંતો, મહંતો ધર્મ પ્રેમી લોકોની આસ્થાને અસર થઈ એટલે કે ધાર્મિક લાગણી દુભાઈ છે.

ભવનાથ જવાના રસ્તા પર ગિરનાર દરવાજા પાસે આ ઘટના બની છે, બજરંગ દળના કાર્યકરોએ ઘટના સ્થળે પહોંચી રેડ પાડી તો તેમાં રાજસ્થાની શ્રમિકો જાહેરમાં નોન-વેજ મચ્છી-મટન પકાવતા હોવાની જાણ થતાં બજરંગ દળના સંયોજકશ્રી હિતેશ મેર અને તેની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી ત્યારે રાજસ્થાનથી ફુગ્ગા વેચવા આવેલા શ્રમિકોનું આ કૃત્ય હોવાનુ જાણવા મળ્યું છે, 100 નંબર પર જાણ કરી પોલીસને બોલાવવામાં આવી હતી અને "ધાર્મિક લાગણી દુભાવનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવા હિન્દુ સંગઠનો તરફથી માંગ સાથે પોલીસને કડક કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવામાં આવી, ભાવનાથ વિસ્તારની મર્યાદા જાળવવા બજરંગ દળની માંગ છે, પોલીસ દ્વારા આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.


### મહાશિવરાત્રી મેળો

## જૂનાગઢમા મહાશિવરાત્રી મેળો 2026 દરમ્યાન કંટ્રોલ રૂમોના સંપર્ક નંબર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૯ જૂનાગઢમાં યોજાનાર મહા શિવરાત્રી મેળા દરમિયાન લાખો ભાવિકો ની સુવિધા અને સુરક્ષા માટે વિવિધ વિભાગોના સંપર્ક નંબરો નીચે મુજબના જાહેર કરવામાં આવ્યા છે. કોઈપણ આપત્તિ, માહિતી અથવા સહાય માટે આ નંબરો પર સંપર્ક કરવા જણાવાયું છે.




જુદા જુદા વિભાગ/ ખાતાઓના કંટ્રોલરૂમોના સંપર્ક નંબર

### નડિયાદની સિહુંજ ચોકડી પાસે બાઈક અકસ્માતમાં 4 ને ઈજાગ્રસ્ત

નડિયાદ : નડિયાદની કમળા ચોકડી અને સિહુંજ ચોકડી નજીક સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલક સહિત ચાર લોકોને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે-તે વિસ્તારની પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ સયાન પાર્કમાં રહેતા મોહમ્મદ હકીમ અજમલ સિદ્દીકી તેમના સાળા મોહમ્મદ સલીમ તૈલીની મોટરસાયકલ પર બેસી કમળા ચોકડીથી ઘર તરફ જતા હતા. આ દરમિયાન મીલ રોડ ઉપર બમ્પ ન દેખાતા મોટરસાયકલ સ્લીપ ખાઈ ગયું હતું. જેથી બાઈક ચાલક મોહમ્મદ સલીમ તેમજ પાછળ બેઠેલ મોહમ્મદ હકીમ સીદ્દીકીને ઈજા થઈ હતી.

### જન્મદિવસ

## દેશલપર (ગું)ગામે આવેલ આંગણવાડી માં ઉજવાયો બાળકનો જન્મ દિવસ

| જગદીશ દવે| દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ તાલુકાના ઐતિહાસિક ગામ એવા દેશલપર (ગું) ખાતે આવેલ આંગણવાડી કેન્દ્ર ૨ (બે)માં જીએજા અયાનનો જન્મદિવસની ઉજજવળી કરાઈ જન્મદિવસની નિમિત્તે બાળકોને ખજૂર આપવામાં આવી હતી નાના બાળકોની મુસ્કાનની કીલકારીઓ થી માહોલ ગુજી ઉઠ્યો હતો જે આનંદની ખુશી વ્યક્ત કરતા આંગણવાડી વર્કર બેનશ્રી અમીનાબેન દ્વારા જણાવેલ હતુ




### નાગરિક દ્વારા લેખિતમાં રજૂઆત

## કપડવંજમાં ગ્રામ પંચાયતોની ગ્રાન્ટ અટવાતા સરપંચોની હાલત કફોડી

કપડવંજ : ખેડા જિલ્લાના કપડવંજ તાલુકા સહિત સમગ્ર રાજ્યમાં ગ્રામ પંચાયતોના વિકાસ કામો હાલ વિવાદના વમળમાં ફસાયા છે. રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓના એક કથિત 'તઘલખી' નિર્ણયને કારણે ૧૫માં નાણાપંચની ગ્રાન્ટો અટવાઈ જતાં ગ્રામ પંચાયતોના સરપંચો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. કપડવંજ તાલુકાના નાગરિક નીતિન પટેલ દ્વારા તંત્રને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત ફરજ બજાવતા હજારો કર્મચારીઓને અચાનક છૂટા કરી દીધા છે. પ્રધાનમંત્રીના 'ઈ-ગ્રામ સ્વરાજ' વિઝન હેઠળ ૧૫માં નાણાપંચની જે ગ્રાન્ટો સીધી પંચાયતોને મળવાની હતી, તે વહીવટી ગૂંચને કારણે અટકી પડી છે. પંચાયતોએ વિકાસના કામો માટે બજારમાંથી વેપારીઓ પાસેથી ઉધાર માલસામાન લીધો હતો. હવે ગ્રાન્ટ અટવાતા પેમેન્ટ થઈ શકતું નથી, જેના કારણે બજારમાં સરપંચોની પ્રતિ ખરડાઈ રહી છે અને વેપારીઓ હવે ઉધાર આપવા તૈયાર નથી.

### સ્ટેટ જીએસટી ભાવનગર વિભાગમાં રૂ. 2370 કરોડ સ્ટેટ જીએસટી કલેક્શન

## ભાવનગરમાં 2025 માં સ્ટેટ જીએસટી આવકમાં 5.23 ટકાનો વધારો નોંધાયો




ભાવનગર : સ્ટેટ જીએસટી વિભાગ ભાવનગર વિભાગનું વર્ષ-૨૦૨૪ની સરખામણીએ વર્ષ-૨૦૨૫ની જીએસટી આવકમાં ૫.૨૩ ટકાનો વધારો નોંધાયો છે. ભાવનગરવાસીઓએ વર્ષ-૨૦૨૫માં કર સ્વરૂપે કુલ રૂ.૨૩૭૦ કરોડ સરકારી તિજોરીમાં આપ્યા છે એટલે કે દર મહિને સરેરાશ રૂ.૧૯૭.૫ કરોડની સરેરાશ જીએસટી આવક થઈ છે. વર્ષ-૨૦૨૪માં સ્ટેટ જીએસટી કલેક્શન રૂ.૨૨૫૨ કરોડ હતું. જેની સરખામણીએ જીએસટી આવકમાં વૃદ્ધિ થઈ છે. સ્ટેટ જીએસટી વિભાગ ભાવનગરનું સ્ટેટ જીએસટી કલેક્શનમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. બોગસ બિલિંગમાં પંકાયેલા ભાવનગરે ટેક્સ સ્વરૂપે કરોડો રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરાવ્યા છે. સ્ટેટ જીએસટી ભાવનગર વિભાગમાં વર્ષ-૨૦૨૪ની સરખામણીએ વર્ષ-૨૦૨૫માં જીએસટીની આવકમાં ૫.૨૩ ટકાનો વધારો નોંધાયો છે. વર્ષ-૨૦૨૪ દરમિયાન ભાવનગરમાં કુલ રૂ.૨૨૫૨ કરોડનું સ્ટેટ જીએસટી કલેક્શન થયું હતું. જે બાદ વર્ષ-૨૦૨૫ દરમિયાન તેમાં રૂ.૧૧૮ કરોડના વધારા સાથે કુલ રૂ.૨૩૭૦ કરોડની જીએસટી આવક થઈ છે એટલે કે દર મહિને સરેરાશ રૂ.૧૯૭.૫ કરોડનું કલેક્શન થયું છે. ગત વર્ષ દરમિયાન સૌથી વધારે એપ્રીલ-૨૦૨૫માં રૂ.૨૬૩ કરોડ અને સૌથી ઓછી ડિસેમ્બર-૨૦૨૫માં રૂ.૧૬૩ કરોડ જીએસટી કલેક્શન નોંધાયું છે. જ્યારે વર્ષ-૨૦૨૪માં સૌથી વધારે જાન્યુઆરીમાં રૂ.૨૩૭ કરોડ અને સૌથી ઓછું સપ્ટેમ્બરમાં રૂ.૧૩૧ કરોડ જીએસટી કલેક્શન થયું છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ભાવનગરમાં વર્ષ-૨૦૨૩ની સરખામણીએ વર્ષ-૨૦૨૪માં સ્ટેટ જીએસટીની આવકમાં ઘટાડો થયો હતો. વર્ષ-૨૦૨૩માં રૂ.૨૨૮૦ કરોડ જીએસટી આવક થઈ હતી. જે બાદ વર્ષ-૨૦૨૪માં તેમાં સામાન્ય ઘટાડા સાથે રૂ.૨૨૫૨ કરોડ આવક થઈ હતી.

### સમાધાન | 8 લોકોએ બે યુવકો પર કર્યો હુમલો

## અરવલ્લીમાં લગ્નના વરઘોડામાં ખેલાયો ખૂની ખેલ

અરવલ્લી : અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના હરિપુરા ગામે લગ્નના વરઘોડામાં ખૂની ખેલ ખેલાયો છે. જૂની અદાવતમાં વરઘોડામાં આવેલા બે યુવકો પર આઠ શખ્સોની ટોળકીએ અચાનક પથ્થરમારો કરી જીવલેણ હુમલો કર્યો છે. જેમાં 18 વર્ષના હાર્દિક હોથા નામના જુવાનધોધ યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક યોગેશ ડામોર ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.આ સમગ્ર ઘટના પાછળ જૂની અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ચોંકાવનારી વાત તો એ છે કે, હુમલાના થોડા સમય પહેલા જ બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હતું.

જો કે, આ સમાધાન માત્ર દેખાડા પૂરતું હતું, સમાધાન બાદ પણ આરોપીઓએ મનમાં ખાર રાખીને બંને યુવકોની રેકી કરી હતી. જ્યારે આ યુવકો વરઘોડામાં આવ્યા હતા ત્યારે હરિપુરા અને કાળી ડુંગરીના આઠ શખ્સોએ તેમને આંતરીને જીવલેણ હુમલો કરી દીધો હતો. બંને યુવકો પર પથ્થરમારો કરતાં એકનું મોત થયું હતું જ્યારે એક યુવક ઘાયલ થયો હતો.

## સીદસર પાસે અજાણ્યા બસ ચાલકે અડફેટે લેતા આધેડનું મોત

ભાવનગર : સીદસર ખાતે રહેતા આધેડ સીદસર સર્વોતમ ડેરી પાસે આવેલ હાઈવે રોડ ઉપર પાકગ વળી જગ્યામાં સૂતા હતા.તે દરમિયાન લકઝરી ચાલકે અડફેટે લેતા તેમનું મોત થયું હતું. સીદસર ગામના વાળુકડ રોડ પચ્ચીસ વરિયા ખાતે રહેતા અનિલભાઈ બાવભાઈ પરમાર ના પિતા બાવભાઈ વલ્લભભાઈ પરમાર સીદસર સર્વોતમ ડેરી પાસે આવેલ હાઈવે રોડ ઉપર પાકગ વળી જગ્યામાં સૂતા હતા.તે દરમિયાન અજાણ્યા લકઝરી બસના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાવભાઈને અડફેટે લેતા આધેડનું સ્થળ પર મોત નીપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પુત્ર અનિલભાઈએ અજાણ્યા લકઝરી ચાલક વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કડકડતી ઠંડીમાં માનવતાભર્યું સેવા કાર્ય

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્તમાન શિયાળા દરમ્યાન કડકડતી ઠંડીથી જરૂરિયાતમંદોને રક્ષણ મળી રહે તે હેતુથી ભુજ, માધાપર,સુખપર તથા માનકુવા વિસ્તારમાં આશરે ૩૦૦ જેટલા જરૂરિયાતમંદ લોકો અને બાળકોને ધ્રુસા (બ્લેન્કેટ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય દરમિયાન સંસ્થાના સ્વયંસેવકોએ સ્વેચ્છાએ રાત્રિના સમયે રસ્તા પર ઉતરીને નિઃસ્વાર્થ ભાવથી સેવા આપી અને આ માનવતાભર્યા કાર્યમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા પાંચ વર્ષથી સતત જીવદયા અને સામાજિક સેવાના અનેક કાર્યો કરી રહી છે.સંસ્થા દ્વારા મુખ્યત્વે કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં વિનામૂલ્ય પક્ષીઘર તથા પાણીના કુંડા વિતરણ તેમજ બીમાર અને ઈજાગ્રસ્ત પશુઓની સારવાર માટે પશુ એમ્બ્યુલન્સ સેવાનું સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સંસ્થાએ આ સેવા કાર્યને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ, સહયોગીઓ અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા માનવતાભર્યા સેવાકાર્યો સતત ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



### ગૌવંશના કતલ

## નડિયાદ અને મહુધામાં ગૌવંશના કતલની આશંકા : નહેરમાંથી 50 થી વધુ ગૌવંશના અવશેષો મળ્યાં

નડિયાદ : નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં માઈ માતાના ગરનાળા પાસે ગૌવંશનો મૃતદેહ મળતા ચકચાર મચી છે. તો બીજી તરફ મહુધાથી આગળ નર્મદાની મુખ્ય નહેરમાંથી ગૌવંશના અવશેષો મળી આવ્યા છે. જેના કારણે હિન્દુ સંગઠનોમાં ભારોભાર રોષ વ્યાપ્યો છે. આ મામલે તંત્ર દ્વારા તત્કાલ યોગ્ય તપાસ કરી અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવાની માંગણી પ્રબળ બની છે.નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતા માઈ મંદિર નજીકના ગરનાળા પાસે ગૌવંશનો મૃતદેહ મળી આવવાની ઘટના સામે આવી છે. આ બાબતની જાણ થતા જ હિન્દુ ધર્મ સેનાના પ્રદેશ પ્રમુખ સ્થળ પર પહોંચ્યા હતા અને વીડિયો રજૂ કરી આ સમગ્ર મામલે આક્રોષ ઠાલવ્યો હતો. ગૌવંશનો મૃતદેહ હોય અને કાપીને માંસ કાઢી નાખી દીધો હોવાની પરીસ્થિતિ જણાતા આ મૃતદેહનું એફ.એસ. એલ. કરાવવાની તજવીજ હાથ ધરી હતી. સમગ્ર મામલે તત્કાલ યોગ્ય તપાસ કરવા માટે પોલીસને જાણ કરવામાં આવી હતી, પોલીસે સ્થળ પર પહોંચી જાણવાજોગ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.બીજીતરફ મહુધા તાલુકાના વડથલ ગામ નજીક પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાંથી આશરે ૫૦થી વધુ ગૌવંશના કપાયેલા અંગો ભરેલા પોટલા મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. નડિયાદમાં છેલ્લા એક મહિનામાં ગૌવંશ સાથે જોડાયેલી આ ૧૦મી ઘટના હોવાનું સામે આવતા ગૌભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડથલ નજીક નહેરમાં જે પોટલા મળી આવ્યા છે, તેમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને પ્રાથમિક દ્રષ્ટિએ ગૌવંશના પગ, માથા અને કાન જેવા અંગો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જે સૂચવે છે કે આ કોઈ મોટા પાયે આચરેલું ક્રૂર કતલકાંડ હોઈ શકે છે.



### બેરોજગારી વધી, સરેરાશ એક ખાલી જગ્યા માટે 251 ઉમેદવારની અરજી

# ભાવનગર મહાપાલિકામાં 10 ખાલી જગ્યા માટે 2519 ઉમેદવારે અરજી કરી

### અધિક મદદનીશ ઈજનેર, સીનીયર કલાર્ક, લેબોરેટરી ટેકનીશ્યન સહિતની ખાલી જગ્યા માટે ભરતી કરાશે

(એજન્સી) ભાવનગર | તા.09

ભાવનગર મહાનગરપાલિકામાં તાજેતરમાં ખાલી જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી હતી અને ઉમેદવારોની અરજીઓ મંગાવવામાં આવી હતી પરંતુ ખાલી જગ્યાની સરખામણીએ ઉમેદવારોની અરજી ઘણી આવી છે. આ ખાલી જગ્યા માટે આગામી દિવસોમાં પરીક્ષા લેવામાં આવશે. મહાનગરપાલિકાના જુદા જુદા સંવર્ગોની જગ્યાઓ ભરવા માટે ગત તા. ૯ થી તા. ૨૯ જાન્યુઆરી-૨૦૨૬ સુધી અરજીઓ મંગાવવામાં આવી હતી, જેમાં અધિક મદદનીશ ઈજનેર, સીનીયર કલાર્ક, લેબોરેટરી ટેકનીશ્યન, ટેકનીકલ આસીસ્ટન્ટ, હેડ કલાર્ક વગેરે ૧૦ ખાલી જગ્યા માટે કુલ ૨૫૧૯ ઉમેદવારે અરજી કરી છે. સરેરાશ એક ખાલી જગ્યા માટે ૨૫૧ ઉમેદવારે અરજી કરી હોવાનુ જાણવા મળેલ છે તેમ માહિતી આપતા મહેકમ વિભાગના સુત્રોએ જણાવેલ છે. ઉલ્લેખનીય છે કે, મહાપાલિકામાં ખાલી જગ્યા માટે અરજીઓ આવી છે, જેના કારણે બેરોજગારી વધી હોવાનુ ચર્ચાય રહ્યુ છે. સરકાર દ્વારા રોજગારી આપવાના દાવા કરવામાં આવે છે પરંતુ રોજગારી ન મળતી હોવાથી ઉમેદવારો જુદી જુદી પરીક્ષામાં મોટી સંખ્યામાં ફોર્મ ભરતા હોય છે. આગામી દિવસોમાં ખાલી જગ્યા માટે લેખીત પરીક્ષા લેવામાં આવશે પરંતુ પરીક્ષા માટેની હજુ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી તેમ મહાપાલિકાના સુત્રોએ જણાવેલ છે. આ પરીક્ષા માટે હાલ ઉમેદવારોએ તૈયારીઓ હાથ ધરી છે.

**મહાપાલિકાની ભરતી માટે ભરાયેલ ફોર્મની માહિતી**

| સંવર્ગનું નામ | ખાલી જગ્યા | અરજી |
|---|---|---|
| અધિક મદદનીશ ઈજનેર (મીકેનીકલ) | ૧ | ૨૪૪ |
| અધિક મદદનીશ ઈજનેર (ઈલેક્ટ્રીકલ) | ૨ | ૨૯૭ |
| સીનીયર કલાર્ક | ૨ | ૬૭૮ |
| લેબોરેટરી ટેકનીશ્યન | ૨ | ૪૪૯ |
| ટેકનીકલ આસીસ્ટન્ટ (મીકેનીકલ) | ૨ | ૨૨૨ |
| હેડ કલાર્ક-ઈન્સ્પેક્ટર-કોમ્યુનીટી ઓર્ગેનાઈઝ | ૧ | ૬૨૯ |
| કુલ | ૧૦ | ૨૫૧૯ |

### નફાની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું

## મહુવાના યુવક અને વૃદ્ધ સાથે રૂ. 49.79 લાખની છેતરપિંડી

ભાવનગર : મહુવાના યુવક અને વૃદ્ધને સાડી અને ઈમીટેશનના ધંધામાં નફાની લાલચ આપી રોકાણ કરાવી શરૂઆતમાં થોડો નફો આપી વિશ્વાસ કેળવ્યા બાદ મોટી રકમનું રોકાણ કરાવી મહુવાના નાના પીપળવના વતની અને હાલ સુરત રહેતા શખ્સે કુલ રૂ.૪૯.૭૯ લાખની છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હતો. બનાવ અંગે મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.મહુવા તાલુકાના નાની જાગધાર ગામે રહેતા એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડની મહુવા બ્રાંચમાં આરએમ તરીકે નોકરી કરતા યુવક અર્જૂનદાસ જીણારામ ગોંડલીયાએ મહુવા પોલીસ મથકમાં ગોવિંદ રણછોડભાઈ ઢાપા (રહે.નાના પીપળવ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં વર્ષ-૨૦૨૨માં તેઓ એક્સિસ બેંકમાં નોકરી કરતા હતા ત્યારે તેમની સાથે નોકરી કરતા મહેશભાઈ ભીલે તેમના ગામના ઉક્ત ગોવિંદભાઈ સાથે ઓળખાણ કરાવી હતી અને ત્યારે ઉક્ત ગોવિંદભાઈએ પોતે સુરતમાં મોટા પાયે સાડી અને ઈમીટેશનનો ધંધો કરતા હોય અને આ ધંધામાં નફો સારો મળે છે તેમ જણાવી રોકાણ કરવાની વાત કરી હતી અને પ્રારંભમાં એપ્રીલ-૨૦૨૩માં તેમને રોકાણ માટે રૂ.૧.૫૦ લાખ આપ્યા હતા અને ૧૫-૨૦ દિવસમાં તેમણે તેમને નફાના રૂ.પાંચ હજાર રોકડા આપ્યા હતા અને પછી તેમને વિશ્વાસ બેસતા અલગ અલગ સમયે કુલ રૂ.૧૭,૭૯,૯૯૮નું રોકાણ કરાવી તેમાંથી રૂ.૩ લાખ પરત આપ્યા હતા અને બાકીના રૂ.૧૪,૭૯,૯૯૮ અવારનવાર ઉઘરાણી કરવા છતા બહાના બતાવી ઈરાદાપૂર્વક પૈસા નહી ચુકવી વિશ્વાસઘાત કર્યો હતો.

### ભારતીય રોકાણકારોની સુવર્ણ દોટમાં જંગી નફો થયો

# ભારતીય ગોલ્ડ ETF રોકાણમાં રેકોર્ડબ્રેક અઠ્ઠાણું ટકાનો તોતિંગ ઉછાળો

મુંબઈ: ભારતભરમાં પરંપરાગત ઘરેણાંના સ્થાને હવે પેપર ગોલ્ડ એટલે કે ડિજિટલ સોના તરફ લોકોનો ઝુકાવ અભૂતપૂર્વ રીતે વધ્યો છે. જાન્યુઆરી ૨૦૨૬ના તાજેતરના આંકડા મુજબ, ભારતીય ગોલ્ડ ઈટીએફ (ETF) માં રોકાણનો પ્રવાહ ૯૮ ટકા જેટલો વધીને સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરાયેલા અહેવાલમાં સ્પષ્ટ જણાયું છે કે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ ભારતીય મધ્યમ વર્ગ અને મોટા રોકાણકારોએ સોનાને સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે પસંદ કર્યું છે, જેના કારણે બજારમાં નવીનતમ ઉર્જા જોવા મળી રહી છે.




છેલ્લા કેટલાક સમયથી ભારતીયોની માનસિકતામાં મોટું પરિવર્તન આવ્યું છે. અગાઉ લોકો માત્ર લગ્નપ્રસંગો કે તહેવારોમાં ભૌતિક સોનું ખરીદતા હતા, પરંતુ હવે શુદ્ધતાની સો ટકા ખાતરી અને ચોરીના ડર વગરના રોકાણ તરીકે ગોલ્ડ ઈટીએફ પ્રથમ પસંદગી બની રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, સતત આઠમા મહિને રોકાણકારોએ આ ક્ષેત્રમાં વિશ્વાસ જાળવી રાખ્યો છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૪.૬૮ અબજ ડોલરનું જંગી રોકાણ આ ક્ષેત્રમાં ઠલવાયું હતું, જે અગાઉના વર્ષની સરખામણીએ ૨૬૨ ટકાનો તોતિંગ વધારો દર્શાવે છે.

માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં સોના પ્રત્યેનો મોહ વધી રહ્યો છે. જાન્યુઆરી માસમાં વૈશ્વિક ગોલ્ડ ઈટીએફની કુલ સંપત્તિ ૬૬૯ અબજ ડોલરના ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ છે. આ આંકડો અગાઉના મહિના કરતા ૨૦ ટકા વધુ છે. આશ્ચર્યની વાત એ છે કે આ સમયગાળા દરમિયાન સોનાના ભાવમાં ૧૪ ટકાનો વધારો થયો હોવા છતાં, રોકાણકારોએ કિંમતની ચિંતા કર્યા વગર સતત ખરીદી ચાલુ રાખી હતી. ખાસ કરીને ઉત્તર અમેરિકા અને એશિયાના દેશોમાં સોનાની માંગમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો છે.

બજારના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, અમેરિકાની આર્થિક નીતિઓ અને ખાસ કરીને ફેડરલ રિઝર્વ દ્વારા લેવામાં આવતા નિર્ણયો આ તેજી માટે મુખ્ય કારણભૂત છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, અમેરિકામાં નવી રાજકીય નિમણૂકો અને વ્યાજ દરોમાં સંભવિત ઘટાડાની અપેક્ષાએ વિશ્વભરના શેરબજારોમાં અનિશ્ચિતતા પેદા કરી છે. જ્યારે પણ શેરબજાર કે અન્ય કરન્સીમાં જોખમ વધે છે, ત્યારે રોકાણકારો હંમેશા સોના તરફ વળે છે. પ્રમુખ ટ્રમ્પની આર્થિક પ્રાથમિકતાઓ અને ફેડ ચેર તરીકે કેવિન વોર્શની ભૂમિકાને લઈને બજારમાં જે અસમંજસ છે, તેણે સોનાને વધુ મજબૂતી આપી છે.

આગામી સમયમાં જો વ્યાજ દરોમાં ઘટાડો થશે, તો સોનાના ભાવમાં હજુ પણ મોટો ઉછાળો આવવાની શક્યતા નકારી શકાતી નથી. સુરક્ષિત રોકાણની શોધમાં રહેલા લોકો માટે ગોલ્ડ ઈટીએફ અત્યારે સૌથી વધુ વળતર આપતું સાધન સાબિત થઈ રહ્યું છે. ભૌતિક સોનામાં રહેલા મેકિંગ ચાર્જિસ અને શુદ્ધતાના પ્રશ્નો આ ડિજિટલ ફોર્મેટમાં ન હોવાથી મધ્યમ વર્ગના રોકાણકારો પણ હવે નાની રકમથી સોનામાં રોકાણ કરવાનું પસંદ કરી રહ્યા છે. જે રીતે રોકાણનો પ્રવાહ વધી રહ્યો છે, તે જોતા ભારત આગામી દિવસોમાં ગોલ્ડ રોકાણ ક્ષેત્રે વિશ્વનું કેન્દ્ર બને તેવી પૂરી શક્યતા છે.

# itelએ A100 ના લોન્ચ સાથે એક નવા યુગની શરૂઆત કરી

ભારતની અનેક અગ્રણી બ્રાન્ડ્ઝમાંની એક itel એ તાજેતરમાં જ બ્લોકબસ્ટર અને ડિઝાઈનર A100 લોન્ચ કર્યો છે. દરેક વ્યક્તિનું ધ્યાન ખેંચે તેની બાંયધરી આપતી આ ડિઝાઈન સાથે તે ટકાઉતા અને પોષણક્ષમતામાં અગ્રેસર છે. A100 સ્માર્ટફોનમાં લશ્કરી ગ્રેડ સર્ટિફિકેશન (MIL-STD-810H), જે માન્યમાં ન આવે તેવું ટકાઉપણું અને યૂઝર્સ માટે મનની શાંતિ પૂરી પાડે છે. અલ્ટ્રાલિંકથી સજ્જ હોવાથી જ્યારે નેટવર્ક કનેક્ટિવીટી ન હોય ત્યારે પણ તે કનેક્ટીવિટી પૂરી પાડે છે. A100 સ્માર્ટફોન 64GBvr ROM સહિત બે RAM વેરિયંટ્સ (3+5*) GB અને (4+8*) GB સાથે ઉપલબ્ધ છે. 11 કરોડથી વધુ ગ્રાહકોના વિશાળ ગ્રાહક આધાર, 1.3 લાખથી વધુ રિટેલ આઉટલેટ્સ અને 1000+ સેવા કેન્દ્રોમાં છૂટક હાજરી સાથે, itel ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સમાંની એક છે. માત્ર રૂ. 6799 (3GB વેરિયન્ટ) અને રૂ. 7499 (4GB વેરિઅન્ટ)માં આકર્ષક કિંમતે, તે ભારતભરના રિટેલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે. તે 100 દિવસની અંદર મફત સ્ક્રીન રિપ્લેસમેન્ટ પણ ઓફર કરે છે - જે ભારતમાં ફક્ત itel દ્વારા જ પ્રદાન કરવામાં આવતી માની ન શકાય તેવી વિશ્વસનીયતા સુનિશ્ચિત કરે છે. લોન્ચ પર ટિપ્પણી કરતા, itel Indiaના CEO શ્રી અરિજીત તલાપાત્રાએ જણાવ્યું હતું કે, "ભારતના ગ્રાહકોના મોટા ભાગ માટે, સ્માર્ટફોન એક એવી જરૂરિયાત છે જે લાંબા સમય સુધી ચાલે તેવી અપેક્ષા છે. A100 સાથે, અમે મોટાભાગના વપરાશકર્તાઓ માટે સૌથી મહત્વપૂર્ણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે - એક એવો ફોન જે ટકી રહે તે માટે બનાવવામાં આવ્યો હોય, સુંદર ડિઝાઈન ધરાવતો હોય, જ્યારે તે સસ્તું પણ હોય. લશ્કરી ગ્રેડનું ટકાઉપણું અને અલ્ટ્રાલિંક જેવી સુવિધાઓ વ્યવહારુ નવીનતામાં મૂળ છે - જે itelની ઓળખ છે. વૈશ્વિક સ્તરે RAM/ROMની કિંમતોમાં વધારો થવા છતાં, અમારા ઉપકરણો ભારત માટે ઍક્સેસિબલ રહે તેની ખાતરી રાખી છે."




માત્ર રૂ. 6799 માં આકર્ષક ડિઝાઇન સાથે કઠિન ટકાઉપણુંનું મિશ્રણ

## News Brief

### ભારત વેપાર સુધારા વ્યૂહરચના હવે ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ લાવશે

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વચગાળાના વેપાર કરાર બાદ હવે ભારત માટે પોતાની આર્થિક શક્તિ બતાવવાનો સમય પાકી ગયો છે. સિસ્ટમેટિક્સ ગ્રુપના તાજેતરના અહેવાલ મુજબ, ભારતે હવે વ્યાપારિક ખુલ્લાપણું (Trade Openness) અને માળખાગત સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી દેશના મેન્યુફેક્ચરિંગ બેઝને મજબૂત કરી શકાય. આ કરારથી મળેલી તકોનો મહત્તમ લાભ લેવા માટે ભારતે પોતાની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવી અત્યંત આવશ્યક છે.અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે ભારતે સૌથી પહેલા ઉંધી ડ્યુટી સ્ટ્રક્ચરને સુધારવાની જરૂર છે. લોજિસ્ટિક્સ અને કસ્ટમ્સ પ્રક્રિયાઓને વધુ સરળ બનાવીને ઈનપુટ ખર્ચ ઘટાડવો જોઈએ. 'એસેમ્બલી-આધારિત ઉત્પાદન' પર ભાર મૂકીને મોટા પાયે રોજગારીનું સર્જન કરી શકાય છે. મીડિયા અહેવાલ મુજબ, જો ભારત રક્ષણવાદ ઘટાડે અને મુક્ત વ્યાપાર કરારો (FTAs) નો વિસ્તાર કરે, તો સ્થાનિક કંપનીઓ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ શિસ્તબદ્ધ બની શકશે અને ગ્લોબલ વેલ્યુ ચેઈન (GVC) માં ઊંડે સુધી સ્થાન મેળવી શકશે.૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જાહેર થયેલા વચગાળાના દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ, અમેરિકાએ કાપડ, વસ્ત્રો, ચામડાની વસ્તુઓ, પ્લાસ્ટિક, રસાયણો અને મશીનરી જેવી પસંદગીની ભારતીય વસ્તુઓ પર ૧૮ ટકાનો ટેરિફ દર નક્કી કર્યો છે. આ ઘટાડો ભારતીય નિકાસકારોને અમેરિકી બજારમાં કિંમતો નક્કી કરવામાં વધુ સુગમતા આપશે.

### રાણીપેટ ઔદ્યોગિક ક્રાંતિ હેઠળ વિકાસની નવી ક્ષિતિજો ખુલી

# મુખ્યમંત્રી સ્ટાલિને રાણીપેટમાં ટાટા મોટર્સ જેએલઆર પ્લાન્ટનું કર્યું ઉદ્ઘાટન

રાણીપેટ: દક્ષિણ ભારતના માન્ચેસ્ટર ગણાતા તમિલનાડુમાં ઔદ્યોગિક ક્ષેત્રે આજે એક નવો અધ્યાય લખાયો છે. રાજ્યના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને આજે રાણીપેટ જિલ્લાના પાનાપક્કમ ખાતે સિપકોટ (SIPCOT) સંકુલમાં ટાટા મોટર્સના પેસેન્જર વ્હીકલ અને પ્રતિષ્ઠિત જગુઆર લેન્ડ રોવર (JLR) ના નવનિર્મિત મેન્યુફેક્ચરિંગ યુનિટનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્લાન્ટ માત્ર રાજ્ય માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના ઓટોમોબાઈલ સેક્ટર માટે માઈલસ્ટોન સાબિત થશે. અંદાજે ૯,૦૦૦ કરોડ રૂપિયાના તોતિંગ રોકાણ સાથે તૈયાર થયેલો આ પ્રોજેક્ટ તમિલનાડુની આર્થિક ગતિશીલતાને નવી ઊંચાઈએ લઈ જશે. પાનાપક્કમ ખાતેનો આ પ્લાન્ટ સંપૂર્ણપણે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ ફેસિલિટીની વિશેષતા એ છે કે અહીં પરંપરાગત ઈંધણ (ICE) થી ચાલતા વાહનોની સાથે અત્યાધુનિક ઈલેક્ટ્રિક વાહનો (EV) નું પણ ઉત્પાદન કરવામાં આવશે. આ રોકાણ ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં ટાટા ગ્રુપનું એક મોટું કદમ છે.



ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્યોગ મંત્રી ટી.આર.બી. રાજાએ જણાવ્યું હતું કે, આ પ્લાન્ટમાં જગુઆર લેન્ડ રોવર જેવી લક્ઝરી બ્રાન્ડનું ભારતમાં ઉત્પાદન થવું એ ગૌરવની વાત છે અને તેનાથી રાજ્યની પ્રોફાઈલમાં મોટો ઉછાળો આવશે.

આ મેગા પ્રોજેક્ટ દ્વારા પ્રત્યક્ષ રીતે 5,000 થી વધુ યુવાનોને રોજગારી મળવાની આશા છે. મંત્રી રાજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર ફેક્ટરી જ નહીં, પરંતુ તેની આસપાસ જે આનુષંગિક એકમો (Ancillary units) સ્થપાશે, તેનાથી રોજગારીનો આંકડો અનેકગણો વધી જશે. આ પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીઓની પસંદગી રાજ્યની 'નાન મુધલવન' કૌશલ્ય વિકાસ યોજના હેઠળ કરવામાં આવી છે. રાજ્યભરમાંથી પ્રતિભાશાળી યુવક-યુવતીઓને તાલીમ આપીને અહીં નિયુક્ત કરવામાં આવ્યા છે, જે સર્વાંગી વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ટાટા ગ્રુપ અને તમિલનાડુ સરકાર વચ્ચેના મજબૂત સમન્વયને કારણે આ પ્રોજેક્ટ રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ થયો છે. જમીન સંપાદનથી લઈને તમામ કાયદેસરની મંજૂરીઓ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ટાટા ગ્રુપની કાર્યક્ષમતા અને સરકારના સહકારને કારણે આટલો મોટો પ્રોજેક્ટ આટલા ટૂંકા ગાળામાં કાર્યરત થઈ શક્યો છે. આ સફળતા અન્ય વૈશ્વિક રોકાણકારો માટે પણ એક હકારાત્મક સંદેશ મોકલશે. આ તો માત્ર પ્રથમ તબક્કાની શરૂઆત છે. આગામી સમયમાં આ સાઈટ પર બીજા અને ત્રીજા તબક્કાનું વિસ્તરણ કરવામાં આવશે, જેનાથી ઉત્પાદન ક્ષમતામાં ધરખમ વધારો થશે. રાજ્ય સરકાર હવે પછીના "કન્વર્જન્સ કોન્ક્લેવ" માં વધુ નવા રોકાણોની જાહેરાત કરવાની તૈયારી કરી રહી છે. રાણીપેટ હવે ધીમે ધીમે ઓટોમોબાઈલ ઉત્પાદનના વૈશ્વિક નકશા પર ઉભરી રહ્યું છે.

### પંજાબ એનજીઓ એક્સ્પો ૨૦૨૬ સામાજિક પરિવર્તનનું નવું સીમાચિહ્ન બન્યું

લુધિયાણા: પંજાબના ઔદ્યોગિક નગર લુધિયાણામાં તાજેતરમાં યોજાયેલ 'પંજાબ એનજીઓ એક્સ્પો ૨૦૨૬' એ ભારતના સામાજિક ક્ષેત્રમાં એક નવી ઉર્જાનો સંચાર કર્યો છે. સિટીનીડ્સ (CityNeeds) દ્વારા જિલ્લા વહીવટીતંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આયોજિત આ બે દિવસીય પ્રદર્શન માત્ર એક પ્રદર્શન બનીને ન રહેતા, સામાજિક વિકાસ માટે એક સંકલિત 'એનજીઓ ઈકોસિસ્ટમ'નું કાર્યકારી મોડેલ સાબિત થયું છે. ૧ અને ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પાખોવાલ રોડ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમે સરકાર, ઉદ્યોગ જગત અને સામાન્ય નાગરિકોને એક મંચ પર લાવી દીધા છે. આ એક્સ્પોમાં પંજાબભરમાંથી ૭૦થી વધુ પ્રતિષ્ઠિત એનજીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે અહીં પરંપરાગત સખાવતી પ્રવૃત્તિઓના બદલે ઈકોસિસ્ટમ-આધારિત સામાજિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સિટીનીડ્સના સ્થાપક મનીત દીવાને જણાવ્યું કે, ભારતમાં સામાજિક ક્ષેત્રે ઉમદા કાર્ય કરવાની દાનતની કમી નથી, પરંતુ યોગ્ય વ્યવસ્થાનો અભાવ છે. આ પ્લેટફોર્મ દ્વારા એનજીઓને માત્ર લાભાર્થી તરીકે નહીં, પરંતુ સામાજિક મૂલ્ય શૃંખલામાં સમાન ભાગીદાર તરીકે રજૂ કરવામાં આવ્યા હતા.એક્સ્પોનું મુખ્ય આકર્ષણ એનજીઓનું ડિજિટલ સશક્તિકરણ હતું. સિટીનીડ્સે ટેકનોલોજી-આધારિત એવો અભિગમ રજૂ કર્યો જેના દ્વારા એનજીઓ પોતાની પ્રોફાઈલ ડિજિટલી રજૂ કરી શકે, દાતાઓ સાથે પારદર્શક સંવાદ સાધી શકે અને ભંડોળ એકત્ર કરવાની સાથે તેના સામાજિક પ્રભાવનો ડેટા રજૂ કરી શકે. આ ડિજિટલ માળખાએ ઉદ્યોગ જગત અને સીએસઆર (CSR) પ્રતિનિધિઓમાં વિશ્વાસ જગાડ્યો છે, કારણ કે આમાં જવાબદારી અને પારદર્શિતાના સ્પષ્ટ માપદંડો છે. પંજાબ એનજીઓ એક્સ્પો ૨૦૨૬નું બીજું મહત્વનું પાસું વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી હતી. ૪૦થી વધુ શાળાઓ અને કોલેજોના ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ એક્સ્પોમાં હાજરી આપી હતી.

### સ્થાનિક અર્થતંત્ર અને રોજગારીમાં જંગી ઉછાળો

## તમિલનાડુ ઓટોમોબાઈલ હબ બન્યું છ મહિનામાં બે પ્લાન્ટ ખુલ્યા

ચેન્નાઈ: દક્ષિણ ભારતના ઔદ્યોગિક પાવરહાઉસ ગણાતા તમિલનાડુમાં આજે વિકાસની એક નવી મશાલ પ્રગટી છે. રાજ્યના ઉદ્યોગ મંત્રી ટી.આર.બી. રાજાએ સોમવારે ગૌરવ સાથે જાહેરાત કરી હતી કે, તમિલનાડુમાં માત્ર છ મહિનાના ટૂંકા ગાળામાં બે વિશાળ કાર ઉત્પાદન પ્લાન્ટ કાર્યરત થયા છે. આ સિદ્ધિ રાજ્ય સરકારની કાર્યક્ષમતા અને 'દ્રવિડિયન મોડલ' શાસનની ગતિનો જીવંત પુરાવો છે. ટાટા મોટર્સના જગુઆર લેન્ડ રોવર (JLR) ના લક્ઝરી કાર ઉત્પાદન એકમના ઉદ્ઘાટન સાથે જ તમિલનાડુ વૈશ્વિક ઓટોમોબાઈલ નકશા પર વધુ મજબૂત રીતે ઉભરી આવ્યું છે.

મંત્રી રાજાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરતા લખ્યું કે, "આ તમિલનાડુ માટે અદભૂત દિવસ છે." તેમણે ઉલ્લેખ કર્યો કે બે વર્ષથી ઓછા સમયમાં ટાટા જેએલઆર અને વિનફાસ્ટ જેવી વૈશ્વિક કંપનીઓ સમજૂતી કરાર (MoU) થી લઈને સીધા ઉત્પાદન અને રોજગાર સુધી પહોંચી ગઈ છે. આ જ ગતિ મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના શાસનની ઓળખ છે. રાણીપેટ જિલ્લાના પાનાપક્કમમાં સ્થિત આ નવો પ્લાન્ટ ભારતમાં જેએલઆરના ઉત્પાદન પદચિહ્નને વિસ્તૃત કરવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.રાણીપેટની આ ગ્રીનફિલ્ડ ફેસિલિટી ૯,૦૦૦ કરોડ રૂપિયા (આશરે 994 મિલિયન ડોલર) ના જંગી રોકાણ સાથે તૈયાર કરવામાં આવી છે. આ પ્લાન્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ઈન્ટરનલ કમ્બશન એન્જિન (ICE) વાહનોની સાથે અત્યાધુનિક ઈલેક્ટ્રિક વાહનો (EVs) નું પણ નિર્માણ થશે. આ પ્રોજેક્ટ તમિલનાડુની ફ્યુચર મોબિલિટી ઈકોસિસ્ટમમાં વધતી જતી ભૂમિકાને રેખાંકિત કરે છે. ઉદ્યોગ જગતના નિષ્ણાતો આને ભારતની ઓટો-કમ્પોનન્ટ ક્ષમતામાં મોટો વધારો માની રહ્યા છે.

આ માત્ર એક ફેક્ટરી નથી, પણ હજારો પરિવારોના સપના સાકાર કરવાનું માધ્યમ છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટથી રાણીપેટ અને તેની આસપાસના વિસ્તારોમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે. જે રીતે એક પછી એક મોટા ઓટોમોબાઈલ પ્લેયર્સ તમિલનાડુને પોતાની પસંદગીનું સ્થળ બનાવી રહ્યા છે, તેનાથી સ્થાનિક સપ્લાય ચેઈન અને નાના ઉદ્યોગોને પણ મોટો ફાયદો મળી રહ્યો છે. વિનફાસ્ટ બાદ ટાટાનો આ પ્લાન્ટ કાર્યરત થવો એ દર્શાવે છે કે રાજ્ય રોકાણકારો માટે કેટલું અનુકૂળ છે.તમિલનાડુ પહેલેથી જ ભારતનું 'ડેટ્રોઈટ' માનવામાં આવે છે, પરંતુ છેલ્લા બે વર્ષમાં જે રીતે ગ્લોબલ પ્લેયર્સે અહીં પોતાની હાજરી નોંધાવી છે, તેણે સ્પર્ધામાં રાજ્યને સૌથી આગળ લાવી દીધું છે.

## અદાણી એનર્જી સોલ્યુશન્સ પ્રોજેક્ટ માટે જાપાની બેંકોએ કર્યું ધિરાણ

અમદાવાદ: અદાણી ગ્રુપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL) એ સોમવારે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. કંપનીએ તેના અત્યંત મહત્વકાંક્ષી હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરન્ટ (HVDC) ટ્રાન્સમિશન પ્રોજેક્ટ માટે જાપાની બેંકોના કન્સોર્ટિયમ પાસેથી લાંબા ગાળાનું ધિરાણ મેળવ્યું છે. આ પ્રોજેક્ટ ભારતની રાષ્ટ્રીય ગ્રીડમાં રિન્યુએબલ એનર્જીના પ્રવાહને મજબૂત કરવા માટે 'ગ્રીન ઈવેક્યુએશન કોરિડોર' તરીકે કામ કરશે. આ આંતરરાષ્ટ્રીય સહયોગ ભારતની રિન્યુએબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતા પર વૈશ્વિક રોકાણકારોના અતૂટ વિશ્વાસને દર્શાવે છે.

આ પ્રોજેક્ટ રાજસ્થાનના સૌર ઉર્જાથી સમૃદ્ધ પ્રદેશોમાંથી હરિયાળી વીજળી મેળવીને તેને રાષ્ટ્રીય ગ્રીડમાં પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. +-800 kV HVDC નેટવર્ક તરીકે ડિઝાઈન કરાયેલ આ પ્રોજેક્ટની વહન ક્ષમતા 6,000 મેગાવોટ (MW) હશે. આ 950 કિલોમીટર લાંબો કોરિડોર રાજસ્થાનના ભાદલાને ઉત્તર પ્રદેશના ફતેહપુર સાથે જોડશે. વર્ષ 2029 સુધીમાં કાર્યરત થનારો આ HVDC લિંક પ્રોજેક્ટ ભારતની સૌથી વધુ ઉર્જા-સઘન શહેરી અને ઔદ્યોગિક વસાહતો માટે ગ્રીન ટ્રાન્સમિશનની મુખ્ય ધમની બની રહેશે.આ મહત્વપૂર્ણ ધિરાણનું નેતૃત્વ જાપાનની અગ્રણી બેંકો MUFG બેંક લિમિટેડ અને સુમિતોમો મિત્સુઈ બેંકિંગ કોર્પોરેશન (SMBC) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં હિટાચીની અદ્યતન HVDC ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL) ના સહયોગથી પૂરી પાડવામાં આવશે. આ ભાગીદારી 'મેક-ઈન-ઈન્ડિયા' અભિયાનને વધુ વેગ આપશે. જાપાની એજન્સી JCR દ્વારા AESL ને આપવામાં આવેલું BBB+ (સ્ટેબલ) ક્રેડિટ રેટિંગ પણ ભારત અને જાપાન વચ્ચેના ગાઢ નાણાકીય અને ઔદ્યોગિક સંબંધોને સ્પષ્ટ કરે છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, "આ પ્રોજેક્ટ ભારતની ગ્રીન ટ્રાન્સમિશન બેકબોન બનાવવાની દિશામાં એક નિર્ણાયક પગલું છે. જાપાની બેંકો અને હિટાચી જેવા ભાગીદારોનો સતત સહયોગ ટકાઉ ઉર્જા ભવિષ્ય પ્રત્યેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે." ઉલ્લેખનીય છે કે, રાજસ્થાન એ અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) માટે મુખ્ય ઉત્પાદન કેન્દ્ર છે, જે પહેલેથી જ અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (AEML) ને સ્વચ્છ વીજળી સપ્લાય કરે છે. મુંબઈ હવે વિશ્વના એવા ગણ્યાગાંઠ્યા શહેરોમાં સામેલ છે જ્યાં વીજ પુરવઠામાં રિન્યુએબલ એનર્જીનો હિસ્સો 40 ટકાથી વધુ છે.

## ભારત-અમેરિકા વેપાર કરારથી એશિયામાં ભારતનું કદ વધ્યું: JM ફાઇનાન્શિયલ

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરારને કારણે એશિયાના ઉભરતા બજારોમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બની છે. JM ફાઈનાન્શિયલના તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકા દ્વારા ટેરિફમાં કરવામાં આવેલા ઘટાડાથી ભારતીય નિકાસમાં મોટો ઉછાળો આવશે, જેનાથી દેશમાં ડોલરનો પ્રવાહ વધશે અને ભારતીય રૂપિયો મજબૂત બનશે. આ કરારથી ભારત હવે તેના એશિયન હરીફો જેમ કે વિયેતનામ અને બાંગ્લાદેશ સામે સ્પર્ધાત્મક લીડ મેળવી રહ્યું છે.અહેવાલ મુજબ, એશિયાના ઘણા ઉભરતા બજારો હજુ પણ અમેરિકાના ઊંચા ટેરિફનો સામનો કરી રહ્યા છે, જ્યારે ભારતના ઉત્પાદનો પરનો અસરકારક ટેરિફ ઘટીને ૧૮ ટકા થયો છે. આ ફેરફારને કારણે અમેરિકી બજારમાં ભારતીય માલ સસ્તો થશે. જેએમ ફાઈનાન્શિયલે નોંધ્યું છે કે, આ કરાર ભારતીય ઈક્વિટી બજાર, ખાસ કરીને નિકાસ-લક્ષી ક્ષેત્રો માટે અત્યંત સકારાત્મક છે. જોકે, શેરબજારના ઊંચા મૂલ્યાંકનને કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) નો પ્રવાહ ધીમે ધીમે વધવાની શક્યતા છે. કરાર હેઠળ અમેરિકાએ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૩૨૯ હેઠળ વધારાની ૨૫ ટકા ડ્યુટી પાછી ખેંચી લીધી છે. આનાથી હીરા અને ઝવેરાત (Gems & Jewellery), ટેક્સટાઈલ (કાપડ), મશીનરી, કેમિકલ્સ અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોને મોટો ફાયદો થશે. રસપ્રદ વાત એ છે કે, ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પહેલાથી જ મુક્તિનો લાભ મેળવી રહી હતી, તેથી તેના પર કોઈ ખાસ અસર નહીં પડે.

## ટાટા જેએલઆર વાર્ષિક ઉત્પાદન હવે ત્રણ લાખ વાહનો સુધી પહોંચશે

રાણીપેટ: તમિલનાડુના રાણીપેટ જિલ્લામાં ટાટા મોટર્સ અને જગુઆર લેન્ડ રોવર (JLR) ના સંયુક્ત મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે એક મોટી જાહેરાત કરવામાં આવી છે. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને જણાવ્યું હતું કે, આ અત્યાધુનિક ફેસિલિટી વાર્ષિક ૨.૫ થી ૩ લાખ વાહનોનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવશે. આ પ્લાન્ટ કાર્યરત થતાની સાથે જ ભારત હવે યુકે, ઓસ્ટ્રિયા, ચીન અને બ્રાઝિલ જેવા દેશોની હરોળમાં સામેલ થઈ ગયું છે, જ્યાં જગુઆર લેન્ડ રોવરની લક્ઝરી કારોનું ઉત્પાદન થાય છે.પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને રાણીપેટમાં બનેલી પ્રથમ 'લેન્ડ રોવર ઈવોક' (Land Rover Evoque) કારને ફેક્ટરીમાંથી બહાર લાવીને તેનું લોન્ચિંગ કર્યું હતું. ચંદ્રશેખરને આ દિવસને ટાટા પરિવાર માટે 'સુવર્ણ દિવસ' ગણાવ્યો હતો. તેમણે યાદ અપાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં જ્યારે આ પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, ત્યારે મુખ્યમંત્રીએ માત્ર ૧૬ મહિનામાં ઉત્પાદન શરૂ કરવાનું લક્ષ્ય આપ્યું હતું, જે ટાટા ગ્રુપે સંપૂર્ણ સહકાર સાથે સિદ્ધ કર્યું છે. ચેરમેન ચંદ્રશેખરને વધુમાં વિગતો આપતા જણાવ્યું કે, આ પ્લાન્ટનું આયોજન ત્રણ તબક્કામાં કરવામાં આવ્યું છે, જે આગામી ચાર વર્ષમાં પૂર્ણ થશે. જેમ જેમ ઉત્પાદન વધશે તેમ તેમ રાણીપેટની આ ફેક્ટરી વિશ્વના સૌથી અદ્યતન ઓટોમોબાઈલ ઉત્પાદન કેન્દ્રોમાંની એક બની જશે. આ પ્લાન્ટમાં લક્ઝરી સેગમેન્ટની સાથે ઈલેક્ટ્રિક વાહનો પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવશે.

### ફુગાવાના જોખમની અસરથી આર્થિક નીતિ કડક રહેશે

## આરબીઆઈ વ્યાજ દર વિશ્લેષણ હવે લાંબા સમય સુધી વિરામ

નવી દિલ્હી: ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો કરવાનો લાંબો દોર હવે તેના અંતિમ તબક્કે પહોંચી ગયો હોય તેવું જણાય છે. બેંક ઓફ બરોડા (BoB) ના તાજેતરના અહેવાલ મુજબ, ફુગાવાના વધતા જોખમોને જોતા કેન્દ્રીય બેંક હવે વ્યાજ દરોમાં લાંબા ગાળાનો વિરામ લઈ શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી જીડીપી અને સીપીઆઈ (CPI) ના નવા આંકડાઓ કોઈ મોટું આશ્ચર્ય ન સર્જે, ત્યાં સુધી વ્યાજ દરોમાં વધુ ઘટાડો કરવાની શક્યતા નહિવત્ છે. ફેબ્રુઆરીમાં મળેલી નાણાકીય નીતિ સમિતિ (MPC) ની બેઠકમાં રેપો રેટને 5.25 ટકા પર યથાવત રાખવાનો સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ તેમના નીતિગત નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે, "હળવો ફુગાવો અમને આર્થિક વૃદ્ધિને ટેકો આપવાની સાથે નાણાકીય સ્થિરતા જાળવી રાખવાની તક આપે છે." બેંક ઓફ બરોડાના અહેવાલ મુજબ, આરબીઆઈનું હાલનું 'તટસ્થ વલણ' (Neutral Stance) એ વાતનો સંકેત છે કે હવે તેમનું ધ્યાન વ્યાજ દરો ઘટાડવાને બદલે અર્થતંત્રમાં સ્થિરતા જાળવી રાખવા પર કેન્દ્રિત છે.

દેશમાં મોંઘવારીનું પ્રમાણ હાલમાં નિયંત્રણમાં હોવા છતાં, આગામી સમયમાં તે વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નાણાકીય વર્ષ 2025-26 માટે છૂટક ફુગાવાનો દર 2.1 ટકા રહેવાનો અંદાજ છે, પરંતુ આગામી નાણાકીય વર્ષના પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં તે વધીને 4 ટકા અને 4.2 ટકા સુધી પહોંચી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, ફુગાવામાં થતો આ વધારો આરબીઆઈને વ્યાજ દરો ઘટાડતા અટકાવશે. ખાસ કરીને ખાદ્ય પદાર્થોની કિંમતો અને વૈશ્વિક બજારમાં આવતી અસ્થિરતાને કારણે મોંઘવારીનો ગ્રાફ ઉપર જઈ શકે છે.આરબીઆઈએ બજારમાં પર્યાપ્ત લિક્વિડિટી (તરલતા) જાળવી રાખવાની તેની પ્રતિબદ્ધતાને ફરીથી દોહરાવી છે. જીડીપી વૃદ્ધિ દર અંગે વાત કરીએ તો, વર્ષ 2025-26 માં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાની શક્યતા છે, જે ભારતને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર જાળવી રાખવામાં મદદ કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, એપ્રિલ 2026 માં યોજાનારી આગામી બેઠકમાં ફુગાવા અને વૃદ્ધિ અંગે વધુ સ્પષ્ટતા મળશે, કારણ કે ત્યાં સુધીમાં નવા આંકડાઓ પણ સામે આવી જશે.

### અમેરિકી ટેરિફમાં ઘટાડો થતા નિકાસકારોને રાહત

# ભારત અમેરિકા વેપાર કરારથી આયુષ ક્ષેત્રને મોટો ફાયદો થશે

અમદાવાદ: ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વચગાળાના વેપાર કરારને પગલે ભારતના આયુષ (AYUSH) અને ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્રમાં તેજીના નવા સંકેતો દેખાઈ રહ્યા છે. ફાર્મન્ઝા હર્બલના સ્થાપક લાલ હિંગોરાણીએ એક ખાસ મુલાકાતમાં જણાવ્યું છે કે, અમેરિકા દ્વારા આયાત શુલ્કમાં કરવામાં આવેલો ધરખમ ઘટાડો ભારતીય નિકાસકારો માટે સંજીવની સમાન સાબિત થશે. ખાસ કરીને અત્યાર સુધી જે ૫૦ ટકા જેટલો ઊંચો ટેરિફ લાગતો હતો, તેને કારણે ઉદ્યોગ પર ભારે દબાણ હતું, પરંતુ હવે ૧૮ ટકાના ટેરિફ દરથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ઉત્પાદનો વધુ સ્પર્ધાત્મક બનશે.

છેલ્લા લાંબા સમયથી ઉચ્ચ ટેરિફ અને મર્યાદિત ઓપરેટિંગ માર્જિનને કારણે આયુષ ક્ષેત્રના નાના એકમો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૩૨૯ હેઠળ વધારાની ૨૫ ટકા ડ્યુટી પાછી ખેંચી લીધી છે, જે ૭ ફેબ્રુઆરી ૨૦૨૬થી અમલી બની છે. લાલ હિંગોરાણીના મતે, આ ફેરફારની નિકાસકારો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. જોકે, ઉદ્યોગ જગત હજુ પણ એવી અપેક્ષા રાખે છે કે ભવિષ્યમાં આ દરો સામાન્ય સ્તરે પરત ફરે, જેથી નિકાસમાં વધુ વૃદ્ધિ થઈ શકે.અમેરિકા એ ભારતીય આયુષ અને હર્બલ ઉત્પાદનો માટેનું સૌથી મોટું બજાર છે. વર્ષ ૨૦૨૪-૨૫ના આંકડા મુજબ, ભારતે અમેરિકામાં અંદાજે ૬૮૮.૮૯ મિલિયન ડોલરના આયુષ ઉત્પાદનોની નિકાસ કરી છે, જે ૬.૧૧ ટકાનો વૃદ્ધિ દર દર્શાવે છે. ભારતીય નિકાસમાં સૌથી વધુ માંગ 'અશ્વગંધા'ની જોવા મળી છે. આ ઉપરાંત હળદર, આદુ, લીમડો, ત્રિફળા, તુલસી, બ્રાહ્મી અને શતાવરી જેવી આયુર્વેદિક જડીબુટ્ટીઓ અમેરિકી ગ્રાહકોમાં અત્યંત લોકપ્રિય છે. શુલ્ક ઘટવાથી આ ઉત્પાદનોનું વેચાણ વધવાની પૂરી શક્યતા છે.નિકાસકારો માટે અત્યારે સૌથી મોટો પડકાર કિંમતોનું દબાણ છે. અમેરિકી ખરીદદારો ઘણીવાર ખૂબ જ નીચી કિંમતોની માંગ કરે છે, પરંતુ એફડીએ (FDA) ના કડક નિયમો અને ગુણવત્તાના માપદંડોને કારણે તે શક્ય બનતું નથી. હિંગોરાણીએ સ્પષ્ટ કર્યું કે, ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે ચોક્કસ ખર્ચ અનિવાર્ય છે. હવે જ્યારે ટેરિફમાં ઘટાડો થયો છે, ત્યારે નિકાસકારો ગુણવત્તા સાથે સમજૂતી કર્યા વગર બજારમાં ટકી શકશે. આ વચગાળાનો કરાર દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) તરફનું પ્રથમ પગલું માનવામાં આવે છે. ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જાહેર થયેલા સંયુક્ત નિવેદન મુજબ, ભારત અને અમેરિકા બિન-ટેરિફ અવરોધોને દૂર કરવા અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત કરવા માટે પણ સંમત થયા છે. આ કરાર માત્ર આયુષ જ નહીં, પરંતુ ડિજિટલ ટ્રેડ અને નિયમોમાં પણ સ્પષ્ટતા લાવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ વ્યાપારિક માળખાથી બંને દેશોના સંબંધો વધુ સુદ્રઢ બનશે. આગામી સમયમાં ભારતીય આયુર્વેદિક પદ્ધતિઓ વૈશ્વિક સ્તરે નવી ઓળખ પ્રસ્થાપિત કરશે તે નક્કી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-09

# ઉત્તર પ્રદેશમાં સવા ત્રણ કરોડ મતદારોને મળશે નોટીસ

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં થોડા સમય પછી વિધાનસભાની ચૂંટણી થવાની છે. બીજા રાજ્યોની જેમ ઉત્તર પ્દેશમાં પણ એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે. મતદાર યાદીમાં સુધારા વધારા થઈ રહ્યા છે. વિશાળ રાજ્ય હોવાને કારણે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી કમિશનનું કામ પણ સરળ હોતું નથી. હવે એસઆઈઆર અભિયાનની મુદત વધારીને છઠ્ઠી માર્ચ કરવામાં આવી છે. જે મતદારોને ફરિયાદ હોય તેઓ છઠ્ઠી માર્ચ સુધી પોતાની ફરિયાદ નોંધાવી શકશે. આ સિવાય મેપીંગ સાથે જોડાયેલી તમામ નોટીસોની છેલ્લી તારીખ ૨૭ ફેબુરઆરીને બદલે ૨૭ માર્ચ કરવામાં આવી છે. અંતિમ મતદાર યાદી ૧૦મી એપ્રિલે પ્રકાશીત થશે. મુખ્ય ચૂંટણી કમિશનર નવનીત રીણવાના જણાવ્યા પ્રમાણે ફોર્મ ૬ની અરજીઓ વધતી જાય છે. આ સિવાય મેપીંગ માટે મોટી સંખ્યામાં નોટીસ મોકલવામાં આવી છે. મોટી સંખ્યામાં એવા લોકો છે કે જેમનું નામ મતદાર યાદીમાં નથી. મતદાર યાદીમાં નામ નહી હોય એવા ૩૭,૮૦,૪૧૪ અરજીઓ મળી છે. નામમાં વીસંગતતા કે બીજી ભુલો માટે ૩.૨૬ કરોડ લોકોને નોટીસ મોકલવામાં આવશે.

તેલંગાણામાં ૧૧મી ફેબ્રુઆરીએ નગરપાલિકા અને નગર નિગમની ચૂંટણીઓ થવાની છે. અસદુદ્દીન ઓવૈસીના પક્ષ એઆઈએમઆઈએમએ મહારાષ્ટ્રની નગરપાલિકા અને નગર નિગમની ચૂંટણીઓમાં સારો દેખાવ કર્યો હોવાથી બધાની નજર ઓવૈસી પર છે. કેટલાક રાજકીય નીરિક્ષકો માને છે કે, ઓવૈસીનો પક્ષ ભાજપની બી ટીમ છે. જોકે કમસેકમ તેલંગાણામાં તો ઓવૈસીની આગવી ઓળખ છે. ભૂતકાળમાં ઓવૈસીએ કદી રાહુલ ગાંધીની વાતને સીધો કે આડકતરો ટેકો આપ્યો નથી. તેલંગાણાની ચૂંટણી સભાઓમાં ઓવૈસી જોકે રાહુલ ગાંધીના આક્ષેપને આડકતરી રીતે ટેકો આપી રહ્યા છે. ઓવૈસીએ પણ કેન્દ્ર સરકારની ટીકા કરી છે કે, ચીનનું લશ્કર લદ્દાખમાં અંદર સુધી આવી ગયું હોવા છતાં કેન્દ્ર સરકાર સુતી રહી હતી. ઓવૈસીએ કદાચ પહેલી વખત ભાજપ અને આરએસએસ પર સીધા પ્રહારો કરતા કહ્યું હતું કે, ભાજપ સરકાર સૈન્યને સીધો આદેશ આપવાની હીમત કરી શકી નહોતી.

કર્ણાટક વિધાનસભામાં ભાજપ અને જનતા દળના એક્સાઈઝ મીનીસ્ટર આર બી તીમ્માપુર વચ્ચે જામી પડી છે. ભાજપ અને એના સાથીપક્ષ જનતાદળ (સેક્યુલર)એ એક્સાઈઝ વિભાગમાં થયેલા ભ્રષ્ટાચાર બાબતે મંત્રી તીમ્માપુરનું રાજીનામુ માગ્યુ છે. વિધાનસભાની બહાર ભાજપના ધારાસભ્યોએ આખી રાત વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપનો આક્ષેપ છે કે, રાજ્યના એક્સાઈઝ ખાતામાં ભ્રષ્ટાચાર થયો છે. લીકરનું લાયસન્સ આપવા માટે લાંચ માંગવામાં આવે છે. આ કૌભાંડ ૬ હજાર કરોડ રૂપિયાને આંબી ગયું છે. આક્ષેપ છે કે કોંગ્રેસ આ પૈસાનો ઉપયોગ જે રાજ્યોમાં ચૂંટણી હોય એના ફંડીંગ માટે કરે છે. લીકર માટે લાયસન્સ જરૂરી છે અને લાયસન્સ આપવા માટે કેટલાક અધિકારીઓ લાંચ લેતા પકડાયા છે. જોકે મંત્રીએ આક્ષેપોનો જવાબ આપતા વિધાનસભામાં કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર કોઈ નવી વાત નથી. ખાસ કરીને મારા વિભાગમાં તો આવા આક્ષેપ થતા જ રહે છે.

દિલ્હી - એનસીઆરનું કુખ્યાત પાર્ટી હબ 'ગાર્ડન ગેલેરિયા મોલ' ફરીથી ચર્ચામાં છે. આ મોલમાં વારંવાર મારામારી થતી રહે છે. ભૂતકાળમાં પણ અહીં સિક્યુરીટી માટે રખાયેલા બાઉન્સરોએ ગુંડાગીરી કરી હતી. મોલના ઈમ્પલ્સ બારમાં કેટલીક વ્યક્તિઓ વચ્ચે સામાન્ય બોલચાલ થતા વાત વધીને મારામારી સુધી પહોંચી ગઈ હતી. પહેલા એવા સમાચાર બહાર આવ્યા હતા કે, બારમા આવેલા ગેસ્ટ સાથે બાઉન્સરને ઝઘડો થઈ ગયો હતો. બે જૂથો વચ્ચે પણ વાત મારામારી સુધી પહોંચી ગઈ ત્યારે બાઉન્સરોએ પહોંચી જઈ વાત વધારી હતી. આરોપ છે કે બાઉન્સરોએ બે યુવાનોને ઘેરી લઈ એમને જમીન પર સુવડાવી ક્રૂરતાથી માર માર્યો હતો. પોલીસે અત્યાર સુધી ૭ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ ઘટનાનો વિડિયો દિલ્હીમાં વાયરલ થઈ રહ્યો છે.ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને એક જમાનામાં ખમતીધર દલીત નેતા ગણાતા માયાવતી છેલ્લા કેટલાક સમયથી રાજકીય રીતે પાછળ રહી ગયા છે. એમના પક્ષ બીએસપીનો દેખાવ છેલ્લી ઘણી ચૂંટણીઓમાં ખૂબ જ નબળો રહ્યો છે. હવે માયાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે નવેસરથી તૈયારી શરૂ કરી રહ્યા છે. તેઓ સંગઠનમાં મોટા ફેરફાર કરશે એવી શક્યતા છે.

# સંખેડામાં ૩૮૦ લાખના શિક્ષણ કાર્યોનું લોકાર્પણ





કમલેશ પટેલ | સંખેડા

આજ રોજ સંખેડા તાલુકામાં 6 ગામમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં માન્ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલ, માનનીય સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, સંખેડા તાલુકાના ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી સંજયભાઈ રાઠવા તથા સંખેડા તાલુકા પ્રમુખ શ્રીમતી દીપીકાબેન તડવી,જૈમિન પટેલ તાલુકા ભાજપા પ્રમુખ શ્રી ના હસ્તક સમગ્ર શિક્ષા અંતર્ગત 380 લાખના ખર્ચે 20 ઓરડાઓના ભવ્યતાથી રંગેચંગે લોકાર્પણ કરવામાં આવ્યો જેમાં શાળાના આચાર્ય, એસએમસી કમિટી, સરપંચ શ્રી ઓ,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી,બી.આર.સી શ્રી,સી.આર.સી શ્રી,TRP,શિક્ષક સંઘના પ્રતિનિધિશ્રીઓ તથા ગામના મોટી સંખ્યામાં આગેવાનો, શિક્ષકો તથા શાળામાં અભ્યાસ કરતા બાળકો હાજર રહ્યા. જેમાં

1) વાસણા પ્રાથમિક શાળા ખાતે 5 ઓરડા
2) પરવટા પ્રાથમિક શાળા ખાતે 2 ઓરડા
3) લાછરસ પ્રાથમિક શાળા ખાતે 6 ઓરડા
4) રામસરી પ્રાથમિક શાળા ખાતે 2 ઓરડા
5) દેરોલી પ્રાથમિક શાળા ખાતે 1 ઓરડો
6) પીપળીયા પ્રાથમિક શાળા ખાતે 4 ઓરડા એમ કુલ 20 ઓરડા સમગ્ર શિક્ષા છોટાઉદેપુર તથા વાસણા જુથ ગ્રામ પંચાયતનુ એક આંગણવાડી કેન્દ્ર નું મહાનુભાવો ની હાજરીમાં વિદ્યાર્થીઓને ઉપયોગ અર્થે નવીન ઓરડા સુવિધાઓથી સજ્જ ઓરડાના લોકાર્પણ કરવામાં આવ્યા.

## ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પક્ષી વસ્તી ગણતરી આજે પુરી થશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખીજડીયામાં ગત વર્ષે દેશ-વિદેશના ૨૯૦ પ્રજાતિના ૨ લાખ ૮૯ હજાર પક્ષીઓ નોંધાયા હતાશિયાળામાં દેશ-વિદેશના હજારો પક્ષીઓના આશ્રય સ્થાન એવી જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ગત વર્ષની માફક આ વર્ષે પણ વન વિભાગના મરીન નેશનલ પાર્ક દ્વારા તા.૬ અને ૭ ફેબ્રુઆરીના બે દિવસોમાં પક્ષી વસ્તી ગણતરી કાર્ય કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં વનકર્મીઓ અને સ્વયંસેવકો મળીને ૧૦૦ જેટલા લોકો જોડાયા છે. આ વસ્તી ગણતરી આજે પુર્ણ થયા પછી આવનારા દિવસોમાં રાજ્યના વન વિભાગ દ્વારા વિગતો જાહેર થશે.

વડીલ એટલે સમજણનો સાર અને અનુભવનો આચાર......

## દેશલપર(ગું)ના "દરીયાદિલ" વડીલના અવસાનથી સમગ્ર મથકમાં ફેલાયો શોક

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

મુળ ગામ દેશલપર (ગુંતલી) નખત્રાણા-કચ્છ ના હાલે નખત્રાણા બાબુલાલ કુંવરજીભાઈ ઠક્કર(બબા શેઠ) જેવોનું ૮૨ વયે વડીલના અવસાન થતા દેશલપર ગામ સહિત સમગ્ર મથક પર ગહેરા શોકની લાગણી છવાઈ ગઈ છે જેવો માનવ સેવાકાર્ય સહીત જીવદયા પ્રેમી તરીકે મોટુ નામ ધરાવતા હતા તેમજ જે તે સમય ગ્રામનાટક જોવા એકથી બીજા ગામે જવા માટે ટ્રક (ખટારો) વિનામુલ્ય તૈયાર જ રહેતો અને સૌ ગામના લોકોને નાટક માં રસ ધરાવતા એમને વિનામૂલ્ય પોતાના ટ્રકમા લઈ જતા ઉલ્લેખનિય કે એ સમય માં ગ્રામ નાટકો જ લોકોનું મનોરંજન હતુ જેવોની વાતો ને વાગોડતા લોકોના મુખે જે અસ્મણીયણ રહેશે જેવોના અવસાન ના સમાચાર સાંભળતા જ ગામ લોકો એ શોક વ્યક્ત કરેલ હતો સૌ એ ભાવ ભિન્ન શ્રદ્ધાજંલી આપી કુટુંબ પર આવી પડેલ દુખ સહન કરવા ભગવાન પાસે પ્રાર્થના કરાઈ હતી દેશલપર ગામ ના સિમાડે આવેલ શ્રી જંગલેશ્વર મહાદેવ મંદિરે મોર સહીત અન્ય પક્ષીઓ માટે સ્વ.બાબુલાલ ઠક્કરના પુત્ર ચેતનભાઈ ઠક્કર (નખત્રાણા-કચ્છ) જેવો દ્રારા છેલ્લા અંદાજિત ૧૨(બાર)વર્ષ થી ચણ પુરૂ પાડવામાં આવે છે અને ચણ માટે આર્થિક સહયોગ આપી એક જીવદયા નું ઉત્તમ કાર્ય જે પ્રેરણારૂપ કાર્ય છે તેમજ જંગલેશ્વર મહાદેવ મંદિરનાં સંચાલન કરતા દેશલપર(ગું) ગામના ઘનશ્યામ દવે એ દુખની લાગણી વ્યક્ત કરતા શ્રદ્ધાજંલી અપાઈ હતી.

## બનાસકાંઠાની પાંચ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે બેઠકોની ફાળવણી જાહેર

પાલનપુર | રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા બનાસકાંઠા જિલ્લાની પાંચ તાલુકા પંચાયતો - પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા અને અમીરગઢની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો મહત્વપૂર્ણ આદેશ ૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવ્યો છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને સીમાંકન નિયમો હેઠળ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) તેમજ સ્ત્રીઓ માટેની બેઠકોની ફાળવણી દરેક સામાન્ય ચૂંટણીમાં રોટેશન મુજબ કરવાની જોગવાઈ છે. આ વખતે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ના અમલ સાથે SEBC વર્ગો માટેની અનામત બેઠકો વધારીને કુલ બેઠકોના ૨૭% કરવામાં આવી છે. વિકાસ કમિશનર દ્વારા ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરીના આંકડાના આધારે આ બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરવામાં આવી છે.બેઠકોની ફાળવણીની વિગતવાર માહિતી જોઈએ તો, પાલનપુર તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે કુલ ૩૪ બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે. આ બેઠકોમાં વસ્તીના ધોરણે અનુસૂચિત જાતિ (SC) માટે ૪ બેઠકો અને અનુસૂચિત આદિજાતિ (ST) માટે ૧ બેઠક અનામત રાખવામાં આવી છે.

## રાજુલા ખાતે શ્રી મતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીનીઓ માટે GCAS એડમિશન માર્ગદર્શન સત્ર યોજાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા ખાતે ધોરણ-૧૨ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીની બહેનો માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન અને માહિતી આપવામાં માટે સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શ્રીમતી ટી.જે. બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ તથા શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત માર્ગદર્શકો દ્વારા વિદ્યાર્થીનીઓને GCAS એડમિશન પ્રક્રિયા તેમજ કોલેજ પ્રવેશ માટે જરૂરી ઓનલાઈન અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન, જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની રીત, કોલેજ પસંદગી પ્રક્રિયા,




મેરીટ લિસ્ટ અને પ્રવેશના વિવિધ તબક્કાઓ વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી તેમને યોગ્ય અને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીની બહેનોને ઉચ્ચ શિક્ષણ માટે સજાગ બનાવવાનો અને પ્રવેશ પ્રક્રિયામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવાનો હતો. હતું. માહિતી સત્રમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી અને કાર્યક્રમ રંગેચંગે પૂર્ણ થયો હતો.

# લુણાવાડાના આઝાદ મેદાન ખાતે 'સ્વદેશી મેળો - શોપિંગ ફેસ્ટિવલ'નો ભવ્ય પ્રારંભ




લુણાવાડા નગરપાલિકા દ્વારા 'વોકલ ફોર લોકલ'ના અભિગમને સાર્થક કરવા અને સ્થાનિક વેપારીઓના આર્થિક ઉત્થાન માટે લુણાવાડાના ઐતિહાસિક આઝાદ મેદાન ખાતે *'સ્વદેશી મેળો - શોપિંગ ફેસ્ટિવલ'*નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે

જગદીશ ત્રિવેદી | મહીસાગર

લુણાવાડા નગરપાલિકા દ્વારા 'વોકલ ફોર લોકલ'ના અભિગમને સાર્થક કરવા અને સ્થાનિક વેપારીઓના આર્થિક ઉત્થાન માટે લુણાવાડાના ઐતિહાસિક આઝાદ મેદાન ખાતે *'સ્વદેશી મેળો - શોપિંગ ફેસ્ટિવલ'*નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્ઘાટન મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉદ્ઘાટક શ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે આવા મેળાઓ ખૂબ જ મહત્વના છે. સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગથી આપણા સ્થાનિક કારીગરો અને વેપારીઓને સીધું પ્રોત્સાહન મળે છે. લુણાવાડા નગરપાલિકા દ્વારા આયોજિત આ શોપિંગ ફેસ્ટિવલ નાગરિકો માટે એક જ સ્થળેથી ગુણવત્તાયુક્ત સ્વદેશી વસ્તુઓ ખરીદવાની ઉત્તમ તક પૂરી પાડશે.'શહેરના તમામ નાગરિકોને આ મેળાની મુલાકાત લઈ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટે અપીલ કરવામાં આવી છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી કીર્તિ પટેલ, અગ્રણીશ્રી દશરથભાઈ બારીયા સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને બહેનો ઉપસ્થિત રહી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન SSSDIIT કોલેજના વિદ્યાર્થીઓની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન સ્વામિનારાયણ ગુરૂકુળ જૂનાગઢ સન્યાલિત SSSDIIT કોલેજના બી સી એ અને બી એસ સી આઈટીના વિદ્યાર્થીઓએ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમા કાર્યરત જુદી જુદી ૧૦ શૈક્ષણિક સ્કૂલ્સ ની જાણકારી મેળવી હતી અને જાણ્યુ હતુ કે અત્રે ઉલલ્ખનિય છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા માત્ર પરંપરાગત્ત૦ શિક્ષણને બદલે નવા ઈનોવેટિવ વિચારો સાથેનુ પ્રાયોગિક જ્ઞાન ધરાવતુ શિક્ષણ આપવામા આવે છે અને શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેને અનુરૂપ સ્ટાર્ટ અપ કેવી રીતે શરૂ કરવુ કે નોકરી કઇ રીતે મેળવવી તેનુ માર્ગદર્શન પણ આપવામા આવે છે. આ મુલાકાત દરમ્યાન સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમાં નવા સ્ટાર્ટ અપ માટે માર્ગદર્શન આપતા સ્વર્ણિમ આઇ ઇ ડિપાર્ટમેન્ટ અને સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેન્ટરની પ્રત્યક્ષ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબ જ માર્ગદર્શિત રહી હતી અને તેમણે ઈનોવેટિવ આઈડિયાઝ-સ્કિલ્સ, સ્ટાર્ટ અપ અને એન્ત્રોર્પિનિયરશીપ જેવી બાબતોનુ જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતુ એમ વિદ્યાર્થીઓની સાથે ગયેલા કોલેજના આસી.ડો. ચિંતનભાઇ કક્કડે જણાવ્યુ હતુ. સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત વિદ્યાર્થીઓને સ્નાતક શિક્ષણ પૂર્ણ કર્યા પછી આગળની કારકિર્દીના વિકલ્પો પસન્દ કરવામાં ખૂબ જ મદદરૂપ અને માર્ગદર્શક સાબિત થશે.

# BOB RSETI મહિસાગર દ્વારા ૧૪ દિવસીય 'ક્રિએટિવ જ્વેલરી મેકિંગ' તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન....




જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ અને સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુથી BOB RSETI મહિસાગર ખાતે ૧૪ દિવસીય 'ક્રિએટિવ જ્વેલરી મેકિંગ' તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મહિસાગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન એન. ભાભોરના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થે મહિલા સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતાના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે તાલીમાર્થીઓને જણાવ્યું હતું કે, માત્ર તાલીમ લેવી પૂરતી નથી, પરંતુ તૈયાર કરેલી પ્રોડક્ટ્સના વેચાણ માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને જિલ્લા કક્ષાના મેળાઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. આનાથી મહિલાઓ પોતાના વ્યવસાયને આધુનિક સમય સાથે જોડીને આર્થિક રીતે આત્મનિર્ભર બની શકશે.જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થે ગ્રામીણ યુવાનોનું શહેરો તરફ થતું સ્થળાંતર રોકવા અને સ્થાનિક સ્તરે રોજગારી ઉભી કરવાના RSETI મહિસાગરના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ તાલીમ દ્વારા મહિસાગર જિલ્લાની મહિલાઓને ઘરબેઠાં આવકનો વૈકલ્પિક સ્ત્રોત મળી રહેશે, જે તેમના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવામાં પાયાનો પથ્થર સાબિત થશે. માસ્ટર ટ્રેનર શ્રીમતી મીનાબેન પટેલ દ્વારા તાલીમાર્થીઓને જ્વેલરી મેકિંગની વિવિધ કળાઓ શીખવવામાં આવશે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝની બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા૦૯, ભારતિય જ્ઞાન પરંપરામાં ઋષિકુળથી સાંપ્રત સમય સુધી શિક્ષણનો આત્મા તો એ જ છે, સત્ય તો એ જ છે, અધ્યાત્મ તો એ જ છે, મૂલ્યો પણ એ જ છે, નૈતિક ખ્યાલો પણ એ જ છે, શુચિતાભર્યું પવિત્ર જીવન કે એવા ખ્યાલો પણ એ જ છે, જ્ઞાનની પવિત્રતા પણ એ જ છે, જ્ઞાનની મહત્તા પણ એ જ છે, માણસ સમયે સમયે આ બુનિયાદી બાબતો સાથે બાંધછોડ કરતો રહ્યો છે. માણસની જાણ બહાર જ પછી માણસ, તેનો સમાજ, સઘળું બદલાતું જાય છે, વર્તણૂંકમાં નવાં ગણિતો ગણતો જાય છે પણ આગળ જવાની લ્હાયમાંને લ્હાયમાં તેની પેલી મૂલ્ય પરંપરાઓ, જ્ઞાન પરંપરાઓથી તે ફંટાઈ જાય છે, અને છેવટે સ્થિતિ એવી આવે કે તે ફંગોળાઈ પણ રહે છે. આવી ફંગોળાવાની સ્થિતિ આવે તે પહેલાં માણસે જાગી જવું જોઈએ, સબળ જ્ઞાન પરંપરાઓને પુનર્જીવિત કરવા, તેને ચુસ્તપણે અનુસરવા કૃતનિશ્ચયી બનવું પડે, એ માર્ગે ગતિ કરવા સંકલ્પબદ્ધ બનવું પડે. આવી વાત આજે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં કૂલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે રસાયણ શાસ્ત્ર, જીવ વિજ્ઞાન અને અન્ય વિષયોનાં બોર્ડ ઓફ સ્ટડીઝનાં સભ્યોને સંબોધતા જણાવ્યુ હતુ. પ્રો. પ્રતપસિંહજી ચૌહાણે આજની શિક્ષણ વ્યવસ્થા, અભ્યાસ માળખામાં રીચર્સ જન્ય બદલાવોની સમાવેશ પર વાત કતરા જણાવ્યુ હતુ કે આપણી ભારતિય જ્ઞાન પ્રણાલીએ વિશ્વને શાંતિપાઠ આપ્યો છે. જે આકાશમાં, અંતરિક્ષમાં, પૃથ્વીમાં, જળમાં, વૃક્ષમાં, પ્રકૃતિમાં, બ્રહ્મ અને સઘળે માત્રને માત્ર શાંતિ ઈચ્છે છે. આ જ્ઞાને આપણને યુગોથી શીખવ્યું છે.

## શિવરાત્રીનાં મેળામાં જ્ઞાન પરંપરાના દૃષ્ટિકોણથી સ્થાનિક વેપારના ક્ષેત્રોમાં પ્રેરક વિષયે પર હાથ ધરાશે પ્રાયોગિક સંશોધન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના વાણિજ્ય અને વ્યવસ્થાપન વિભાગ દ્વારા શિવરાત્રી મીની કુંભ મેળા દરમિયાન Traditional Religious Melas as Catalysts of Local Commerce: An Empirical Study of the Shivratri Mini Kumbh Mela through the Perspective of Indian Knowledge Systems (પરંપરાગત ધાર્મિક મેળાઓ સ્થાનિક વેપારના પ્રેરક તરીકે: ભારતીય જ્ઞાન પરંપરાના દૃષ્ટિકોણથી શિવરાત્રી મીની કુંભ મેળાનો પ્રાયોગિક અભ્યાસ) વિષય પર પ્રાયોગિક સંશોધન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ મેળો ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતો હોવા સાથે સ્થાનિક વેપાર અને રોજગાર પ્રવૃત્તિઓ માટે પણ વિશેષ મહત્વ ધરાવે છે.આ સંશોધન પેપર માટે આદરણીય કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણના માર્ગદર્શન મુજબ પ્રશ્નાવલીની રચના કરવામાં આવી છે. સહાયક પ્રાધ્યાપક ડૉ. દિનેશકુમાર રામજીભાઈ ચાવડા,તથા સંકેતકુમાર બાબુભાઈ વાછાણી, પીએચ.ડી. સંશોધન વિદ્યાર્થી, દ્વારા સંયુક્ત રીતે સંશોધન કરવામાં આવી રહ્યું છે.

## ભવનાથ, જૂનાગઢ ખાતેના મહાશિવરાત્રી મેળા-૨૦૨૬ દરમિયાન શ્રદ્ધાળુઓની સહાય માટે કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૯. મહાશિવરાત્રી મેળાનો આરંભ તા. ૧૧ ફેબ્રુઆરીથી થનાર છે. મહા શિવરાત્રીના મેળાને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. મેળામાં આવતા શ્રધ્ધાળુઓને કોઇ પ્રકારની આપત્તિ, માહિતી અથવા સહાય માટે વિવિધ વિભાગ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, પોલીસ વિભાગ, ફાયર ઈમરજન્સી, ૧૦૮ ઈમરજન્સી, સિવિલ હોસ્પિટલ, ફોરેસ્ટ કંટ્રોલરૂમ, એસ.ટી. ટ્રાફિક, રેલ્વે કંટ્રોલ, શહેર ટ્રાફિક સહિતના સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેથી કરીને શ્રધ્ધાળુઓને મેળા દરમિયાનની મુશ્કેલીમાં સહાયતા મળી શકે. ભવનાથ શિવરાત્રીના મેળાને લઈને જુદા જુદા વિભાગ/ખાતાઓ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. શ્રધ્ધાળુઓને મેળા દરમિયાન મુશ્કેલી સર્જાય તો આ નંબર ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## જૂનાગઢ: 'સખી' વન સ્ટોપ સેન્ટર પરિવારો અને મહિલાઓ માટે મદદનું કેન્દ્ર બન્યું"

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૯ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,જૂનાગઢની કચેરી દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મહિલાઓને તબીબી સહાય, હંગામી આશ્રય, કાયદાકીય સહાય, પોલીસ સહાય તેમજ પરામર્શ સહિતની સેવાઓ આપવામાં આવે છે. મહિલા અને બાળ અધિકારીશ્રી સી. જી. સોજીત્રા તથા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી. ડી. ભાડના માર્ગદર્શન હેઠળ સેન્ટર લેબર કોર્ટ, હાથીખાના ચોક, જૂનાગઢ ખાતે ૨૪ કલાક કાર્યરત છે. તાજેતરમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મારફતે એક અરજદાર બહેન સખી વન સ્ટોપ સેન્ટર, જૂનાગઢ ખાતે આવ્યા હતા. અરજદાર બહેનનો એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો, પરંતુ યુવકની ઉંમર કાયદેસર લગ્ન વય કરતાં ઓછી હોવાથી તથા પરિવારની અસહમતિના કારણે પરિસ્થિતિ તણાવપૂર્ણ બની હતી. અરજદાર બહેન પિતા સાથે રહેવા માટે પણ તૈયાર ન હતા.અરજદાર બહેનની સુરક્ષા અને હિતને ધ્યાનમાં રાખી તેમને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે તાત્કાલિક આશ્રય આપવામાં આવ્યો. સેન્ટરના કર્મચારીઓ દ્વારા તેમનું ઊંડાણપૂર્વક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું અને કાયદાકીય સ્થિતિ અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.

## જૂનાગઢ જીલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ પશુપાલકો નો બનાસ ડેરી પ્રવાસ ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૯. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ખેડુત પશુપાલકો ની આવક બમણી કરવાની નેમ સાથે દેશના ગૃહ મંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ' સહકાર સે સમૃધ્ધી' અંતર્ગત વિવિધ યોજનાઓ અમલીકરણ કરી સમગ્ર દેશમાં ખેડુત પશુપાલકોની આવક બમણી કરવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે જૂનાગઢ જીલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ શ્રી સાવજ જૂનાગઢ જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. દ્વારા સાવજ ડેરી સાથે સંલગ્ન પશુપાલકોને બનાસ ડેરીના પ્રવાસ અંતર્ગત આજ રોજ જૂનાગઢ જીલ્લા પંચાયત ખાતે થી પ્રવાસ ને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.આ પ્રવાસ દરમિયાન બનાસ ડેરી દ્વારા પશુપાલકો ના હિતમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ, બનાસકાંઠા ના ગામડાઓમાં ચાલી રહેલ દુધ મંડળીઓ, ગોબર ગેસ પ્લાન્ટ, પ્રાકૃતિક ખેતી, જેવી વિવિધ પ્રવૃત્તિઓ ની ઝીણવટભરી માહિતી આપવામાં આવશે. આ તકે જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, જીલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલ, જીલ્લા પશુપાલન અધિકારી શ્રી પાનેરા સહિત ના અધિકારીશ્રીઓ, સાવજ ડેરીના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઠક્કરબાપા વિસ્તારમાં અંડરબ્રિજ અધૂરો, બાળકો અને દર્દીઓને ભારે હાલાકી : ગૌરી દેસાઈ AAP

# અમદાવાદ ઓમ નગર રેલ્વે ફાટક પર અંડરબ્રિજનું કામ 3 વર્ષથી અધૂરૂં








5 મિનિટનાં રસ્તા માટે 30 મિનિટનો સમય લાગે છે, અંડરબ્રિજ અધૂરો હોવાના કારણે મુશ્કેલી : ગૌરી દેસાઈ AAP

સિવિલ અને યુ.એન. મહેતા હોસ્પિટલનો માર્ગ અવરોધિત, ઇમરજન્સીમાં પણ વાહન પસાર થઈ શકતું નથી : ગૌરી દેસાઈ AAP

અમદાવાદ | અમદાવાદના ઠક્કરબાપા વિધાનસભા વિસ્તારમાં આવેલ અનુપમ અસારવા શાળા (ધોરણ 9-10) નજીક આવેલા ઓમ નગર રેલ્વે ફાટક પર અંડરબ્રિજનું કામ છેલ્લા ત્રણ વર્ષથી અધૂરૂં પડ્યું છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, સ્કૂલના બાળકો, વૃદ્ધો અને દર્દીઓ ગંભીર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા રેલ્વે વિભાગ દ્વારા અંડરબ્રિજનું કામ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદનો ભાગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકાર હેઠળ આવતો હોવા છતાં આજદિન સુધી કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. કોર્પોરેશન દ્વારા એક વર્ષમાં કામ પૂર્ણ કરવાની બાહેંધરી આપવામાં આવી હતી, પરંતુ આજે ત્રણ વર્ષ બાદ પણ મોટા મોટા ખાડા ખોદી કામ અધૂરૂં છોડી દેવાયું છે. આ માર્ગ પરથી સિવિલ હોસ્પિટલ તથા યુ.એન. મહેતા હોસ્પિટલ જેવી મહત્વની આરોગ્ય સંસ્થાઓ સુધી જવું પડે છે. અંડરબ્રિજ અધૂરો હોવાથી તાત્કાલિક સારવાર માટે જ્યાં 5 મિનિટમાં પહોંચી શકાય તે રસ્તા માટે આજે સ્થાનિકોને 2થી 3 કિલોમીટર ફરીને અડધો કલાક જેટલો સમય વેડફવો પડે છે. ફાટક પરથી કોઈ રિક્ષા, કોઈ વાહન કે સાઇકલ પસાર થઈ શકતી નથી, જેના કારણે બાળકોને રોજ જીવ જોખમમાં મૂકી રેલ્વે ફાટક ક્રોસ કરવો પડે છે. વરસાદ દરમિયાન ખાડાઓમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે અકસ્માતની ભયાનક શક્યતા ઊભી થાય છે. જો કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે, એવો સવાલ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.આ બાબતે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, ઓમ નગર ફાટક પર કામ શરૂ કરીને અધૂરૂં મૂકી દેવામાં આવ્યું છે.

### મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસે AAP દ્વારા ઢોલ નગારા વગાડી, માટલા ફોડીને કરાયું વિરોધ પ્રદર્શન

અમદાવાદ | અમદાવાદમાં ઓઢવ વિસ્તારની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવા મામલે આમ આદમી પાર્ટીના યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટ તથા AAP નેતા જૈમિન દેસાઈની આગેવાનીમાં સ્થાનિકોને સાથે રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. AAP નેતા ડૉ. કરન બારોટ અને જૈમિન દેસાઈ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તથા સ્થાનિક લોકોએ ઢોલ નગારા વગાડીને તથા કોર્પોરેશનની ઓફિસમાં ખૂબ જ મજબૂતીથી રજૂઆત કરવા પહોંચ્યા હતા. જ્યારે કોર્પોરેશનના ગેટ આગળ તમામ લોકો પહોંચ્યા તો અંદર જતા તેઓને રોકવામાં આવ્યા. આ દરમિયાન AAP નેતા ડૉ. કરન બારોટે જણાવ્યું કે, કોર્પોરેશનમાં ભાજપની સરકાર છે, રાજ્યમાં ભાજપની સરકાર છે, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે અને આ રીતની ત્રીપલ એન્જિનની ભાજપની સરકાર ચાલી રહી છે.

### AMCની અકૂશળતાથી પ્રજાના ટેક્સના પૈસાનો ખુલ્લેઆમ દુરુપયોગ: વિજય પટેલ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતે અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલ, અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ અને વિદ્યાર્થી પાંખ ASAPના મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલ દ્વારા એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સનું આયોજન થયું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે આપણે વાત કરીશું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અકૂશળતાના લીધે કઈ રીતે પ્રજા પર ભાર પડી રહ્યો છે. દર વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું 15 હજારથી 17 હજાર કરોડનું બજેટ હોય છે. અને આ જોઈને લાગતું હશે કે અમદાવાદમાં જબરદસ્ત કામ થતા હશે. પરંતુ આવા કોઈ કામ થતા નથી કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે વહીવટી કુશળતા નથી. તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ કમિશનર માટે પાંચ વર્ષ માટે ટાટા ટીગોર નામની ગાડી ભાડે રાખવામાં આવી હતી.

### ભાજપની ત્રીપલ એન્જિનની સરકારમાં લોકો ગટરનું મિક્સ થયેલું પાણી પીવા મજબૂર: ડૉ.કરન બારોટ

અમદાવાદ | અમદાવાદમાં ઓઢવ વિસ્તારની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવા મામલે આમ આદમી પાર્ટીના યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટ તથા AAP નેતા જૈમિન દેસાઈની આગેવાનીમાં સ્થાનિકોને સાથે રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. AAP નેતા ડૉ. કરન બારોટ અને જૈમિન દેસાઈ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તથા સ્થાનિક લોકોએ ઢોલ નગારા વગાડીને તથા કોર્પોરેશનની ઓફિસમાં ખૂબ જ મજબૂતીથી રજૂઆત કરવા પહોંચ્યા હતા. જ્યારે કોર્પોરેશનના ગેટ આગળ તમામ લોકો પહોંચ્યા તો અંદર જતા તેઓને રોકવામાં આવ્યા. આ દરમિયાન AAP નેતા ડૉ. કરન બારોટે જણાવ્યું કે, કોર્પોરેશનમાં ભાજપની સરકાર છે, રાજ્યમાં ભાજપની સરકાર છે, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે અને આ રીતની ત્રીપલ એન્જિનની ભાજપની સરકાર ચાલી રહી છે.

### તાપી નદીમાં બની રહેલ ઇન્ટેકવેલ ઝૂકતાં જોખમ વધ્યું, AAP નેતા રામ ધડુક અને કોર્પોરેટર મહેશ અણઘણે સ્થળ પર જઈ સ્થિતિની ગંભીરતાને જાણી

## અનેક ટેકનિકલ ખામીઓના કારણે ઇન્ટેકવેલ નમી રહ્યું છે: AAP નેતા રામ ધડુક

આ જ રીતે સ્ટ્રક્ચરનું કામ પૂરું કર્યું તો ભવિષ્યમાં કહી દેવામાં આવશે કે "તાપી નદીના પૂરના કારણે આ સ્ટ્રક્ચરને ખૂબ મોટું નુકસાન થયું છે" જનતાના કરોડો - અબજોનું આંધણ થઇ જશે: રામ ધડુક



સુરત | સુરતમાં તાપી નદીમાં બની રહેલ ઈન્ટેકવેલ એક તરફ ઝૂકી ગયો છે. જે સંદર્ભે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક અને સુરત મહાનગરપાલિકાના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર મહેશ અણઘણે સ્થળ પર જઈને પરિસ્થિતિને ગંભીરતા જાણી હતી. આ મુદ્દા પર AAP નેતા રામ ધડુકે જણાવ્યું હતું કે સુરતમાં પાણી માટે કરોડોના ખર્ચે ઈન્ટેકવેલ બનાવવામાં આવી રહ્યો છે. ચોમાસુ દરમિયાન કામગીરી ચાલી રહી હતી અને ચોમાસા દરમિયાન આનું સ્ટ્રક્ચર ત્રણથી પાંચ ડિગ્રી એક તરફ નમી ગયું હતું. ચોમાસા બાદ ફરી એકવાર નવું કન્સ્ટ્રક્શનનું કામ શરૂ કરવામાં આવ્યું અને અત્યારે અમે જોઈ રહ્યા છીએ કે અહીંયા ઘણી ટેકનીકલ ખામીઓ થઈ રહી છે.વધુમાં AAP નેતા રામ ધડુકે જણાવ્યું કે, જો આ કામને આગળ વધારવામાં આવશે તો ભવિષ્યમાં મોટી ટેકનિકલ ખામી સર્જાઈ શકે છે. આવનારા સમયમાં હાઈડ્રોલિક પંપો, મશીનોના ઈન્સ્ટોલેશન અને મેન્ટેનન્સ સહિત બીજી ઘણી બધી ટેકનીકલ સમસ્યાઓ સર્જાઈ શકે છે.

## હડતાળ કામદારોના અધિકારોને નબળા પાડે છે



**એસ. પી. તિવારી (ટ્રેડ યુનિયન કો-ઓર્ડિનેશન સેન્ટર (TUCC)ના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી)**

ચાર નવા લેબર કોડ્સ (શ્રમ સંહિતાઓ) નું અમલીકરણ ભારતના વિશાળ કાર્યબળ, ખાસ કરીને અનૌપચારિક અને અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે જીવન જીવવાની સરળતા (ease of living) સુધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય ઉદ્યોગોના જટિલ વર્ગીકરણના અવરોધો વિના તમામ કામદારો માટે લઘુત્તમ વેતન સુનિશ્ચિત કરવાનો છે. દરેક કામદાર માટે ફરજિયાત ઓળખ કાર્ડ દાખલ કરીને, આ સંહિતાઓ તેમને સામાજિક સુરક્ષા લાભોની સીધી પહોંચ સાથે સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. નિયમિત અને ફરજિયાત આરોગ્ય તપાસણી કામદારોના કલ્યાણને સુરક્ષિત કરવામાં મદદ કરશે, જે તેમને તંદુરસ્ત અને વધુ ઉત્પાદક જીવન જીવવા માટે સક્ષમ બનાવશે. વધુમાં, સમયબદ્ધ ફરિયાદ નિવારણ પદ્ધતિ પીડિત કામદારો દ્વારા સામનો કરવામાં આવતા માનસિક તણાવ અને અનિશ્ચિતતા ઘટાડવાનું વચન આપે છે. સામૂહિક રીતે, આ પગલાં ભારતીય કામદારો માટે ગૌરવ, સુરક્ષા અને સર્વસમાવેશક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતું એક પ્રગતિશીલ માળખું રજૂ કરે છે.જો કે, આ સકારાત્મક જોગવાઈઓ હોવા છતાં, રાજકીય રીતે પ્રેરિત કેન્દ્રીય ટ્રેડ યુનિયનોનો એક વિભાગ વારંવાર હડતાળનો સહારો લે છે, જે ઘણીવાર તેની પ્રતિકૂળ અસરનો સંપૂર્ણ વિચાર કર્યા વિના કરવામાં આવે છે. આવી હડતાળના પરિણામે વેતનમાં મોટું નુકસાન થાય છે, ખાસ કરીને અનૌપચારિક અર્થતંત્રમાં રહેલા લગભગ 380 મિલિયન કામદારો માટે, જેઓ જીવન નિર્વાહ માટે દૈનિક કમાણી પર નિર્ભર છે. તેમની સમસ્યાઓ ઉકેલવાને બદલે, વારંવારની હડતાળ રચનાત્મક અને સખત સામૂહિક સોદાબાજી (collective bargaining)ની પ્રક્રિયાને નબળી પાડે છે, જેનાથી કામદારો અને એમ્પ્લોયરો (માલિકો) બંને માટે સમાન અને સંતુલિત પરિણામો પ્રાપ્ત કરવાની શક્યતા જોખમાય છે.સમય જતાં, હડતાળ માટેની વારંવારની હાકલ બિનઅસરકારક અને પ્રતિકૂળ સાબિત થઈ છે. આવી ક્રિયાઓના પુનરાવર્તને કામદારોમાં વ્યાપક નબળાઈ પેદા કરી છે, જેના કારણે બહુમતી કામદારો આ હાકલોથી દૂર રહે છે અથવા તેની અવગણના કરે છે. કેટલાક કિસ્સાઓમાં, કામદારોના નાના વર્ગને તેમની પોતાની ઈચ્છા વિરુદ્ધ હડતાળમાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવે છે, જે આ હિલચાલની નૈતિક કાયદેસરતા અને સામૂહિક શક્તિને વધુ નબળી પાડે છે. આખરે, આ વલણ શ્રમ કલ્યાણના પગલાંની એકંદર અસરને ઘટાડે છે અને કાર્યબળની અંદર એકતાને નબળી પાડે છે.હડતાળના વ્યાપક પરિણામો કાર્યસ્થળની બહાર પણ વિસ્તરે છે. ઔદ્યોગિક ઉત્પાદનને નુકસાન થાય છે, દૈનિક મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડે છે, અને ફેરિયાઓ, ઘરેલું કામદારો અને નાના સેવા પ્રદાતાઓની આજીવિકા ખોરવાય છે. આ કામદારો માટે, એક દિવસની આવકનું નુકસાન પણ આજીવિકાનું સંકટ પેદા કરી શકે છે, જે તેમને તેમની મર્યાદિત બચત ખર્ચવા અને આર્થિક અસુરક્ષામાં વધુ ઊંડા ઉતરવા મજબૂર કરે છે.

## પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત કર્યા




અમદાવાદ | પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) શ્રી પ્રદીપ કુમારે પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા તથા સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ દ મન્થ" (ડિસેમ્બર-2025) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. કર્મચારીઓની સમયસરની સતર્કતાને કારણે સંભવિત દુર્ઘટનાઓ ટળી અને રેલ સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ.

સન્માનિત કર્મચારીઓનું વર્ણન:

1.શ્રી અનિલ કુમાર, ફિટર-III (C&W), ભીલડી: 11 ડિસેમ્બર 2025ના રોજ ફરજ દરમિયાન રોલિંગ-ઈન પરીક્ષણ કરતી વખતે તેમણે એક કોચની એર સ્પ્રિંગ દબાયેલી હોવાનું જોયું. તપાસ દરમિયાન એર પ્રેશર ન હોવું તથા કોક બંધ હોવાનું જાણવા મળ્યું. તેમણે તાત્કાલિક ખામી દુર કરી, લીકેજની તપાસ કરી અને ગાડી સુરક્ષિત રીતે આગળ જઈ શકે તે માટે C&W સ્ટાફ દ્વારા એસ્કોર્ટની વ્યવસ્થા કરી તેમજ કંટ્રોલને જાણ કરી.

2.શ્રી ગ્રૈશકુમાર ડી.,લોકો પાયલટ, અમદાવાદ: 8 ડિસેમ્બર 2025ના રોજ ટ્રેન સંખ્યા19223 ચલાવતા સમયે ખોડિયાર સ્ટેશન નજીક ટ્રેક પર ભારે લોખંડનો ક્લેમ્પ પડેલો હોવાનું તેમણે જોયું. તેમણે તરત જ ટ્રેન રોકી. સહાયક લોકો પાયલટ દ્વારા ક્લેમ્પ દૂર કરવામાં આવ્યો.

## કચ્છને મોટી રેલ ભેટ: ગાંધીધામ-આદિપુર ચૌહરીકરણ અને 'Y' કનેક્ટિવિટીનું કામ પૂર્ણ, રેલ્વે સેફ્ટી કમિશનરે કર્યું ટ્રોલી નિરીક્ષણ



અમદાવાદ | અમદાવાદ મંડળ તેના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની આવશ્યકતાઓને અનુરૂપ વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ ક્રમમાં ગુજરાતના ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ તથા આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટીનું મહત્વપૂર્ણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ખંડનું 9 ફેબ્રુઆરી 2026ના રોજ શ્રી ઈ. શ્રીનિવાસ, રેલ સુરક્ષા આયુક્ત (CRS), પશ્ચિમ સર્કલ દ્વારા ટ્રોલી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.નિરીક્ષણ ટીમમાં અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, મુખ્ય ટ્રેક ઈજનેર, મુખ્ય સંચાલન પ્રબંધક (જી) તેમજ નિર્માણ અને ઓપન લાઈન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા.આ પ્રોજેક્ટ અંતર્ગત 17 કિમી ટ્રેક લિંકિંગ, 8 નાના પુલોના નિર્માણ તેમજ 2.60 લાખ ઘન મીટર અર્થવર્ક કરવામાં આવ્યું છે. આદિપુર સ્ટેશન પર સિગ્નલ તથા ટેલિકોમ્યુનિકેશન (S&T) અને ઓપરેટિંગ કન્ટ્રોલ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ચોથી લાઈન સહિત સમગ્ર સેકશનનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે. ગોપાલપુર સ્ટેશનને આધુનિક સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. ગાંધીધામ બી કેબિનમાં 16 નવા પોઈન્ટ્સ અને ક્રોસિંગ તેમજ આદિપુર સ્ટેશન પર 21 નવા પોઈન્ટ્સ અને ક્રોસિંગ સાથે 1 લૂપ લાઈન સહિત મહત્વપૂર્ણ યાર્ડ રીમોડેલિંગના કાર્ય કરવામાં આવ્યા છે.

# ૧૬૭૨માં મહા વદ સાતમને દિવસે નાથદ્વારા સ્થિત શ્રીનાથજીની હવેલીનું નિર્માણ થયું હતું

ઈ.સ ૧૬૭૨માં મહા વદ સાતમ ને દિવસે નાથદ્વારા સ્થિત શ્રીનાથજી ની હવેલી નું નિર્માણ થયું હતું.આ તિથિ એ દર વર્ષે નાથદ્વારા માં મોટાપાયે હવેલીનો પાટોત્સવ દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ એ શ્રીનાથજી ની હવેલી નો પાટોત્સવ ૮ ફેબ્રુઆરી એ ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે નાથદ્વારા માં ઠાકોરજી ની સન્મુખ હાજરી આપીને મનોરથ સિદ્ધ કરવાનો સંકલ્પ પ્રાપ્ત થવો મતલબ ધન્ય ભાગ્ય ધન્ય ઘડી..આ કૃપા પ્રસાદ એ મારા જેમ જ અન્ય કૃષ્ણ ભક્તો માટે તો અમૂલ્ય ધનસંપતિ નો ખજાનો પ્રાપ્ત કર્યા સમાન હોય છે. ધાર્મિક પૂજા વિધિ બાદ ધરાવવા માં આવતો ભોગ પ્રસાદ તો બધા ને મળતો જ હોય છે પરંતુ ઠાકોરજી નો કૃપા પ્રસાદ તો ભાગ્યેજ મળતો હોય છે.ભગવાન ની કૃપા દ્રષ્ટિ એકવાર મળી મનુષ્ય ને મળી ગઈ તો સમજો ભવસાગર પાર એજ કરાવશે."કૃષ્ણાર્પણામસ્તુ"નિત્ય ભગવાન ના ભક્તો સુખ દુઃખ માં ભાવમાં બોલે છે ત્યારે પ્રભુ એના ભક્ત ના સુખ દુઃખ અને પ્રસંગ સાંભળી લેતા હોય છે.વૈષ્ણવો ના અન્ય મંદિર કરતા નાથદ્વારામાં શ્રીનાથજી ની પૂજાવિધિ નો ક્રમ અને ભોગ સામગ્રી અર્પણ કરવાની વિધિઓ તદન અલગ છે,કેમ? બારમી સદી પહેલા એટલે ભગવાન શ્રી કૃષ્ણ એ ધરતી પર અવતરણ કર્યું ત્યારે એના સાતમાં વર્ષે ઈન્દ્ર નું દમન કરવા ટચલી આંગળી એ ગોવર્ધન પર્વત ઊંચકીઓ હતો. બારમી સદી પહેલાથી જ વ્રજ ના ગોવાળો નિત્ય નિયમ "દેવ દમન શ્રીનાથજી" ની છ પ્રહર ની પૂજા ભોગ અને આરતી કરતા હતા. બ્રહ્માજી એ માયા રચીને ગાયો અને ગોવાળો ને નિંદ્રાધીન કરીને બ્રહ્મલોક માં સંતાડી દીધા ત્યારે વ્રજ માં ઠાકોરજી એ છઠ્ઠા વર્ષે "ગોપાલ" ધારણ કરીને વ્રજ ના ઘરે ઘરે એક વર્ષ સુધી વસ્યા હતા.આ કારણોસર વ્રજવાસીઓને મન " ગોપાલ એનો લાડલો દીકરો" હતો. ગોવર્ધન પર્વત પરનું "દેવ દમન શ્રી નાથજી" નું સ્વરૂપ એ નાથદ્વારા માં "શ્રીનાથજી" ના સ્વરૂપે બિરાજે છે. માન્યું કે ભગવાન શ્રી કૃષ્ણ એ સાતમા વર્ષ ગોવર્ધન લીલા કરી એ બાદ એનું નિજ સ્વરૂપ ગોવર્ધન પર્વત પર સ્થાપિત થયું હતું પરંતુ એ સ્વરૂપ નાથદ્વારા કેવી રીતે પહોંચ્યું? ગોવર્ધન લીલા વખતનું "દેવ દમન શ્રીનાથજી"નું ચાર ફૂટ ઊંચા, જમણો હાથ કમર પર અને ડબો હાથ આકાશ તરફ "શ્રીનાથજીના સ્વરૂપ" નો ખાસ ઈતિહાસ છે. પંદરમી સદી માં આંધ્રપ્રદેશ માં બ્રાહ્મણ પરિવાર માં પ્રગટ થયેલ વૈષ્ણવ સંપ્રદાય ના આદિગુરુ વલ્લભાચાર્યજી એ બાળપણ માંજ ચારેય વેદ પુરાણો વગેરે નો અભ્યાસ કરી ને વિદ્વાન બની ગયા હતા.પૃથ્વી ભ્રમણ કરતા કરતા વલ્લભાચાર્યજી વૃંદાવન માં છ માસ રોકાયા એ દરમિયાન યમુનાષ્ટક સ્ત્રોત ની રચના કરી હતી. ૧૫૪૯ ના શ્રાવણ સુદ અગિયાર ની રાત્રિ એ વલ્લભાચાર્યજી ના સ્વપ્નાં માં આવી ને સાક્ષાત પ્રભુ એ દર્શન આપીને અને આજ્ઞા આપી હતી કે શ્રી વલ્લભ,દ્વાદક્ષર મંત્ર "ૐ નમો ભગવતે" મંત્ર જે જીવને આપશો એને હું સ્વીકારીશ" આ વિધિ જીવ અને પ્રભુ ના સબંધને વૈષ્ણવોમાં "બ્રહ્મ સબંધ" નામે ઓળખાય છે.વલ્લભાચાર્યજી એ "ગોપાલ" નામ આપી ને ગોવર્ધન પર્વત પર સ્થિત પ્રભુ ની નિત્ય પૂજા નો નિયમ સ્વીકાર્યા બાદ એ જગ્યા ગોપાલપુર નામે પ્રખ્યાત થઇ હતી. વિઠ્ઠલનાથજી એ ઠાકોરજીની સેવા નાનકડા બાળક સ્વરૂપે છ પ્રહરની પૂજા સેવા સ્વીકારી ને "શ્રીનાથજી" નામ આપ્યું હતું.ગર્ગ સંહિતા માં પણ દેવ દમન શ્રીનાથજી ના પ્રભાવ નો ઉલ્લેખ ગિરિ ખંડ માં કરેલ છે ભગવત ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ સાતમા વર્ષ એ ગોવર્ધન પર્વત ઊંચકે છે એનું વર્ણન ગોવર્ધન પર્વત પર વર્ણવ્યું છે. ૧૭૨૮ માં ઠાકોરજી ની હવેલી નું નિર્માણ નાથદ્વારા માં થયું વાત સાચી પણ ગોવર્ધન પર્વત પરથી ઠાકોરજી ને રાજસ્થાન પ્રસ્થાન કરવું પડ્યું હતું. બારમી સદી પહેલાનો વાદળો ને અડગતો અડગ ગોવર્ધન પર્વત વર્તમાન માં એક ફૂટ નો પણ પૂરો નથી આ યુગ પરિવર્તન થતા ધર્મસ્થાનોની હાની થયા કરતી હોય છે એટલે જ તો ધર્મ ની રક્ષા કાજે વલ્લભાચાર્યજી જેવા સંતો નું પ્રાગટ્ય ધરા પર થયા કરતુ હોય છે. સોળમી સદીમાં બાદશાહ ઓરંગઝેબ નું ભારત પર આક્રમણ થતા મોટાભાગ ના હિન્દુ મંદિરો માં તોડફોડ કરી હતી. ગોવર્ધન પર્વત પર સ્થિત દેવ દમન શ્રીનાથજી ની હવેલી તરફ ઓરંગઝેબ નું ધ્યાન જતા એણે શ્રીનાથજી ના સ્વરૂપ ને તોડવાનું ફરમાન કર્યું હતું.ભક્ત વલ્લભાચાર્યજી ને ચિંતા થઈ કે ઓરંગઝેબ ના સૈનિકો ઠાકોરજી ના સ્વરૂપ ને ઈજા પહોંચાડશે તો એટલે અડધી રાત્રે ઠાકોરજી ના સ્વરૂપ ને રથમાં પધરાવી ને ગુપ્ત રૂપે ગોવર્ધન પર્વત છોડીને વલ્લભાચાર્યજી રાજસ્થાન તરફ જવા નીકળી ગયા હતા.ઠાકોરજી ના સ્વરૂપ ને સુરક્ષિત જગ્યા એ છુપાવીને પ્રથમ જોધપુર ના રાજા પાસે વલ્લભાચાર્યજી ગયા હતા પરંતુ ઓરંગઝેબ ના ભય ના લીધે જોધપુર ના રાજા એ ચોખ્ખી ના પાડી દીધી હતી. જ્યારે મેવાડના રાજા રાજસિંહ આગળ જઈને વલ્લભાચાર્યજી એ "ઠાકોરજી ને મેવાડમાં પધરાવવાની વાત" વાત કરી ત્યારે મેવાડ ના રાજા રાજસિંહ એ વચન આપતા કહ્યું હતું કે "મારા એક લાખ રાજપૂતો ના માથા કપાશે ત્યારે જ કોઈ ઠોકરજી ની મૂર્તિ ને હાથ લગાવી શકશે" ઠાકોરજીનો રથ રાજા રાજસિંહ ના વચન ના વિશ્વાસે મેવાડ ની ધરતી પર પધારી ને સિંહાદ ના પાદરે પ્રવેશતા જ રથ નું પૈડું જમીન ની અંદર ખૂપવા લાગ્યું હતું.જમીનમાં ખૂંપી ગયેલ રથ ને એ જગ્યા એથી સહેજ પણ હલાવી ન શકતા પૂજારીજી એ રથ પરથી ઠાકોરજી ની મૂર્તિ ઉપાડી અન્ય સુરક્ષિત સ્થળે લઈ જવા બેત્રણ ડગ ભરતા એકએક મૂર્તિનું વજન વધતા જ એને એહસાસ થયો કે આ જગ્યા એજ ઠાકોરજી ખુદ પધારવા માંગે છે.મેવાડ ના રાજા રાજસિંહ ની સુરક્ષા હેઠળ ઠાકોરજી એ પસંદ કરેલ નિર્ધારિત જગ્યા પર દેવ દમન શ્રીનાથજી ની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી.વલ્લભાચાર્યજી ના પુત્ર વિઠ્ઠલનાથજીએ બ્રહ્મસંબંધ લઈને નિત્ય પૂજા સેવા સ્વીકારી ને દેવ દમન શ્રીનાથજી નુ શ્રીનાથજી નામ આપ્યું હતું. ઈ સ ૧૮ અને ૧૯ મી સદી માં પુનઃ શ્રીનાથજી ની હવેલી પર ઈન્દોરના હોળકર,મેડા અને પિંડિરીઓ એ હુમલો કર્યો હતો પરંતુ એ વખતના મેવાડ ના મહારાણા રાજા ભીમસિંહ એ શ્રીનાથજી ની હવેલી નું રક્ષણ કર્યું હતું. જે જગ્યા એ ઠાકોરજી નિવાસ કરે છે એ સ્થાન ને હવેલી કહેવામાં આવે છે. નંદબાબા એ વૃંદાવન માં ગોવાળો ના રાજા હતા એટલે એની પાસે પાંચ લાખ થી વધારે ગાયો હતી. ઠાકોરજી નું બાળપણ એ નંદબાબા નીહવેલી માં વિત્યું હતું એટલે નાથદ્વારા માં શ્રીનાથજી ની હવેલી મા નંદબાબા ના વ્રજની માનસી કરવામાં આવે છે. બાળક ને સમૂહ વચ્ચે એટલે કે પરિવાર વચ્ચે રહેવાનું વધારે પસંદ હોય છે.વલ્લભાચાર્યજી એ એના પ્રાણો થી પણ અધિક પ્રિયે શ્રી ઠોકરજીની સુંદર હવેલી નું નિર્માણ રાજા રાજસિંહ ની મદદ થી કર્યું હતું. નાથદ્વારા ની હવેલી અંદર ના ભાગમાં દૂધ ઘર,પાન ઘર,મિશ્રી ઘર,ફૂલ ઘર,રસોઈઘર,ફૂલ ઘર,ઘરેણા ઘર,ખર્ચ ભંડારા, અશ્વ માટે અશ્વશાળા વગેરે નું નિર્માણ થયું છે. દરરોજ હજારો ભક્તો નાથદ્વારા માં શ્રીનાથજીના દર્શન કરવા આવે છે ત્યારે ભીડ વચ્ચે ઊભેલ ભક્ત મનોમન મનોરથ કરતા હોય છે કે કાશ ઠાકોરજીની ઝાંખી થઈ જાય તો સારું. હવેલી ની અંદર ની માનવ મેદની વચ્ચે પણ ચાર ફૂટ નો સાત વર્ષનો સાંવરિયો છેવાડે ઉભેલા ભક્ત ને પણ ઝાંખી કરાવી ને સ્નેહ તરબોળ કરી નાખે છે.નાથદ્વારા માં આવનાર ભક્તો ખાલી હાથે જતા નથી મન ભરીને ઠાકોરજીની ઝાંખી ના દર્શન કર્યા બાદ પ્રાપ્ત કરવાનું કશુંય સૂઝતું નથી,કેમ? ભક્ત ના દિલમાં વસી ને ઠાકોરજી એની સઘળી ચિંતા હરી લેતા હોય છે .

શ્રીમદ ભગવત ગીતા માં ભગવાને કહ્યું જ છે:

"યોગક્ષેમ વાહમ્યહમ" એટલે તારા સુખ અને દુઃખ ની ચિંતા હું કરીશ..

શ્રીનાથજીની હવેલીના પાટોત્સવ નિમિતે સર્વે વૈષ્ણવો ને

"જય શ્રી કૃષ્ણ" તમારા માં મારા ઠાકોરજી નો તમારા માં વિજય થાય..



પાટોત્સવની વધાઈ

- રુપાલી દવે



# 'કોઈ મારી સાથે કામ કરવા માંગતું ન હતું...'

## રિયા ચક્રવર્તીએ સુશાંત કેસમાં નામ આવ્યા પછીના મુશ્કેલ સમય વિશે જણાવ્યું...

(એજન્સી) મુંબઇ | તા.09

એક્ટ્રેસ રિયા ચક્રવર્તીએ તાજેતરમાં જણાવ્યું કે સુશાંત સિંહ રાજપૂત કેસમાં નામ આવ્યા પછી કોઈ પણ તેની સાથે કામ કરવા તૈયાર નહોતું.

ઘણા વર્ષો સુધી મેઈનસ્ટ્રીમથી દૂર રહેલી રિયા હવે ડિરેક્ટર હંસલ મહેતાની આગામી વેબ સિરીઝ 'ફેમિલી બિઝનેસ'થી એક્ટિંગમાં વાપસી કરવા જઈ રહી છે.

રિયાએ પોતાના જીવનના મુશ્કેલ સમય વિશે વાત કરી. રિયાએ કહ્યું, "એક્ટિંગનું તે સપનું છોડવું, જેના માટે મેં દસ વર્ષથી વધુ મહેનત કરી હતી, મારા માટે બિલકુલ સરળ નહોતું. આ માટે મારે ઘણી વાર થેરાપી લેવી પડી. મારે તેના વિશે વિચારવાનું બંધ કરવું પડ્યું, કારણ કે તે સપનું હવે પૂરું થતું દેખાઈ રહ્યું નહોતું અને મને એક્ટિંગની તકો મળી રહી નહોતી."

રિયાએ એ પણ જણાવ્યું કે જ્યારે આ પ્રોજેક્ટ તેને ઓફર થયો હતો, ત્યારે તેણે શરૂઆતમાં ના પાડી દીધી હતી. તેણે કહ્યું, "હંસલ સર અને રાઈટરે મને પૂછ્યું કે મને શું રોકી રહ્યું છે. મેં તેમને કહ્યું કે મેં એક્ટિંગ છોડી દીધી છે. ત્યારે તેણે કહ્યું કે આ જ કારણ છે કે મારે આ કરવું જોઈએ, કારણ કે તેનાથી કોઈ ફરક પડતો નથી કે હું સારું કરું કે નહીં."

રિયાએ આગળ કહ્યું કે હવે તેને ખુશી છે કે તેણે હા પાડી દીધી. સાત વર્ષમાં જિંદગી ઘણી બદલાઈ ગઈ છે, પરંતુ સેટ પર પાછા ફરવું સાયકલ ચલાવવા જેવું લાગ્યું, જેને માણસ ક્યારેય ભૂલતો નથી.


કોઈ મારી સાથે કામ કરવા માંગતું ન હતું: રિયા રિયાએ જણાવ્યું કે તેમણે કામમાંથી બ્રેક પોતાની મરજીથી લીધો ન હતો. તેમણે કહ્યું, "મારે મજબૂરીમાં રોકાવું પડ્યું, અને આ સમય તકલીફ અને દર્દથી ભરેલો હતો. જે કંઈ થયું, તેના તરત પછી કદાચ હું ઈમોશનલી, મેન્ટલી કે ફિઝિકલી રીતે તૈયાર પણ ન હતી. તે વર્ષો, જ્યારે કોઈ મારી સાથે કામ કરવા માંગતું ન હતું, તે ખૂબ જ દર્દનાક હતા. ભગવાન અને આ દુનિયા આપણને બધાને મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આપે છે, બસ આપણે તેને ઓળખવાની હોય છે. જો મારા મિત્રો અને પરિવાર મારી સાથે ન હોત, તો કદાચ હું આ સમયમાંથી આ રીતે બહાર ન આવી શકી હોત."

એક્ટિંગમાં વાપસી ઉપરાંત, રિયાએ તે મહિલાઓ વિશે પણ ભાવુક થઈને વાત કરી, જેમણે તેના સૌથી મુશ્કેલ સમયમાં તેનો સાથ આપ્યો. તેણે કહ્યું, "મારી ગર્લફ્રેન્ડ્સે મને સાચી મિત્રતાનો અર્થ બતાવ્યો છે. કોઈ કારણ વગર પ્રેમ મળવો અને તેમની સાથે ઊભા રહેવાને કારણે તેમના કામ અને કરિયર પર અસર પડવી, આ ખૂબ મોટી વાત છે." રિયાએ સિંગર અને એક્ટ્રેસ શિબાની દાંડેકરને પોતાની બહેન જેવી ગણાવી.

રિયાએ એ પણ જણાવ્યું કે શિબાનીએ જાહેરમાં તેને સપોર્ટ કરવાને કારણે કેટલાક બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ ગુમાવ્યા હતા, જેના વિશે તેને પછીથી ખબર પડી. રિયાએ કહ્યું, "હું નસીબદાર છું કે મારી જિંદગીમાં એવી મહિલાઓ છે, જે એકબીજાને આગળ વધારી રહી છે. એક તરફ મેં માનવતાનું સૌથી ખરાબ સ્વરૂપ જોયું, તો બીજી તરફ તેનું સૌથી સુંદર સ્વરૂપ પણ અનુભવ્યું."

# 'હું થોડો નર્વસ છું...': પ્લેબેક સિંગિંગ છોડ્યા બાદ અરિજિત સિંહનો લાઈવ કોન્સર્ટ, સિંગરને સ્ટેજ પર જોઈ ફેન્સ પાગલ થયા...

(એજન્સી) મુંબઇ | તા.09



પ્લેબેક સિંગિંગ છોડવાની જાહેરાતના થોડા જ દિવસો પછી સિંગર અરિજિત સિંહે રવિવારે કોલકાતામાં લાઈવ પરફોર્મન્સ આપ્યું. તેણે નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયેલા લાઈવ કોન્સર્ટમાં સિતારવાદક અનુષ્કા શંકર સાથે પરફોર્મ કર્યું. કોન્સર્ટમાં પર્કશનિસ્ટ બિક્રમ ઘોષ પણ મંચ પર હાજર હતા. આને અરિજિતની પ્લેબેક સિંગિંગ છોડવાની જાહેરાત પછી પ્રથમ પબ્લિક પરફોર્મન્સ માનવામાં આવી રહ્યું છે.
કોન્સર્ટ દરમિયાન અરિજિતે બંગાળી ક્લાસિક 'માયા ભોરા રાતી' ગાયું, જેને મૂળ રૂપે લક્ષ્મી શંકરે અવાજ આપ્યો હતો અને પંડિત રવિ શંકરે કમ્પોઝ કર્યું હતું. અનુષ્કા શંકરે જ્યારે તેમને મંચ પર ઈન્ટ્રોડ્યુસ કર્યા, ત્યારે અરિજિત ભાવુક થઈ ગયા અને કહ્યું કે તે ખૂબ જ નર્વસ છે. સાથે જ તેણે તેને બોલાવવા બદલ આભાર માન્યો.
ત્યારબાદ અરિજિત અને અનુષ્કાએ 'ટ્રેસિસ ઓફ યુ'નું ડ્યુએટ પરફોર્મ કર્યું. આ ગીત અનુષ્કા શંકર દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે અને તેને મૂળ રૂપે નોરા જોન્સે ગાયું હતું. 27 જાન્યુઆરીના રોજ અરિજિત સિંહે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેઓ હવે કોઈ નવો પ્લેબેક સિંગિંગ અસાઈનમેન્ટ નહીં લે. સિંગરે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું હતું,

નમસ્તે, આપ સૌને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ. આટલા વર્ષોથી શ્રોતાઓ તરીકે મને જે આટલો પ્રેમ આપ્યો છે, તે બદલ આપ સૌનો આભાર. મને એ જણાવતા ખુશી થાય છે કે હવેથી હું એક પ્લેબેક સિંગર તરીકે કોઈ નવું કામ નહીં લઉં. હું તેને અહીં જ સમાપ્ત કરી રહ્યો છું. આ એક શાનદાર સફર રહી.


અરિજિત સિંહના કરિયર પર એક નજર 25 એપ્રિલ 1987ના રોજ અરિજિત સિંહનો જન્મ પશ્ચિમ બંગાળના જીયા ગંજમાં થયો હતો. તેની માતા શાસ્ત્રીય ગાયિકા અને માસી તબલા વાદક હતા. બાળપણથી જ તેમને ગાયકીમાં રસ હતો. શાસ્ત્રીય સંગીત શીખ્યા પછી, અરિજિત સિંહે 18 વર્ષની ઉંમરે વર્ષ 2005 માં સિંગિંગ રિયાલિટી શો ફેમ ગુરુકુલમાં ભાગ લીધો હતો. તેઓ આ શો જીતી શક્યા ન હતા, જોકે તેમની પરફોર્મન્સથી પ્રભાવિત થઈને સંજય લીલા ભણસાલીએ તેમને ફિલ્મ 'સાવરિયા'નું ગીત 'યૂં શબનમી' ઓફર કર્યું હતું. અરિજીતે આ ગીત ગાયું હતું, જોકે કેટલાક ફેરફારોને કારણે તે ગીતમાંથી ગાયકને બદલી દેવામાં આવ્યો હતો.

આગળ તેણે બેકગ્રાઉન્ડ સિંગર તરીકે કામ કર્યું. 'ગોલમાલ 3', 'ક્રૂક', 'એક્શન રિપ્લે' જેવી ફિલ્મોમાં મ્યુઝિક કોલેબોરેશન પછી અરિજીત સિંહે 'મર્ડર 2'ના ગીત 'ફિર મોહબ્બત કરને ચલા હૈ' થી પ્લેબેક સિંગર તરીકે ડેબ્યૂ કર્યું. આ ગીતની લોકપ્રિયતા પછી તેમને એજન્ટ વિનોદનું ગીત 'રાબતા' મળ્યું. આ ગીત પણ હિટ રહ્યું અને અરિજીતે સમય જતાં શ્રેષ્ઠ ગીતો આપીને સ્ટારડમ હાંસલ કર્યું. અરિજિત સિંહે પોતાની મ્યુઝિકલ કારકિર્દીમાં 532 હિન્દી, 144 બંગાળી અને 25 તેલુગુ સહિત અનેક ભાષાઓમાં લગભગ 700થી વધુ ગીતો ગાયા છે. તેઓ 2 નેશનલ એવોર્ડ, 8 ફિલ્મફેર સહિત કુલ 122 એવોર્ડ જીતી ચૂક્યા છે. અરિજિત સિંહને પહેલો નેશનલ એવોર્ડ વર્ષ 2018માં 'પદ્માવત' ફિલ્મના ગીત બિનતે દિલ માટે અને બીજો નેશનલ એવોર્ડ 2022માં 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મના ગીત 'કેસરિયા' માટે મળ્યો છે.

# 'બ્રેથલેસ ગીતમાં પ્રાણ પૂરતાં સાત વર્ષ લાગ્યા'

(એજન્સી) મુંબઇ | તા.09

સિંગર જાવેદ અખ્તરે તાજેતરમાં જણાવ્યું કે પ્રખ્યાત ઈન્ડિપેન્ડન્ટ ટ્રેક બ્રેથલેસનો કોન્સેપ્ટ તેના મગજમાં આવ્યા પછી લગભગ સાત વર્ષ સુધી કોઈ સંગીતકાર કે મ્યુઝિક કંપનીનો સપોર્ટ તેને મળ્યો ન હતો.
બ્રેથલેસ સિંગર-કમ્પોઝર શંકર મહાદેવનના આજ સુધીના સૌથી પ્રખ્યાત ગીતોમાંનું એક છે. તેને જાવેદ અખ્તરે લખ્યું હતું અને તેનો કોન્સેપ્ટ પણ તેણે જ વિચાર્યો હતો.
વેરાયટી ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં બ્રેથલેસ વિશે જાવેદ અખ્તરે જણાવ્યું, 'અહીં સુધી કે સૌથી મોટા શાસ્ત્રીય ગાયકો અને સંગીતકારોએ પણ કહ્યું કે અમે આવું ગીત બનાવી શકતા નથી.
જ્યારે તે કહેતા હતા કે તેને ગીતનું રૂપ આપી શકાતું નથી, ત્યારે હું તેની પાસેથી ધૂનો માંગતો હતો અને કહેતો હતો કે બાકીનું કામ હું કરી લઈશ. બધા લોકો ફક્ત હસી દેતા હતા, તેને એક રસપ્રદ વિચાર કહેતા હતા, પરંતુ કોઈ પણ સાથે જોડાવાની હિંમત કરતું ન હતું.'
જાવેદ અખ્તરે આગળ કહ્યું કે આ ગીત પૂરા સાત વર્ષ સુધી અટકેલું રહ્યું અને જ્યારે હું સાત કહું છું, ત્યારે મારો મતલબ સાત જ છે, ન પાંચ, ન છ. હું બધાને મળ્યો, પરંતુ નામ લેવું શરમજનક હશે. પૂરા સાત વર્ષ પછી જાવેદ અખ્તરની મુલાકાત શંકર મહાદેવન સાથે થઈ અને તેણે તેમને આ આઈડિયા સંભળાવ્યો, જેમણે તરત જ હા પાડી દીધી.



જાવેદ અખ્તરે કહ્યું, 'આ મારી કિસ્મત હતી. જો મારી મુલાકાત શંકર સાથે ન થઈ હોત તો શું થાત? હું આજે પણ 'બ્રેથલેસ'ને બન્યા વગર જ લઈને બેઠો હોત. હું એ માની લેત કે આ એક ખરાબ આઈડિયા હતો, કારણ કે જો દરેક જણ કોઈ વસ્તુને ઠુકરાવી રહ્યું છે તો તેમાં કોઈ ને કોઈ ખામી તો હશે જ.'
આના પર શંકર મહાદેવને કહ્યું, "બ્રેથલેસના કિસ્સામાં માર્કેટિંગ ડિપાર્ટમેન્ટ ગીત કે વીડિયો રિલીઝ કરવા તૈયાર નહોતું. તેમને ગીત પર ભરોસો નહોતો. આને લઈને ચર્ચા પણ થઈ હતી."
આના પર જાવેદ અખ્તરે મજાકિયા અંદાજમાં કહ્યું, "આ વિવાદની વાતો ખૂબ શરમજનક છે. તે મને પૂછતા હતા કે આને કોણ ગાશે? કોઈ આને ગાઈ શકતું નથી.


# ચંબલની લોકકથાઓ પર આધારિત હશે 'શક્તિ શાલિની'

મુંબઈ | યશરાજ ફિલ્મ્સની 'સૈયારા'થી ચર્ચામાં આવેલી અનીત પડ્ડા અને 'મર્દાની 2' તથા 'હોમબાઉન્ડ'થી ઓળખ બનાવી ચૂકેલા વિશાલ જેઠવા ઝડપથી મોટા બેનર્સની પહેલી પસંદ બનતા જઈ રહ્યા છે. હવે આ બંને કલાકારો પહેલીવાર મેડૉક ફિલ્મ્સના હૉરર-કૉમેડી યુનિવર્સમાં એકસાથે જોવા મળવાના છે. દિનેશ વિજન અને અમર કૌશિકના સુપરહિટ યુનિવર્સમાં આગામી પ્રસ્તુતિ 'શક્તિ શાલિની' હશે.
સૂત્રો અનુસાર, આ ફિલ્મ અનીતને એક મહિલા-પ્રધાન સુપરનેચરલ પાત્રમાં રજૂ કરશે, જ્યારે વિશાલ તેમના લવ ઈન્ટરેસ્ટની ભૂમિકા ભજવશે. જોકે આ સંબંધ માત્ર રોમાન્સ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ કહાનીને નૈતિક ઊંડાણ અને ભાવનાત્મક આધાર પણ આપશે.
ઓક્ટોબર 2024 સુધી આ પ્રોજેક્ટ સાથે કિયારા અડવાણીનું નામ જોડાયેલું હતું, પરંતુ હવે ફિલ્મ અનિતના ખાતામાં છે. માર્ચ 2026 થી શૂટિંગ શરૂ થવાની સંભાવના છે. 'શક્તિ શાલિની'ને 'મુંજ્યા' ફેમ આદિત્ય સરપોતદાર ડિરેક્ટ કરશે. આ ફિલ્મ ચંબલ અને આસપાસની લોકકથાઓ પર આધારિત હશે. જ્યાં 'સ્ત્રી'માં રહસ્ય અને 'મુંજ્યા'માં શરારત હતી, ત્યાં આ વખતે ફોકસ હાઈ-ઓક્ટેન એક્શન અને દૈવી શક્તિઓ પર હશે. અનિતનું પાત્ર એક એવી યુવતીનું છે, જેને ધીમે ધીમે પોતાની અસાધારણ શક્તિઓનો અહેસાસ થાય છે.
સૂત્રો અનુસાર, વિશાલનું પાત્ર વાર્તામાં એક ખાસ સંતુલન લાવતું જોવા મળશે.
અનિત અને વિશાલ આ પહેલા કાજોલ સ્ટારર 'સલામ વેંકી'માં સાથે કામ કરી ચૂક્યા છે, પરંતુ ત્યાં બંનેનો ઓછો રોલ હતો, પરંતુ 'શક્તિ શાલિની'માં તેમને પહેલીવાર પૂરી જગ્યા મળશે. વિશાલ માટે પણ આ એવી ફિલ્મ હશે, જ્યાં તે લીડ હીરો છે. આ જોડીનું કોમ્બિનેશન એવું છે કે એક તરફ ઉભરતું સ્ટારડમ છે તો બીજી તરફ મજબૂત અભિનય.

# રામાયણમાં પોતાને બદલે રાઘવ જુયાલ ગોઠવાયાનું વિક્રાંત મેસ્સીએ નકાર્યું



મુંબઈ : રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ'માં મેઘનાદનો રોલ પહેલાં વિક્રાંત મેસ્સી કરવાનો હતો પરંતુ તેની જગ્યાએ રાઘવ જુયાલ ગોઠવાઈ ગયો છે તેવી ચર્ચા ચાલી છે. વિક્રાંત મેસ્સીએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અફવા નકારી હતી. જોકે, બાદમાં તેણે આ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી.
વિક્રાંત મેસ્સીના જણાવ્યા અનુસાર 'રામાયણ'માં પોતાને ક્યારેય કોઈ રોલ ઓફર કરાયો જ નથી. આથી, રાઘવ જુયાલ મારી જગ્યાએ ગોઠવાયો હોવાનો કોઈ પ્રશ્ન જ નથી. તેણે આવી અફવા કેમ ફેલાઈ છે તે અંગે નવાઈ વ્યક્ત કરી હતી. જોકે, વિક્રાંત મેસ્સીએ કહ્યું હતું કે પોતે આ ફિલ્મને શુભેચ્છા પાઠવે છે અને રીલિઝ થશે ત્યારે પોતે જરુર ટિકિટ ખર્ચીને તે જોવા જશે.
ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ આગામી દિવાળી વખતે રીલિઝ થવાની છે. તે પહેલાં આગામી રામનવમી ટાણે ફિલ્મના કલાકારોનો કેરેક્ટર લૂક મુંબઈમાં એક જાહેર ઈવેન્ટમાં રજૂ કરાશે.



# સોનમ કપૂરના સીમંતમાં સેલેબ્સનો જમાવડો! : બેબી શાવરની ઇનસાઇડ તસવીરો વાઇરલ, અર્જુન કપૂર વજન ઘટાડેલો જોવા મળ્યો, બોની કપૂરને તો ઓળખી નહીં શકો

એક્ટ્રેસ સોનમ કપૂરે રવિવારે મુંબઈ સ્થિત પોતાના ઘરે પ્રાઈવેટ બેબી શાવર સેરેમનીનું આયોજન કર્યું હતું. સોનમ અને તેના પતિ આનંદ આહુજા બીજી વખત માતા-પિતા બનવાનાં છે. બેબી શાવરમાં સોનમના પરિવારના સભ્યો ઉપરાંત ઘણા સેલેબ્સ પણ જોવા મળ્યા હતા. કરીના કપૂર, ભૂમિ પેડનેકર પણ આ સમારોહનો ભાગ બની હતી.
સોનમે પોતાના બેબી શાવરને સિમ્પલ, એલિગન્ટ અને પર્સનલ ટચ સાથે સેલિબ્રેટ કર્યું હતું. આ ખાસ અવસરે એક્ટ્રેસે લાઈમ-ગ્રીન લહેંગો પહેર્યો હતો, જેની સાથે મેચિંગ કેપ હતી. ફ્લોરલ એમ્બ્રોઈડરી અને ફ્લુઈડ સિલુએટવાળા આ આઉટફિટમાં કમ્ફર્ટને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેણે દુપટ્ટાને પલ્લુની જેમ ડ્રેપ કર્યો હતો અને ભારે લેયરિંગથી દૂર રહી હતી. સ્ટાઈલિંગમાં સ્લીક બન, લાલ બિંદી, રેડ લિપસ્ટિક અને ગોલ્ડ જ્વેલરીનો સમાવેશ થતો હતો.
સોનમ પહેલાંથી જ એક બાળકની માતા છે. તેનો દીકરો વાયુ ત્રણ વર્ષનો છે, જેનો જન્મ ઓગસ્ટ 2022માં થયો હતો. એક્ટ્રેસે 8 મે 2018ના રોજ બિઝનેસમેન આનંદ આહુજા સાથે મુંબઈમાં શીખ રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. સોનમે પોતાના કરિયરની શરૂઆત વર્ષ 2007માં ફિલ્મ સાવરિયાથી કરી હતી. એક્ટ્રેસની 'નીરજા', 'રાંઝણા' અને 'પ્રેમ રતન ધન પાયો' મુખ્ય ફિલ્મો છે. તે છેલ્લે ફિલ્મ 'બ્લાઈન્ડ'માં જોવા મળી હતી, જે 7 જુલાઈ 2023ના રોજ જિયો સિનેમા પર રિલીઝ થઈ હતી.









એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## બેડમિન્ટનમાં દેવિકા બની ચેમ્પિયન

# દેવિકા સિહાગનો વિજયરથ અકબંધ અને ફરી સુવર્ણ સફળતા મળી




બાકુ | ભારતીય બેડમિન્ટન જગતની ઉભરતી સ્ટાર ખેલાડી દેવિકા સિહાગે આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનો દબદબો જાળવી રાખતા સતત બીજું ટાઈટલ જીતી લીધું છે. ગત અઠવાડિયે થાઈલેન્ડ માસ્ટર્સમાં ઐતિહાસિક સફળતા મેળવ્યા બાદ, દેવિકાએ હવે અઝરબૈજાન ઈન્ટરનેશનલ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં પણ સુવર્ણ ચંદ્રક જીતીને સાબિત કરી દીધું છે કે તે ભારતીય બેડમિન્ટનનું ભવિષ્ય છે. આ જીત સાથે દેવિકાએ વિશ્વ રેન્કિંગમાં પણ લાંબી છલાંગ લગાવી છે. ફાઈનલમાં એકતરફી મુકાબલો બાકુમાં રમાયેલી મહિલા સિંગલ્સની ફાઈનલમાં દેવિકા સિહાગનો સામનો પોતાની જ દેશબંધુ નવ્યા કંદેરી સાથે થયો હતો. મીડિયા અહેવાલ મુજબ, દેવિકાએ શરૂઆતથી જ મેચ પર મજબૂત પકડ જમાવી રાખી હતી અને નવ્યાને હરીફાઈ કરવાની કોઈ તક આપી નહોતી. દેવિકાએ માત્ર ૩૪ મિનિટ ચાલેલા આ મુકાબલામાં ૨૧-૧૦, ૨૧-૧૩ થી સીધી ગેમમાં વિજય મેળવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. તેની આક્રમક રમત અને ચપળતા સામે વિરોધી ખેલાડી લાચાર જણાતી હતી. મિક્સ ડબલ્સમાં પણ ભારતને સફળતા અઝરબૈજાનમાં માત્ર સિંગલ્સ જ નહીં, પરંતુ મિક્સ ડબલ્સમાં પણ ભારતનો તિરંગો લહેરાયો હતો. રાષ્ટ્રીય ચેમ્પિયન સાત્વિક રેડ્ડી કે. અને રાધિકા શર્માની જોડીએ શ્વાસ અધ્ધર કરી દે તેવી ફાઈનલ મેચમાં જીત મેળવી હતી.

## કેરળનું સતત બીજી ફાઈનલમાં પરાજય, વધારાના સમયમાં પવારે કર્યો ગોલ


# સંતોષ ટ્રોફીમાં સર્વિસીસનો સૂર્યોદય 8 વખત ચેમ્પિયન

(એજન્સી) ચેન્નઈ/આસામ । તા. 09

દેશની પ્રતિષ્ઠિત ફૂટબોલ ટુર્નામેન્ટ 'સંતોષ ટ્રોફી ૨૦૨૫-૨૬' માં સર્વિસીસની ટીમે ફરી એકવાર પોતાનો દબદબો સાબિત કર્યો છે. આસામના ઢકુઆખાના ફૂટબોલ સ્ટેડિયમ ખાતે રમાયેલી હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચમાં સર્વિસીસે કેરળને એક્સ્ટ્રા ટાઈમમાં ૧-૦ થી પરાજય આપીને આઠમી વખત ટાઈટલ પર કબજો જમાવ્યો છે. રવિવારે રમાયેલી આ મેચમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, પરંતુ અંતે સર્વિસીસની મજબૂત રક્ષણાત્મક વ્યૂહરચના વિજયી સાબિત થઈ હતી.

### અભિષેક પવાર: મેચનો અસલી જાદુગર

મેચ દરમિયાન બંને ટીમો નિર્ધારિત સમય સુધી એક પણ ગોલ કરી શકી નહોતી. જ્યારે મેચ એક્સ્ટ્રા ટાઈમમાં પહોંચી, ત્યારે અભિષેક પવારે ફરી એકવાર પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. મેચના બીજા હાફના વધારાના સમયમાં શુભમ રાણાએ ડાબી બાજુથી આપેલા શાનદાર ક્રોસને અભિષેક પવારે વોલી દ્વારા સીધો ગોલપોસ્ટમાં ધકેલી દીધો હતો. આ ટુર્નામેન્ટમાં પવારનો આ સાતમો ગોલ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉની મેચમાં પણ કેરળ સામે અભિષેક જ વિજયી ગોલ કરવામાં સફળ રહ્યો હતો.




### કેરળનું આક્રમણ, સર્વિસીસની અભેદ્ય દિવાલ

સેમીફાઈનલમાં પંજાબને ૪-૦ થી હરાવીને ફાઈનલમાં પહોંચેલી કેરળની ટીમે મેચની શરૂઆત અત્યંત આક્રમક રીતે કરી હતી. ૨૭મી મિનિટે અર્જુન વી. દ્વારા લેવામાં આવેલો જોરદાર શોટ ગોલપોસ્ટ સાથે અથડાયો હતો, જેના કારણે કેરળ ગોલ કરવામાં સહેજ માટે ચુકી ગયું હતું. બીજી તરફ, સર્વિસીસની ટીમે આખી ટુર્નામેન્ટમાં એક પણ ગોલ ન ખાવાની પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. અમુક સમયે તો સર્વિસીસે ૬ ડિફેન્ડર્સ સાથે કેરળના ખેલાડીઓને ગોલ એરિયામાં પ્રવેશતા અટકાવવા માટે મજબૂત દિવાલ ઉભી કરી દીધી હતી.

### કેરળ માટે ફરી એકવાર નિરાશા

સાત વખતની ચેમ્પિયન કેરળની ટીમ માટે આ સતત બીજી ફાઈનલ હાર છે. ગયા વર્ષે પશ્ચિમ બંગાળ સામે પેનલ્ટી શૂટઆઉટમાં હાર્યા બાદ આ વખતે પણ તેઓ ટ્રોફીથી એક ડગલું દૂર રહી ગયા હતા. એક્સ્ટ્રા ટાઈમમાં કેરળના સંરક્ષણની સેકન્ડોની ભૂલ ભારે પડી અને સર્વિસીસે કાઉન્ટર એટેક દ્વારા મેચ પોતાની તરફ ઝુકાવી લીધી હતી. સર્વિસીસની આ જીત બાદ સમગ્ર આસામમાં ફૂટબોલ રસિયાઓએ વિજયાદશમી જેવો ઉત્સવ મનાવ્યો હતો.

### સર્વિસીસના વિજય રથની વિશેષતા

સર્વિસીસની આ જીત પાછળ તેમની રક્ષણાત્મક રમત અને શિસ્તબદ્ધ ફૂટબોલ જવાબદાર છે. નોકઆઉટ તબક્કાથી લઈને ફાઈનલ સુધી તેઓએ એક પણ ગોલ સ્વીકાર્યો નથી, જે તેમની સંરક્ષણ પંક્તિની મજબૂતી દર્શાવે છે. આ આઠમા ટાઈટલ સાથે સર્વિસીસે સાબિત કરી દીધું છે કે ભારતીય ફૂટબોલમાં તેઓની તાકાતને ઓછી આંકવી ભૂલભરેલી છે.

# ભારત U17 પુરુષ ટીમનો તુર્કી પ્રવાસ: બે ફ્રેન્ડલી મેચો રમાશે



નવી દિલ્હી | ભારતની U17 પુરુષ ફૂટબોલ ટીમ, જેને પ્રેમથી 'બ્લુ કોલ્ટ્સ' તરીકે ઓળખવામાં આવે છે, તે ફેબ્રુઆરી ૧૦ અને ૧૨, ૨૦૨૬ના રોજ તુર્કીના અંતાલ્યામાં બે મહત્વની મૈત્રીપૂર્ણ (ફ્રેન્ડલી) મેચો રમવા માટે સજ્જ છે. આ પ્રવાસ સાઉદી અરેબિયામાં યોજાનારા AFC U17 એશિયન કપ ૨૦૨૬ ની તૈયારીઓનો એક ભાગ છે. હેડ કોચ બિબિયાનો ફર્નાન્ડીઝે આ પ્રવાસ માટે ૨૪ સભ્યોની મજબૂત ટીમની જાહેરાત કરી છે, જે તુર્કીના મજબૂત યુવા ખેલાડીઓ સામે પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે. એશિયન કપ પહેલા મજબૂત તૈયારી ભારતની આ યુવા ટીમ હાલમાં શાનદાર ફોર્મમાં છે.

## ૭ ગોલ્ડ સાથે ઈતિહાસ રચ્યો

# BOXAM એલિટ ૨૦૨૬માં ભારતીય બોક્સરોનો દબદબો



લા નુસિયા (સ્પેન) | સ્પેનના એલિકાંતેમાં રમાયેલી BOXAM એલિટ ઈન્ટરનેશનલ ૨૦૨૬ બોક્સિંગ ટૂર્નામેન્ટમાં ભારતીય બોક્સરોએ અદભૂત પ્રદર્શન કરતા કુલ ૧૯ મેડલ જીતીને વિશ્વભરમાં ભારતનું નામ રોશન કર્યું છે. ટૂર્નામેન્ટના અંતિમ દિવસે ભારતે ૯ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ સાથે પોતાનું અભિયાન પૂર્ણ કર્યું, જેનાથી ભારત આ સ્પર્ધામાં સૌથી સફળ રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. ઓલિમ્પિક મેડલિસ્ટ લવલીના બોરગોહેન અને પૂર્વ યુથ વર્લ્ડ ચેમ્પિયન અરુંધતી ચૌધરીએ આ સુવર્ણ સફળતાનું નેતૃત્વ કર્યું હતું. મહિલા બોક્સરોનો ઐતિહાસિક ક્લીન સ્વીપ ભારતીય મહિલા બોક્સરો માટે આ ટૂર્નામેન્ટ યાદગાર રહી હતી.

# શિખર ધવન દિલ્હી ખેલ મહાકુંભના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર અને અર્જુન એવોર્ડ વિજેતા શિખર ધવન ને દિલ્હી સરકાર દ્વારા આયોજિત પ્રથમ 'દિલ્હી ખેલ મહાકુંભ' ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દિલ્હીના શિક્ષણ અને રમતગમત નિર્દેશાલયની આ વિઝનરી પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય પાયાના સ્તરે (ગ્રાઉન્ડ લેવલ) રમતગમતમાં ભાગીદારી વધારવી અને રાજધાનીમાં છુપાયેલી રમત પ્રતિભાઓને ઓળખી તેમને યોગ્ય મંચ પૂરો પાડવાનો છે.

યુવા પ્રતિભાઓ માટે આશાનું કિરણ દિલ્હી ખેલ મહાકુંભ એ માત્ર એક રમત સ્પર્ધા નથી, પરંતુ શાળા અને સમુદાય સ્તરના એથ્લેટ્સ માટે વ્યવસાયિક માર્ગો ખોલવા માટેનું એક મોટું માધ્યમ છે. આ અંગે દિલ્હીના રમતગમત મંત્રી આશિષ સૂદે જણાવ્યું હતું કે, "શિખર ધવનનું આ પહેલ સાથે જોડાણ અમને વધુ વિશ્વસનીયતા અને પ્રેરણા આપશે. તેમનું નેતૃત્વ અને રમત પ્રત્યેનું સમર્પણ ભાવિ ખેલાડીઓને ઓળખવા અને વિકસાવવામાં મદદરૂપ થશે."

ગબ્બરનો ઉત્સાહ અને પ્રતિભાવ આ સન્માન બદલ આભાર વ્યક્ત કરતા શિખર ધવને કહ્યું કે, "દિલ્હીમાં પ્રતિભાઓની કોઈ કમી નથી, બસ તેમને યોગ્ય તક અને એક્સપોઝરની જરૂર છે. એક વ્યાવસાયિક ખેલાડી તરીકે હું જાણું છું કે તમારી પ્રતિભા બતાવવા માટે મંચ મળવો કેટલો મહત્વનો છે. મને આશા છે કે આ જોડાણ દ્વારા હું ઉભરતા ખેલાડીઓને પોતાની જાત પર વિશ્વાસ રાખવા માટે પ્રેરિત કરી શકીશ અને દિલ્હીને દેશની સ્પોર્ટ્સ કેપિટલ બનાવવામાં યોગદાન આપી શકીશ."

હોલિસ્ટિક ડેવલપમેન્ટ પર ભાર નોંધનીય છે કે શિખર ધવન પોતાની સંસ્થા 'ડા વન સ્પોર્ટ્સ' અને 'શિખર ધવન ફાઉન્ડેશન' દ્વારા પહેલેથી જ રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે સક્રિય છે. દિલ્હી સરકાર સાથેનું તેમનું આ નવું જોડાણ સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

# દક્ષિણેશ્વર સુરેશનો જાદુ ભારતની ભવ્ય જીત

## નેધરલેન્ડ્સને ૩-૨ થી હરાવ્યું ડેવિસ કપમાં ભારતનો દબદબો



(એજન્સી) બેંગલુરુ । તા. 09

બેંગલુરુના એસ. એમ. કૃષ્ણા ટેનિસ સ્ટેડિયમ ખાતે રમાયેલી ડેવિસ કપ ક્વોલિફાયર રાઉન્ડ-૧ ની હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે નેધરલેન્ડ્સને ૩-૨ થી હરાવીને ઈતિહાસ રચી દીધો છે. ભારતીય ખેલાડી દક્ષિણેશ્વર સુરેશે પોતાના પ્રચંડ ફોર્મ અને ૧૫ ધારદાર 'એસ' સર્વિસના જોરે નિર્ણાયક પાંચમી મેચમાં ગાય ડેન ઓડેનને ૬-૪, ૭-૬ થી પરાજય આપીને ભારતને વિજય અપાવ્યો હતો. આ જીત સાથે જ ભારત હવે સપ્ટેમ્બરમાં રમાનારા ક્વોલિફાયરના બીજા રાઉન્ડમાં પહોંચી ગયું છે, જ્યાં તેઓ ડેવિસ કપ ફાઈનલ્સમાં સ્થાન મેળવવા માટે ટકરાશે.

નિર્ણાયક મેચમાં દક્ષિણેશ્વર સુરેશે દબાણ હેઠળ અદભૂત સંયમ જાળવી રાખ્યો હતો. પ્રથમ સેટના સાતમા ગેમમાં તેણે ઓડેનની સર્વિસ બ્રેક કરીને સેટ પોતાના નામે કર્યો હતો. બીજા સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી અને સ્કોર ૬-૬ ની બરાબરી પર પહોંચ્યો હતો, પરંતુ ટાઈ-બ્રેકરમાં સુરેશે પોતાની તાકાત બતાવીને મેચ સીલ કરી દીધી હતી. પોતાની ૬ ફૂટ ૬ ઈંચની ઉંચાઈનો ફાયદો ઉઠાવતા સુરેશે કહ્યું કે, "હું દરરોજ મારી સર્વિસ પર કામ કરું છું અને કટોકટીની ક્ષણે આ મહેનત જ મને આત્મવિશ્વાસ આપે છે."

દિવસની શરૂઆત ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે ૧-૧ ની બરાબરી સાથે થઈ હતી. દક્ષિણેશ્વર સુરેશ અને યુકી ભામ્બ્રીની જોડીએ ડબલ્સમાં ડેવિડ પેલ અને સેન્ડર એરેન્ડ્સને ૭-૬, ૩-૬, ૭-૬ થી હરાવીને ભારતને ૨-૧ ની લીડ અપાવી હતી. જોકે, ત્યારબાદ સિંગલ્સ મેચમાં જેસ્પર ડી જોંગે સુમિત નાગલને ૫-૭, ૬-૧, ૬-૪ થી હરાવીને સ્કોર ૨-૨ કરી દીધો હતો. તેમ છતાં, સુમિત નાગલે ઈજાગ્રસ્ત હોવા છતાં જે લડત આપી તેનાથી આખી ટીમ પ્રભાવિત થઈ હતી.

## NBA પોઈન્ટ ટેબલમાં નિક્સ બીજા ક્રમે અને સેલ્ટિક્સની પીછેહઠ

### જેલન બ્રુનસનનો તરખાટ અને ન્યૂયોર્ક નિક્સની શાનદાર જીત

# ન્યૂયોર્ક નિક્સની શાનદાર જીતથી સેલ્ટિક્સના વિજયરથ પર બ્રેક

(એજન્સી) નવી દિલ્હી । તા. 09



NBAની વર્તમાન સીઝનમાં રવિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં ન્યૂયોર્ક નિક્સે બોસ્ટન સેલ્ટિક્સને ૧૧૧-૮૯ થી પરાજય આપીને સનસનાટી મચાવી દીધી છે. આ વિજય સાથે નિક્સે માત્ર સેલ્ટિક્સની સતત પાંચ મેચની વિજયકૂચને અટકાવી નથી, પરંતુ ઈસ્ટર્ન કોન્ફરન્સના પોઈન્ટ ટેબલમાં સંયુક્ત રીતે બીજા ક્રમે સ્થાન મેળવી લીધું છે. ન્યૂયોર્કની ટીમ હવે ટોચ પર રહેલા ડેટ્રોઈટથી માત્ર પાંચ ગેમ પાછળ છે. આ જીત નિક્સના આત્મવિશ્વાસમાં મોટો વધારો કરનારી સાબિત થઈ છે. બ્રુનસન અને હાર્ટની જોડીનો જાદુ નિક્સની જીતનો હીરો જેલન બ્રુનસન રહ્યો હતો, જેણે ૩૧ પોઈન્ટ્સ સ્કોર કરવાની સાથે ૮ આસિસ્ટ કર્યા હતા. જોશ હાર્ટે ૧૯ પોઈન્ટ્સ ઉમેરીને ટીમને મજબૂતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ન્યૂ ઓર્લિન્સમાંથી ટ્રેડ થઈને આવેલા જોસ અલ્વારાડોએ પોતાની ડેબ્યુ મેચમાં ૧૨ પોઈન્ટ્સ નોંધાવીને શાનદાર શરૂઆત કરી હતી. કાર્લ-એન્થોની ટાઉન્સે ૧૧ પોઈન્ટ્સ અને ૧૦ રિબાઉન્ડ્સ મેળવીને ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. ન્યૂયોર્કની ટીમ છેલ્લા ૧૦ માંથી ૯ મેચ જીતીને અત્યારે શ્રેષ્ઠ ફોર્મમાં ચાલી રહી છે. સેલ્ટિક્સનું નબળું પ્રદર્શન અને અન્ય પરિણામો બીજી તરફ, બોસ્ટન સેલ્ટિક્સ માટે આ સીઝનનું સૌથી ખરાબ પ્રદર્શન રહ્યું હતું. ટીમનો ૩-પોઈન્ટ શૂટિંગ ગ્રાફ માત્ર ૧૭.૧ ટકા રહ્યો હતો, જે તેમની હારનું મુખ્ય કારણ બન્યું. જેલન બ્રાઉને ૨૬ પોઈન્ટ્સ સાથે લડત આપી હતી પરંતુ તે અપૂરતી સાબિત થઈ.

## ઈજા છતાં બેસિલ સનીનો મજબૂત ઈરાદો

# પ્રથમ વખત જીત્યો નેશનલ સુપરક્રોસ ખિતાબ

(એજન્સી) વિશાખાપટ્ટનમ । તા. 09



આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં રમાયેલી MRF મોગ્રિપ FMSCI ઈન્ડિયન નેશનલ સુપરક્રોસ ચેમ્પિયનશિપના રોમાંચક ફિનાલેમાં એર્નાકુલમના રાઈડર બેસિલ સનીએ અદભૂત જીત મેળવી છે. બેસિલ સનીએ તેની કારકિર્દીનું પ્રથમ રાષ્ટ્રીય ટાઈટલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ જીત માત્ર કૌશલ્યની જ નહીં, પરંતુ બેસિલના અદમ્ય સાહસની પણ છે, કારણ કે તેણે ગંભીર શારીરિક પીડા વચ્ચે આ સિદ્ધિ હાંસલ કરી છે. પીડાને પરાસ્ત કરી મેળવી સફળતા બેસિલ સનીએ આ ટૂર્નામેન્ટમાં તૂટેલા લિગામેન્ટ અને ડાબા પગના અંગૂઠામાં ફ્રેક્ચર હોવા છતાં ભાગ લીધો હતો. પોતાની સર્જરી અને તબીબી સારવારને બાજુ પર મૂકીને તેણે આખી સીઝન રમી હતી. જોકે તેણે છ રાઉન્ડમાં એક પણ 'મોટો' (મેચ) જીત્યો નહોતો, પરંતુ દરેક રેસમાં ટોચના સ્થાને રહીને મેળવેલા પોઈન્ટ્સ તેને ચેમ્પિયન બનાવવા માટે પૂરતા સાબિત થયા હતા. જીત બાદ બેસિલે કહ્યું કે, "છેલ્લા ૧૫ દિવસ મેં માત્ર આ ફાઈનલ રાઉન્ડ માટે સારવાર મોકૂફ રાખી હતી, આજે મારી મહેનત સફળ થઈ છે." રુગ્વેદ બારગુજેનો રેકોર્ડ પ્રીમિયર SX1 ક્લાસમાં પુણેના અનુભવી રાઈડર રુગ્વેદ બારગુજેએ ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે.

## ચેમ્પિયન // ગાવસ્કરની ટીમે મેળવી જીત, ચેન્નાઈ સુપર ચેમ્પ્સની હાર

# પિકલબોલના મહાજંગમાં દિલ્હી દિલવાલે ચેમ્પિયન

(એજન્સી) મુંબઈ । તા. 09

માયાનગરી મુંબઈના જીયો વર્લ્ડ ગાર્ડન ખાતે રમાયેલી વર્લ્ડ પિકલબોલ લીગ (WPBL) ૨૦૨૬ ની હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં 'દિલ્હી દિલવાલે' એ ઈતિહાસ રચી દીધો છે. રસાકસીભર્યા મુકાબલામાં દિલ્હીની ટીમે ચેન્નાઈ સુપર ચેમ્પ્સને ૩-૨ થી પરાજય આપીને પ્રથમ વખત ટાઈટલ પોતાના નામે કર્યું છે. ક્રિકેટ જગતના મહાન ખેલાડી સુનિલ ગાવસ્કરની સહ-માલિકીની આ ટીમે શરૂઆતી આંચકાઓ છતાં અદભૂત લડાયક મિજાજ બતાવીને રમતપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.




### હાર્યા બાદ જબરદસ્ત વાપસી: રોમાંચક મેચનો ઘટનાક્રમ

ફાઈનલની શરૂઆત ચેન્નાઈ સુપર ચેમ્પ્સ માટે અત્યંત આશાસ્પદ રહી હતી. મહિલા સિંગલ્સમાં ચેન્નાઈની રિકા ફુજીવારાએ દિલ્હીની એલેજાન્દ્રા લોપેઝને ૨૭-૩ ના વિશાળ અંતરથી હરાવી એકતરફી પ્રભુત્વ જમાવ્યું હતું. જોકે, દિલ્હી દિલવાલેએ હિંમત હાર્યા વગર વળતો પ્રહાર કર્યો હતો. મિક્સ ડબલ્સમાં મેક્સ મેન્થો અને ટ્રાંગ હુઈન્હે ચેન્નાઈની જોડીને ૧૧-૧૦ થી હરાવીને સ્કોર ૧-૧ થી બરાબરી પર લાવી દીધો હતો. ત્યારબાદ રમત વધુ આક્રમક બની હતી અને દરેક પોઈન્ટ માટે બંને ટીમો વચ્ચે રસાકસી જોવા મળી હતી. પુરુષ સિંગલ્સમાં ચેન્નાઈના લી હોંગ નામે ૧૫-૧૩ થી જીત મેળવી ફરી પોતાની ટીમને આગળ કરી હતી, પરંતુ મહિલા ડબલ્સમાં ટ્રાંગ હુઈન્હ અને મિહાઈ કવોને ૧૧-૧૦ થી રોમાંચક વિજય મેળવી મેચને નિર્ણાયક તબક્કે લાવી દીધી હતી. અંતિમ અને સૌથી મહત્વની મેન્સ ડબલ્સમાં દિલ્હીના મેક્સ મેન્થો અને એરિક લેંગે ૧૪-૬ ના સ્કોર સાથે વિજય મેળવીને દિલ્હી દિલવાલેને વિજેતા બનાવ્યા હતા. આ શાનદાર પ્રદર્શન માટે મેક્સ મેન્થોને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યા હતા.

આ વર્ષની સીઝનમાં કુલ ૭ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં જયપુર (રાજસ્થાન ટાઈટન્સ) ની નવી ટીમનું આગમન વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. ૨૪ જાન્યુઆરીથી શરૂ થયેલી આ ટુર્નામેન્ટમાં ૧૮ વિવિધ દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે દર્શાવે છે કે આ રમત હવે વૈશ્વિક સ્તરે લોકપ્રિય બની રહી છે. ભારતમાં પણ આ રમતનો પ્રસાર ઝડપથી વધી રહ્યો છે અને WPBL ૨૦ ૨૬ ની સફળતાએ તેને એક નવો આયામ આપ્યો છે.

ટુર્નામેન્ટના અંતે વિવિધ શ્રેણીમાં શ્રેષ્ઠ ખેલાડીઓને નવાજવામાં આવ્યા હતા. મહિલાઓમાં કેટેરીના સ્ટુઅર્ટ અને પુરુષોમાં લી હોંગ નામને 'બેન્ડ ઓફ ઓનર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુનિલ ગાવસ્કરે પોતાની ટીમની આ જીત પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ખેલાડીઓની મહેનત અને જીતવાની ધગશને કારણે જ આ ટ્રોફી મળી છે.

## તેજસ્વિન શંકરનો ઐતિહાસિક ગોલ્ડ

# એશિયન ઈન્ડોર એથ્લેટિક્સમાં રચ્યો નવો નેશનલ રેકોર્ડ




ટિયાનજિન (ચીન): ચીનના ટિયાનજિનમાં રમાયેલી ૧૨મી એશિયન ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ભારત માટે ગૌરવના સમાચાર આવ્યા છે. ૨૭ વર્ષીય સ્ટાર એથ્લેટ તેજસ્વિન શંકરે હેપ્ટાથલોન ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીતીને ઈતિહાસ રચી દીધો છે. તેજસ્વિને માત્ર ગોલ્ડ મેડલ જ નથી જીત્યો, પરંતુ ૫૯૭૩ પોઈન્ટ્સ મેળવીને પોતાનો જ જૂનો નેશનલ રેકોર્ડ (૫૬૫૦ પોઈન્ટ્સ) પણ તોડી નાખ્યો છે. આ સફળતા સાથે ભારત મેડલ ટેલીમાં કુલ ૫ પદકો સાથે છઠ્ઠા ક્રમે રહ્યું છે.

તેજસ્વિનનો ઓલરાઉન્ડ દેખાવ તેજસ્વિન શંકરે સાત રમતોની આ સ્પર્ધામાં શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો. તેમણે ૬૦ મીટર હર્ડલ્સમાં ૮.૦૨ સેકન્ડના સમય સાથે ૯૭૭ પોઈન્ટ્સ મેળવ્યા હતા. ત્યારબાદ પોલ વોલ્ટમાં ૪.૨૦ મીટર અને અંતિમ ૧૦૦૦ મીટર દોડમાં ૨:૪૩.૯૧ મિનિટના શાનદાર સમય સાથે કુલ ૫૯૭૩ પોઈન્ટ્સ પ્રાપ્ત કર્યા હતા. નોંધનીય છે કે તેજસ્વિન પાસે આઉટડોર ડેકાથલોનનો પણ નેશનલ રેકોર્ડ છે.

તજિંદરપાલ સિંહ તૂર (શોટ પુટ): એશિયન ગેમ્સના ચેમ્પિયન તજિંદરે ૨૦.૦૫ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો.

પૂજા (હાઈ જમ્પ): મહિલા હાઈ જમ્પમાં પૂજાએ ૧.૮૭ મીટરની ઊંચાઈ કુદીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો.

એન્સી સોજન (લોન્ગ જમ્પ): એન્સીએ ૬.૨૧ મીટરના કૂદકા સાથે બ્રોન્ઝ મેડલ જીતી ભારતની મેડલ સંખ્યા વધારી.

### અમેરિકા બાદ ચીન નમ્યું, ખાસ ઓફર સાથે શાંતિનો પ્રસ્તાવ

# વૈશ્વિક મહાસત્તાઓ વચ્ચે ભારત સાથે જોડાવાની હોડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

વર્ષ ૨૦૨૬ ભારતની વિદેશ નીતિ માટે સુવર્ણ અક્ષરે લખાય તેવું સાબિત થઈ રહ્યું છે. વિશ્વના બે સૌથી શક્તિશાળી દેશો અમેરિકા અને ચીન વચ્ચે અત્યારે ભારત સાથે ગાઢ સંબંધો બનાવવા માટે જાણે હરીફાઈ જામી છે. એક તરફ અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર લાદેલા કડક ટૅરિફ પાછા ખેંચવાની ફરજ પડી છે, તો બીજી તરફ વર્ષોથી દુશ્મની રાખનાર ચીન પણ હવે હિમાલયની સરહદે શાંતિ સ્થાપવા અને આર્થિક સહયોગ વધારવા માટે આતુર દેખાઈ રહ્યું છે. વૈશ્વિક રાજનીતિના પટલ પર ભારત અત્યારે એક એવા સ્થાને પહોંચ્યું છે જ્યાં તેને અવગણવું કોઈપણ મહાસત્તા માટે અશક્ય બની ગયું છે.

તાજેતરના મીડિયા અહેવાલ અનુસાર, ભારતમાં ચીનના રાજદૂત જૂ ફેઈહોંગે સોશિયલ મીડિયાના માધ્યમથી ભારત સાથેના સંબંધોમાં નવી ઉર્જા ફૂંકવાના સંકેતો આપ્યા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે બેઈજિંગ હવે ભારતને હરીફના બદલે વિકાસના ભાગીદાર તરીકે જોવા તૈયાર છે. આ નિવેદન પાછળ ચીનની બદલાતી આર્થિક રણનીતિ જવાબદાર માનવામાં આવે છે. લાંબા સમયની કડવાશ અને સરહદી તણાવ બાદ ચીન દ્વારા વ્યાપારિક અને વ્યવહારિક સહયોગ વધારવાની વાત કરવી એ ભારતની કુટનીતિક જીત દર્શાવે છે.

### બ્રિક્સમાં સમર્થન અને બદલાતા સમીકરણોના કારણો

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ચીને આગામી બ્રિક્સ સંમેલનની અધ્યક્ષતા માટે ભારતનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. આ 'હૃદય પરિવર્તન' પાછળ અનેક કારણો જવાબદાર છે. પ્રથમ, ચીન હાલમાં ભયંકર આર્થિક મંદીનો સામનો કરી રહ્યું છે અને ભારત જેવા વિશાળ બજારને ગુમાવવું તેને પરવડે તેમ નથી. બીજું, ભારત અને અમેરિકા વચ્ચે વધતી જતી સંરક્ષણ



નિકટતાથી ચીન ફફડી ગયું છે. તેને ડર છે કે જો તે ભારત સાથે સંબંધો નહીં સુધારે તો એશિયામાં તેનું પ્રભુત્વ ઘટી જશે. વધુમાં, ભારત હવે 'ગ્લોબલ સાઉથ'નું નિર્વિવાદ નેતા બનીને ઉભર્યું છે, જેના કારણે ચીને નમતું જોખવાની મજબૂરી ઉભી થઈ છે.

જોકે, ચીનની આ લોભામણી ઓફરો છતાં ભારત અત્યારે 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી રહ્યું છે. નવી દિલ્હીનું વલણ અત્યંત સ્પષ્ટ અને મક્કમ છે. ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી હિંસક ઘટના બાદ વિશ્વાસનું જે સંકટ ઉભું થયું છે, તે માત્ર મીઠા નિવેદનોથી દૂર થવાનું નથી. ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સરહદ પર જૂની સ્થિતિ સ્થાપિત નહીં થાય અને સંપૂર્ણ શાંતિ નહીં જળવાય, ત્યાં સુધી સંબંધો સામાન્ય સ્તરે પાછા આવશે નહીં. ભારત પોતાની સાર્વભૌમત્વ અને સુરક્ષા સાથે કોઈ પણ સંજોગોમાં બાંધછોડ કરવા તૈયાર નથી.

### અમેરિકા અને ચીન વચ્ચે ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા

વર્તમાન પરિસ્થિતિ જોતા જણાય છે કે ભારત અત્યારે અમેરિકાની અદ્યતન ટેકનોલોજી અને ચીનના વ્યાપારિક લાભો વચ્ચે પોતાની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' જાળવી રાખવામાં સફળ રહ્યું છે. કોઈ પણ વૈશ્વિક શક્તિના દબાણમાં આવ્યા વગર ભારત પોતાની શરતો પર સંબંધો આગળ ધપાવી રહ્યું છે.

---

**ગંગાથી નાઈલ સુધી હિન્દી ભાષાનો સેતુ મજબૂત બનશે હવે**

## કૈરોમાં આફ્રિકન પ્રાદેશિક હિન્દી કોન્ફરન્સનો ભવ્ય પ્રારંભ

(એજન્સી) કૈરો । તા. 09

ઈજિપ્તની ઐતિહાસિક રાજધાની કૈરોમાં રવિવારે 'આફ્રિકન પ્રાદેશિક હિન્દી કોન્ફરન્સ'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના વિદેશ મંત્રાલયના સચિવ (દક્ષિણ) નીના મલ્હોત્રાએ આ સંમેલનનો પ્રારંભ કરાવ્યો હતો. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં આફ્રિકાના સાત દેશો અને ઈજિપ્તના અગ્રણી વિદ્વાનો એકમંચ પર આવ્યા હતા. હિન્દી ભાષાને માત્ર સંવાદનું સાધન નહીં, પરંતુ વિવિધ સંસ્કૃતિઓને જોડતા એક મજબૂત સેતુ તરીકે ઉજવવામાં આવી હતી. આ કોન્ફરન્સ 'વસુધૈવ કુટુંબકમ' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે તેવી ઉમદા ભાવનાને ચરિતાર્થ કરી રહી છે.

ગંગાથી નાઈલ સુધી સાંસ્કૃતિક જોડાણ આ બે દિવસીય કોન્ફરન્સનો મુખ્ય વિષય "ગંગાથી નાઈલ સુધી સાંસ્કૃતિક સંપર્ક અને સહકાર માટે હિન્દી" રાખવામાં આવ્યો છે. ભારતીય દૂતાવાસ અને કૈરોની 'ઐન શમ્સ યુનિવર્સિટી'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં આફ્રિકાના ખૂણેખૂણેથી હિન્દી પ્રેમીઓ, લેખકો અને શિક્ષણવિદો સહભાગી થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સંમેલનનો ઉદ્દેશ્ય હિન્દી ભાષાના માધ્યમથી શૈક્ષણિક અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપીને લોકો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે. વૈશ્વિક રાજદ્વારી સંબંધોમાં હિન્દીની ભૂમિકા મીડિયા અહેવાલ મુજબ, ઉદ્ઘાટન પ્રસંગે ભારતીય રાજદૂત સુરેશ કે. રેડ્ડી અને યુનિવર્સિટીના પ્રમુખ પ્રો. મોહમ્મદ દિયા ઝૈન અલ-આબેદીન પણ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં ચર્ચા કરવામાં આવી હતી કે હિન્દી એ માત્ર ભારતની વિરાસત નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય સંબંધો અને સાંસ્કૃતિક રાજદ્વારી માટે એક શક્તિશાળી સાધન બની રહી છે. ભારતીય સિનેમા અને સાહિત્યના પ્રભાવને કારણે આફ્રિકન દેશોમાં હિન્દી પ્રત્યેનો રસ સતત વધી રહ્યો છે, જે ભારત-ઈજિપ્ત વચ્ચેના પ્રાચીન સભ્યતાના સંબંધોને નવો આયામ આપી રહ્યો છે.

---

## ન્યૂઝ બ્રીફ

### નરગીસ મોહમ્મદીને ૪૪ વર્ષની જેલ થતા વિશ્વભરમાં ભારે રોષ



તેહરાન | ઈરાનમાં માનવાધિકાર અને મહિલા સ્વાતંત્ર્ય માટે અવાજ ઉઠાવનારા નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નરગીસ મોહમ્મદી પર ઈરાની શાસને ફરી એકવાર ક્રૂરતાની હદ વટાવી છે. તાજેતરના અદાલતી ચુકાદા મુજબ, ૫૩ વર્ષીય નરગીસને વધુ સાડા સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે, જેના કારણે તેમની કુલ સજાનો આંકડો હવે ૪૪ વર્ષ પર પહોંચી ગયો છે. આ નવા ચુકાદાને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાની સરકારની કડક ટીકા થઈ રહી છે અને માનવાધિકાર સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### બાંગ્લાદેશમાં 3.3 ની તીવ્રતાનો ભૂકંપ આવતા ફફડાટ વ્યાપ્યો

ઢાકા | બાંગ્લાદેશમાં સોમવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૩ નોંધાઈ છે. આ ઘટના સોમવારે વહેલી સવારે ૪:૫૦ વાગ્યે બની હતી. સદનસીબે, હજુ સુધી આ આંચકાને કારણે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ વારંવાર આવતા આ ભૂકંપના કારણે દેશમાં સંભવિત મોટી કુદરતી હોનારતનો ભય સેવાઈ રહ્યો છે. ભૂકંપનું કેન્દ્ર અને તકનીકી વિગતો નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ સોશિયલ મીડિયા પર માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૪૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપના કેન્દ્રબિંદુના અક્ષાંશ ૨૫.૦૮ N અને રેખાંશ ૯૨.૦૩ E નોંધવામાં આવ્યા છે.

### જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીની ઐતિહાસિક જીતથી વિશ્વ ગદગદ



ટોક્યો | જાપાનમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં વડાપ્રધાન સનાએ તાકાઈચીના નેતૃત્વમાં LDP એ અભૂતપૂર્વ અને ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. આ પ્રચંડ જીત બાદ વિશ્વના શક્તિશાળી દેશોના નેતાઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ દ્વારા તાકાઈચીની આ સિદ્ધિને બિરદાવી છે અને ભવિષ્યમાં દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. મેલોનીએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે, "જાપાનની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની ચૂંટણીમાં મળેલી આ નોંધપાત્ર સફળતા બદલ સનાએને ખૂબ ખૂબ અભિનંદન."

---

### લેબર ક્રાઈસિસમાં ભારત બન્યું તારણહાર

# રશિયાની ભારતને રિટર્ન ગિફ્ટ હવે મોસ્કોમાં કમાણીની તક, હજારો ભારતીયોને મળશે રોજગારી

(એજન્સી) મોસ્કો/નવી દિલ્હી । તા. 09

અમેરિકા અને પશ્ચિમી દેશોના અનેક દબાણો અને પ્રતિબંધો છતાં ભારત અને રશિયાની અતૂટ દોસ્તી હવે એક નવા આર્થિક મુકામ પર પહોંચી છે. અત્યાર સુધી રશિયા ભારતને સસ્તું તેલ આપીને મદદ કરી રહ્યું હતું, પરંતુ હવે તે ભારતને એક મોટી 'રિટર્ન ગિફ્ટ' આપવા જઈ રહ્યું છે. રશિયામાં સર્જાયેલા ઈતિહાસના સૌથી ભયાનક શ્રમિક સંકટને દૂર કરવા માટે મોસ્કોએ હવે ભારત તરફ નજર દોડાવી છે. ડિસેમ્બર માસમાં પ્રમુખ પુતિનની ભારત મુલાકાત દરમિયાન થયેલા ઐતિહાસિક કરારોના ફળસ્વરૂપે હવે હજારો ભારતીય યુવાનો માટે રશિયામાં ઉંચા પગાર સાથે કામ કરવાના દ્વાર ખુલી ગયા છે.



### શ્રમિકોની અછત અને ભારતીયોની વધતી માંગ

મીડિયા અહેવાલ મુજબ, રશિયા હાલમાં દાયકાઓના સૌથી મોટા લેબર ક્રાઈસિસનો સામનો કરી રહ્યું છે. યુક્રેન સાથેના યુદ્ધના કારણે લાખો રશિયન યુવાનો કાં તો સૈન્યમાં જોડાયા છે અથવા દેશ છોડીને પલાયન કરી ગયા છે, જેના કારણે ત્યાં બેરોજગારીનો દર ઘટીને માત્ર ૨% એ પહોંચી ગયો છે. આ ખાલીપો ભરવા માટે રશિયાએ મધ્ય એશિયાના દેશો પરનો ભરોસો ઘટાડીને ભારત પર પસંદગી ઉતારી છે. મોસ્કોના રસ્તાઓ પરથી બરફ હટાવવાથી લઈને મોટા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વેલ્ડિંગ સેન્ટરોમાં હવે ભારતીય શ્રમિકોનો દબદબો જોવા મળશે.

### વર્ક પરમિટમાં દસ ગણો વધારો, રોજગારીના અવસર

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, રશિયન અર્થતંત્રને આ દાયકાના અંત સુધીમાં આશરે ૧.૧ કરોડ વધારાના શ્રમિકોની જરૂર પડવાની છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે ભારત અને રશિયા વચ્ચે થયેલા કરાર બાદ ભારતીય શ્રમિકો માટેની વર્ક પરમિટમાં અધધધ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ જે આંકડો માત્ર ૫,૦૦૦ સુધી સીમિત હતો, તે હવે વધીને ૫૬,૦૦૦ ને પાર કરી ગયો છે. ખાસ કરીને ભારતીય વેલ્ડર્સ, ઈલેક્ટ્રિશિયન અને બાંધકામ ક્ષેત્રના કુશળ કારીગરોની રશિયામાં ભારે માંગ નીકળી છે.

### ચેન્નાઈમાં ટ્રેનિંગ સેન્ટરો અને ખાસ તાલીમ

રશિયાની કામ કરવાની પદ્ધતિ અને ત્યાંની ભાષા-સંસ્કૃતિથી ભારતીયો વાકેફ થાય તે માટે ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં ખાસ ટ્રેનિંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. રશિયન એજન્સીઓ દ્વારા સંચાલિત આ સેન્ટરોમાં શ્રમિકોને રશિયા મોકલતા પહેલા પ્રોફેશનલ ટ્રેનિંગ આપવામાં આવે છે. રશિયન કંપનીઓ પણ હવે ભારત જેવા દેશોના શ્રમિકો પર વધુ વિશ્વાસ કરી રહી છે કારણ કે તેઓ કાયદેસરના કરારથી બંધાયેલા હોય છે અને વધુ શિસ્તબદ્ધ રીતે કામ કરે છે.

### લાંબા ગાળાની ભાગીદારી અને ભવિષ્યની તકો

આર્થિક નિષ્ણાતોના મતે રશિયાનું આ સંકટ ટૂંકા ગાળાનું નથી. રશિયાની વસ્તી સતત ઘરડી થઈ રહી છે, જેનો સીધો અર્થ એ છે કે આગામી અનેક દાયકાઓ સુધી તેમને વિદેશી શ્રમશક્તિ પર નિર્ભર રહેવું પડશે. ભારત માટે આ એક સુવર્ણ અવસર છે કારણ કે તે પોતાના યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્તરે રોજગારી પૂરી પાડી શકશે. રશિયા હવે ભારતીયો માટે કમાણીનું નવું અને સુરક્ષિત કેન્દ્ર બનીને ઉભરી રહ્યું છે, જે બંને દેશોના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

---

**અમેરિકાનો સનસનીખેજ ઘટસ્ફોટ**

## ગલવાન જંગ બાદ ચીનનું ગુપ્ત પરમાણુ પરીક્ષણ



(એજન્સી) વોશિંગ્ટન । તા. 09

વર્ષ ૨૦૨૦માં જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે ઝઝૂમી રહ્યું હતું અને ભારતીય સરહદે લદ્દાખની ગલવાન ઘાટીમાં ચીની સૈનિકો સાથે લોહિયાળ સંઘર્ષ ચાલી રહ્યો હતો, ત્યારે ચીને એક અત્યંત ખતરનાક અને ગુપ્ત ષડયંત્રને અંજામ આપ્યો હતો. અમેરિકા દ્વારા કરવામાં આવેલા એક લેટેસ્ટ ઘટસ્ફોટ મુજબ, ગલવાનની હિંસક ઘટનાના માત્ર એક જ સપ્તાહ બાદ ચીને ભારત-ચીન સરહદની અત્યંત નજીક એક મોટું પરમાણુ પરીક્ષણ કર્યું હતું. આ ઘટસ્ફોટે વૈશ્વિક સ્તરે ડ્રેગનના અસલી ચહેરાને ફરી એકવાર ખુલ્લો પાડી દીધો છે.

અમેરિકાના અન્ડર સેક્રેટરી ઓફ સ્ટેટ થોમસ ડિનૈનોએ સંયુક્ત રાષ્ટ્રના નિરસ્ત્રીકરણ સંમેલન દરમિયાન આ વિસ્ફોટક માહિતી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, જૂન ૨૦૨૦માં જ્યારે વિશ્વભરની તપાસ એજન્સીઓ કોરોના વાયરસના ઉદ્દભવને શોધવામાં વ્યસ્ત હતી, ત્યારે ચીને આ તકનો લાભ ઉઠાવીને અત્યંત ગુપ્ત રીતે પરમાણુ બોમ્બનો ધડાકો કર્યો હતો. આ પરીક્ષણ એટલું ગુપ્ત રાખવામાં આવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પણ તેની જાણ થવા દેવામાં આવી નહોતી. ચીનની આ હરકત સીધી રીતે ભારતની સુરક્ષા માટે મોટો ખતરો માનવામાં આવી રહી છે. ૧૫ જૂન ૨૦૨૦ના રોજ ગલવાન ઘાટીમાં ભારતીય સૈનિકોએ ચીનના ૩૦થી વધુ સૈનિકોને યમધામ પહોંચાડી દીધા હતા. આ શરમજનક પરાજયના બરાબર એક સપ્તાહ બાદ ચીને આ પરમાણુ પરીક્ષણ કર્યું હતું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ચીન કદાચ ભારત પર કોઈ મોટા હુમલાની તૈયારી કરી રહ્યું હતું અથવા તો ભારતીય સૈન્યની તાકાતથી ડરીને પોતાની પરમાણુ ક્ષમતાનું પ્રદર્શન કરવા માંગતું હતું. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ પરીક્ષણ લદ્દાખ સરહદની નજીક જ કરવામાં આવ્યું હતું, જે ભારતીય સરહદી વિસ્તારો માટે અત્યંત સંવેદનશીલ છે.

---

## રમેશ ચંદ્ર સેનનું જેલમાં શંકાસ્પદ મોત થતા બાંગ્લાદેશમાં રોષ

(એજન્સી) ઢાકા । તા. 09

બાંગ્લાદેશમાં આગામી ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણી પૂર્વે જ લોહિયાળ માહોલ સર્જાયો છે. પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાની પાર્ટી 'આવામી લીગ'ના અત્યંત વરિષ્ઠ હિન્દુ નેતા રમેશ ચંદ્ર સેનનું જેલમાં શંકાસ્પદ સંજોગોમાં નિધન થતા સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. જેલ પ્રશાસનની બેદરકારી અને સારવારની કથળતી વ્યવસ્થા સામે હવે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે, જેના કારણે રાજકીય વાતાવરણમાં ભારે ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે.

કોણ હતા દિગ્ગજ નેતા રમેશ ચંદ્ર સેન? ૩૦ એપ્રિલ ૧૯૪૦ના રોજ જન્મેલા રમેશ ચંદ્ર સેન બાંગ્લાદેશના રાજકારણનું મોટું નામ હતું. તેઓ ઠાકુરગાંવ બેઠક પરથી વારંવાર સાંસદ તરીકે ચૂંટાઈને આવતા હતા અને હિન્દુ લઘુમતી



સમુદાયનો મજબૂત ચહેરો ગણાતા હતા. વર્ષ ૨૦૨૪ની વિવાદાસ્પદ ચૂંટણીમાં પણ તેમણે ભવ્ય વિજય મેળવ્યો હતો.

જોકે, હસીના સરકારના પતન બાદ ગત ૧૬ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર હત્યા અને રાજકીય હિંસા જેવા અનેક ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા, જેને તેમના સમર્થકો રાજકીય દ્વેષ ગણાવી રહ્યા છે.

---

## વડાપ્રધાન મોદી સેશેલ્સની આઝાદીની ૫૦મી વર્ષગાંઠમાં મુખ્ય મહેમાન

નવી દિલ્હી | ભારત અને સેશેલ્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીએ ભારતની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સેશેલ્સની આઝાદીની ૫૦મી વર્ષગાંઠ પર 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે આમંત્રિત કર્યા છે. આ મુલાકાત ભારત-સેશેલ્સ વચ્ચેના રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ અને સેશેલ્સના સ્વાતંત્ર્યના સુવર્ણ જયંતિના અનોખા સંગમ સમાન છે. નવી દિલ્હીમાં યોજાયેલી સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં બંને નેતાઓએ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને સહયોગ માટેની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણ પર વિશેષ ભાર સંયુક્ત સંબોધનમાં રાષ્ટ્રપતિ હર્મિનીએ જણાવ્યું હતું કે, હિંદ મહાસાગરના બે મહત્વપૂર્ણ દેશો તરીકે દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા બંને માટે કેન્દ્રસ્થાને છે.

---

## પેન્પા સેરિંગની અમેરિકા મુલાકાતથી તિબેટ મુદ્દે નવો વળાંક

### તિબેટ મુદ્દે અમેરિકી સાંસદો સાથે બેઠક યોજી સમર્થન માંગ્યું

(એજન્સી) વોશિંગ્ટન । તા. 09

તિબેટના નિર્વાસિત નેતા અને સીક્યોંગ પેન્પા સેરિંગે તાજેતરમાં અમેરિકાની તેમની અત્યંત મહત્વપૂર્ણ સત્તાવાર મુલાકાત પૂર્ણ કરી છે. આ પ્રવાસ દરમિયાન તેમણે વોશિંગ્ટન ડીસીમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજીને તિબેટના સંઘર્ષને વૈશ્વિક મંચ પર ફરી એકવાર જીવંત કર્યો છે. ખાસ કરીને ચીન દ્વારા ફેલાવવામાં આવતા ખોટા પ્રચાર (ડિસઈન્ફોર્મેશન) અને ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે થયેલી ચર્ચાઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું છે.

અમેરિકી સાંસદો અને થિંક ટેન્ક સાથે મહત્વની મંત્રણા મુલાકાતના ભાગરૂપે, પેન્પા સેરિંગે અમેરિકી સેનેટર જેફ મર્કલે સાથે મુલાકાત કરી હતી, જેઓ વર્ષ ૨૦૨૪ના 'રિઝોલ્વ તિબેટ એક્ટ'ના મુખ્ય પ્રસ્તાવક રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ બેઠકમાં તિબેટની સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખ બચાવવા માટે કાયદાકીય સમર્થન વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેમણે અમેરિકા-ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા પંચ સાથે પણ બેઠક યોજી હતી. એટલાન્ટિક કાઉન્સિલ જેવા પ્રતિષ્ઠિત મંચ પરથી તેમણે તિબેટમાં લોકશાહી અને દલાઈ લામાના અનુગામી જેવા સંવેદનશીલ વિષયો પર તિબેટનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો હતો. યુવા સાંસદોમાં જાગૃતિ અને ચીની પ્રોપેગેન્ડાનો વિરોધ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સીક્યોંગે અમેરિકી કોંગ્રેસના યુવા સભ્યો સાથે પણ સંવાદ સાધ્યો હતો. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે આવનારા વર્ષોમાં પણ તિબેટને બંને પક્ષો તરફથી સમાન સમર્થન મળતું રહે તે જરૂરી છે.

---

**ચીટિંગ** | ઈઝરાયલમાં છુપાયો હોવાની આશંકા, લેડી હર્વીનો વિસ્ફોટક ખુલાસો

# જેફરી એપસ્ટિન જીવતો હોવાનો ભયંકર દાવો

(એજન્સી) લંડન । તા. 09

વિશ્વના સૌથી ચર્ચિત અને કુખ્યાત ફાયનાન્સર જેફરી એપસ્ટિનના મૃત્યુના રહસ્ય પરથી ફરી એકવાર પડદો ઉચકાયો છે. બ્રિટનના પ્રિન્સ એન્ડ્ર્યુની ભૂતપૂર્વ પ્રેમિકા લેડી વિક્ટોરિયા હર્વીએ એક એવો દાવો કર્યો છે જે સાંભળીને આંતરરાષ્ટ્રીય તપાસ એજન્સીઓના હોશ ઉડી ગયા છે. હર્વીના જણાવ્યા અનુસાર, એપસ્ટિનનું ૨૦૧૯માં ન્યૂયોર્કની જેલમાં મૃત્યુ થયું જ નથી, પરંતુ તે એક સુનિયોજિત કાવતરા હેઠળ જેલમાંથી ભાગી છૂટ્યો હતો અને હાલમાં ઈઝરાયલમાં આશરો લઈ રહ્યો છે. આ દાવાએ વૈશ્વિક સ્તરે ન્યાયતંત્ર અને જેલ પ્રશાસનની વિશ્વસનીયતા સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

મીડિયા અહેવાલ મુજબ, લેડી હર્વીએ એક ઈન્ટરવ્યૂમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે જે રાત્રે એપસ્ટિનના મોતના સમાચાર આવ્યા, તે રાત્રે તેને એક રહસ્યમય 'ટ્રિપ વેન' દ્વારા જેલની બહાર સુરક્ષિત રીતે મોકલી દેવામાં આવ્યો હતો. હર્વીએ તાજેતરમાં જાહેર થયેલી એપસ્ટિન કેસની ગુપ્ત ફાઈલોનો ઉલ્લેખ



કરતાં જણાવ્યું કે, એક જેલ ગાર્ડે પોતે આ વાત સ્વીકારી હતી કે તે સમયે જેલની અંદર મૃતદેહોની અદલાબદલી કરવામાં આવી હતી. આ ગાર્ડના દાવા મુજબ, તેણે પોતાની આંખે એપસ્ટિનના બદલે અન્ય કોઈનો મૃતદેહ લટકતો જોયો હતો. હર્વીએ હવે આ ગાર્ડની નવેસરથી અને ઊંડાણપૂર્વક પૂછપરછ કરવાની માંગ કરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જેફરી એપસ્ટિન વિશ્વના અત્યંત શક્તિશાળી અને પ્રભાવશાળી રાજકારણીઓ તથા ઉદ્યોગપતિઓ સાથે ગાઢ સંબંધો ધરાવતો હતો. રસપ્રદ વાત એ છે કે, આ કેસમાં જાહેર થયેલી નવી ફાઈલોમાં લેડી હર્વીનું નામ પોતે ૨૩ વખત ઉલ્લેખાયેલું છે. આ બાબતે હર્વીએ તર્ક આપ્યો હતો કે તે સમયે જે લોકો સત્તામાં કે પ્રભાવમાં હતા અને જો તેમનું નામ આ યાદીમાં નથી, તો તેનો અર્થ એ છે કે તેઓ સામાજિક રીતે નિષ્ફળ હતા. તેમના મતે, એપસ્ટિનનું જીવિત હોવું એ આ પ્રભાવશાળી લોકોના હિતમાં હોઈ શકે છે.

વર્ષ ૨૦૧૯માં ન્યૂયોર્કની મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં જ્યારે એપસ્ટિનનો મૃતદેહ લટકતી હાલતમાં મળ્યો, ત્યારે તેને સત્તાવાર રીતે આત્મહત્યા ગણાવવામાં આવી હતી. જોકે, લેડી હર્વી આ વાતને સદંતર નકારે છે. તેમનું માનવું છે કે એપસ્ટિને જેલમાંથી ભાગીને બીજા દેશમાં શરણ લેવા માટે અગાઉથી જ મોટું રોકાણ અને પ્લાનિંગ કરી રાખ્યું હતું. ઈઝરાયલમાં તેની હાજરી હોવાના દાવાએ હવે ત્યાંની સરકાર અને સુરક્ષા એજન્સીઓનું ધ્યાન પણ ખેંચ્યું છે.

---

## 6 બલચ યુવાનો ગુમ થયાની આશંકાથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

(એજન્સી) ક્વેટા । તા. 09

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંત અને કરાચીના વિવિધ વિસ્તારોમાં ફરી એકવાર સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા દરોડામાં છ બલૂચ યુવાનોને અટકાયતમાં લેવામાં આવ્યા હોવાના ચોંકાવનારા અહેવાલો પ્રાપ્ત થયા છે. આ યુવાનો હાલ ક્યાં છે અને કઈ હાલતમાં છે તે અંગે કોઈ જાણકારી ન હોવાથી તેમના પરિવારોમાં ગભરાટ અને રોષનો માહોલ છે. મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા કેટલાક દિવસોમાં અલગ-અલગ સ્થળોએથી આ યુવાનોને ઉપાડી જવામાં આવ્યા છે, જે પાકિસ્તાનમાં ચાલતા 'એનફોર્સ્ડ ડિસએપિયરન્સ' (બળજબરીથી ગુમ કરવા) ના ભયાનક સિલસિલાને ફરી ઉજાગર કરે છે.

વિદ્યાર્થીઓ અને મજૂર વર્ગને નિશાન બનાવાયા ઘટનાની વિગતો મુજબ, ક્વેટાના બ્રુઅરી રોડ પરથી ૨૫ વર્ષીય વિદ્યાર્થી અસદુલ્લા કુર્દની ગત ૫ ફેબ્રુઆરીના રોજ મધરાતે ધરપકડ કરવામાં આવી હતી. તેવી જ રીતે, કરાચીના લ્યારી વિસ્તારમાંથી ૩૦ વર્ષીય રસોઈયા વલીદને તેના ઘરેથી ઉપાડી લેવાયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, હબ અને આવારાન જિલ્લાના રહેવાસી એવા ખુદા બક્ષ અને યાસિર અરાફાત નામના યુવાનોને પણ કરાચીમાંથી અટકાયતમાં લેવાયા છે. જીવાની વિસ્તારમાં થયેલા રાત્રિ દરોડામાં સિરાજ અને ઝાહિદ નામના અન્ય બે યુવાનોને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા છે.

સુરક્ષા દળોનું મૌન અને પરિવારોની વેદના પાકિસ્તાની સત્તાવાળાઓએ આ અટકાયતો અંગે અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. બીજી તરફ, ગુમ થયેલા યુવાનોના પરિવારોએ માનવાધિકાર સંગઠનોને મદદની અપીલ કરી છે.

## રાહુલ ગાંધી પાસે અપ્રકાશિત કોપી મળતા સવાલો ઉઠ્યા

# જનરલ નરવણેનું પુસ્તક વિવાદ રાહુલ ગાંધી પાસે ક્યાંથી આવ્યું?

નવી દિલ્હી: ભારતીય સંસદના ગલિયારાઓમાં હાલમાં એક પુસ્તકે ભારે હંગામો મચાવ્યો છે. પૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેનું આત્મચરિત્ર 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' (Four Stars of Destiny) હજુ સુધી સત્તાવાર રીતે પ્રકાશિત થયું નથી, છતાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના હાથમાં તેની હાર્ડકોપી જોવા મળતા રાજકીય ગરમાવો આવી ગયો છે. જે પુસ્તક હજુ સંરક્ષણ મંત્રાલયની સમીક્ષા હેઠળ છે અને બજારમાં ઉપલબ્ધ નથી, તે રાહુલ ગાંધી પાસે કઈ રીતે પહોંચ્યું તે અત્યારે દેશનો સૌથી મોટો સવાલ બની ગયો છે.

જનરલ નરવણેનું આ પુસ્તક તેમની ચાર દાયકાની ઝળહળતી સૈન્ય કારકિર્દી પર આધારિત છે. મીડિયા અહેવાલ મુજબ, આ પુસ્તકમાં ચીન સાથેના વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરના સંઘર્ષ અને કેન્દ્ર સરકારની વિવાદાસ્પદ 'અગ્નિપથ યોજના' અંગેના ચોંકાવનારા ખુલાસા હોવાની શક્યતા છે. વિપક્ષનો આક્ષેપ છે કે પુસ્તકમાં સરકારની નીતિઓની ટીકા હોવાને કારણે જ સંરક્ષણ મંત્રાલય જાણીજોઈને તેની મંજૂરી અટકાવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ચાર વર્ષમાં અનેક પુસ્તકોને લીલી ઝંડી મળી છે, પરંતુ નરવણેનું પુસ્તક હજુ પણ લાલ ફીતશાહીમાં અટવાયેલું છે.



નિયમ મુજબ, કોઈપણ નિવૃત્ત લશ્કરી અધિકારી પોતાની નિવૃત્તિ બાદ સંસ્મરણો લખી શકે છે, પરંતુ તેઓ 'ઓફિશિયલ સિક્રેટ એક્ટ' (Official Secrets Act) થી બંધાયેલા હોય છે. કોઈપણ સંવેદનશીલ માહિતી જે રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકે, તે જાહેર કરી શકાતી નથી. સંરક્ષણ મંત્રાલયની મંજૂરી વગર પુસ્તકનું વિતરણ કરવું એ ગંભીર બાબત છે. જાણવા મળ્યું છે કે પેંગ્વિન રેન્ડમ હાઉસ દ્વારા ૨૦૨૪માં કેટલીક નકલો વિતરણ માટે મોકલવામાં આવી હતી, પરંતુ વિવાદ ઉઠતા તેને તાત્કાલિક પરત ખેંચી લેવામાં આવી હતી.સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું આ નકલો પરત ખેંચાય તે પહેલા રાહુલ ગાંધી પાસે પહોંચી ગઈ હતી? સૂત્રો દ્વારા એવી પણ ચર્ચા થઈ રહી છે કે કદાચ લેખક જનરલ નરવણેએ પોતે જ આ કોપી રાહુલ ગાંધીને ભેટ આપી હોઈ શકે છે. જોકે, આ અંગે લેખક કે કોંગ્રેસ પક્ષ તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. જો આ પુસ્તક મંજૂરી વગર બહાર આવ્યું હોય, તો તે પ્રકાશન ગૃહની મોટી બેદરકારી અથવા સરકારી મંજૂરી પ્રક્રિયાની નબળાઈ ગણી શકાય. આ ઘટનાએ માત્ર સુરક્ષા પ્રોટોકોલ જ નહીં, પણ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય સુરક્ષા વચ્ચેની પાતળી ભેદરેખા પર ચર્ચા છેડી દીધી છે.

## દેશ સાથે ગદ્દારી: અમૃતસરમાં સેનાની જાસૂસી કરતો ખેડૂત ઝડપાયો

અમૃતસર: પંજાબના સરહદી જિલ્લા અમૃતસરમાંથી રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન્સ સેલ (SSOC) એ રવિવારે મોડી રાત્રે એક ગુપ્ત ઓપરેશન હાથ ધરીને ૩૫ વર્ષીય હરપાલ સિંહ નામના વ્યક્તિની જાસૂસીના આરોપમાં ધરપકડ કરી છે. વ્યવસાયે ખેડૂત એવો આ શખ્સ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI ના સતત સંપર્કમાં હતો અને ભારતીય સેનાની હિલચાલની ગુપ્ત વિગતો સરહદ પાર પહોંચાડતો હતો.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અજનાલા સેક્ટરનો રહેવાસી હરપાલ સિંહ છેલ્લા એક વર્ષથી પાકિસ્તાની હેન્ડલર્સ સાથે જોડાયેલો હતો. તે નિયમિતપણે ભારતીય સેનાના કેમ્પ, વાહનોની અવરજવર અને વ્યૂહાત્મક સ્થાનોની માહિતી પાકિસ્તાન મોકલતો હતો. અમૃતસરના ખાલસા કોલેજ વિસ્તારમાં નાકાબંધી દરમિયાન જ્યારે તેને ઝડપી પાડવામાં આવ્યો, ત્યારે તેની પાસેથી લશ્કરી ડેટા ધરાવતી એક સીડી (CD) અને એક હાઈ-ટેક મોબાઈલ ફોન મળી આવ્યો છે.પોલીસે હરપાલ સિંહનો મોબાઈલ ફોન ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે. ફોનમાંથી અનેક પાકિસ્તાની નંબરો, વોટ્સએપ ચેટ્સ અને સોશિયલ મીડિયા પર થયેલા શંકાસ્પદ વ્યવહારોની વિગતો મળી આવી છે. સુરક્ષા એજન્સીઓને આશંકા છે કે હરપાલ સિંહ એકલા હાથે આ કામ નહોતો કરતો, પરંતુ તેની પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય જાસૂસી નેટવર્ક હોઈ શકે છે.

## News Brief

### પબજી ગેમની લત બની જીવલેણ: મેરઠમાં ૨૨ વર્ષીય યુવકનું મગજની નસ ફાટતા મોત



મેરઠ: ઉત્તર પ્રદેશના મેરઠમાં ઓનલાઈન ગેમિંગના શોખે એક હસતા-રમતા પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. ૨૨ વર્ષીય યુવક મોહમ્મદ કૈફનું પબજી (PubG) ગેમ રમતી વખતે મગજની નસ ફાટી જવાથી કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર ડિજિટલ ગેમિંગની લત અને તેની શારીરિક અસરો પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. કૈફ તેના પરિવારનો એકમાત્ર પુત્ર હતો, જેના જવાથી માતા-પિતા પર આભ તૂટી પડ્યું છે. મેરઠના ખૈરનગર વિસ્તારમાં રહેતા પ્રોપર્ટી ડીલર ફારુકનો પુત્ર કૈફ શુક્રવારે રાત્રે પોતાના રૂમમાં હેડફોન લગાવીને પબજી રમી રહ્યો હતો. ગેમમાં ડૂબેલા કૈફનું બ્લડ પ્રેશર મોડી રાત્રે અચાનક વધી ગયું હતું. રાત્રે અંદાજે ૩ વાગ્યે તે અચાનક પલંગ પરથી નીચે પટકાયો હતો. પરિવારજનો તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તપાસ કરતા તેનું બ્લડ પ્રેશર ૩૦૦ને પાર હોવાનું માલૂમ પડ્યું હતું. ગંભીર હાલત જોઈ તેને દિલ્હી રેફર કરવામાં આવ્યો હતો, પરંતુ બે દિવસની સારવાર બાદ રવિવારે સવારે તેણે અંતિમ શ્વાસ લીધા હતા. કૈફના જીજા શાહિદે જણાવ્યું કે, કૈફ અગાઉ ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ બનાવવાનો શોખીન હતો, પરંતુ છેલ્લા ચાર મહિનાથી તેને ઓનલાઈન ગેમ્સની જબરી લત લાગી હતી. તે આખી રાત જાગીને ગેમ્સ રમતો હતો. તેના પિતાએ અનેકવાર તેને મોબાઈલ ઓછો વાપરવા સમજાવ્યો હતો, પરંતુ તે માનતો નહોતો.

## ગેટવે ડિસ્ટ્રિપાર્ક્સે તેના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યાં

નવી દિલ્હી | ગેટવે ડિસ્ટ્રીપાર્ક્સ લિમિટેડ (GDL) કે ભારતની અગ્રણી મલ્ટીમૉડલ લૉજિસ્ટિક્સ કંપની છે તેણે 31 ડિસેમ્બર 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે તેના પરિણામોની જાહેરાત કરી છે.કંપનીએ નાણાકીય વર્ષ 2026 માટે શેરદીઠ રૂપિયા 0.75નું બીજુ વચગાળાનું ડિવિડન્ડ અને શેરદીઠ રૂપિયા 1.25 સ્પેશિયલ વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. સ્પેશિયલ વચગાળાનું ડિવિડન્ડ એક વખત આપનાર નોન-રિકરિંગ ડિવિડન્ડ પેમેન્ટ છે, જે કંપની દ્વારા સ્થાપના બાદ પ્રથમ વખત નેટ ડેટ-ફ્રી પોઝીશન હાંસલ કરવા તથા પોતાની પ્રથમ ફેસિલિટી, ન્હાવા શેવા CFS માટે જમીન ખરીદવાના 30 વર્ષ પૂરા થવાની ખુશીમાં આપવામાં આવી રહેલ છે.ફાયનાન્શિયલ ડેટામાં કૂલ આવર રૂપિયા 143.6 કરોડ (વર્ષ દરમિયાન રૂપિયા 460.5 કરોડ), EBIDTA રૂપિયા 24.06 કરોડ (વર્ષ દરમિયાન 69.71 કરોડ), PBT રૂપિયા -3.20 (વર્ષ દરમિયાન -3.48 કરોડ) અને PAT રૂપિયા -1.87 કરોડ (વર્ષ દરમિયાન રૂપિયા -2.24 કરોડ) સામેલ છે, 24 ડિસેમ્બર 2024ના રોજ સ્નોમેન લોજિસ્ટીક્સને એસોસિએટ કંપનીથી સબસિડ્યુરી બન્યા બાદ હિસાબોના સંકલનને લીધે થયેલ છે.

## ગોદરેજ કેપિટલે 'પ્રાઇડ ઇન ટેક' હેકાથોન સાથે LGTBQ+ ભરતી માટે નવા માર્ગો ખોલ્યા

મુંબઈ | ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપની નાણાકીય સેવાઓ પ્રદાન કરતી પેટા કંપની ગોદરેજ કેપિટલે ફક્ત LGBTQ+ સમુદાય માટે ટેકનોલોજી હેકાથોન પ્રાઈડ ઈન ટેકનું આયોજન કર્યું હતું. જેનો ઉદ્દેશ્ય કેમ્પસમાં ઈન્ક્લુઝિવ ભરતીને મજબૂત બનાવવા તેમજ ભવિષ્ય માટે સજ્જ ટેકનોલોજી પ્રતિભાઓની પાઈલપાઈન સ્થાપિત કરવાનો હતો. આ પહેલ ટેકનોલોજી ક્ષેત્રમાં ઘણા ક્વિઅર પ્રોફેશનલ્સ (એલજીબીટીક્યુ પ્રોફેશનલ્સ)ને ખાસ કરીને કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં નડી રહેલા માળખાકીય પડકારો તથા સમાન રોજગારીની તકોનો મર્યાદિત સ્રોતની સમસ્યાઓ દૂર કરવા માટે ઘડવામાં આવી હતી.પ્રાઈડ ઈન ટેકનો પ્રાથમિક ઉદ્દેશ એક સુરક્ષિત, યોગ્યતા-આધારિત અને સમાવેશી ભરતી પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો હતો, જ્યાં LGBTQ+ ટેકનોલોજી પ્રતિભાની ભરતી તેમની મૂલ્યાંકન ક્ષમતા અને સંભાવનાના આધારે કરી શકાય. રિઅલ-વર્લ્ડ પ્રોબ્લમ સોલ્વિંગ ફોર્મેટનો ઉપયોગ કરતાં હેકાથોને પરંપરાગત ભરતી પૂર્વગ્રહોને દૂર કર્યા હતા.

## સેમસંગ ઈન્ડિયા દ્વારા શોસ્ટોપર કેમેરા, અલ્ટ્રા સ્મૂધ ડિસ્પ્લે અને પ્રીમિયમ લેધર ડિઝાઈન સાથે ગેલેક્સી F70e 5G રજૂ કરાયા

ગુરુગ્રામ | ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા આજે ગેલેક્સી F70e 5Gના લોન્ચની ઘોષણા કરી હતી, જે સંપૂર્ણ નવી ગેલેક્સી F70 સિરીઝનો પ્રથમ સ્માર્ટફોન છે, જે રોજેરોજ પોતાને ક્રિયેટ, શૅર અને એક્સપ્રેસ કરે છે તે યુવા જેન Z ઉપભોક્તાઓ માટે અસમાંતર કેમેરા અનુભવ, અલ્ટ્રા સ્મૂધ ડિસ્પ્લે અને પ્રીમિયમ લેધર ફિનિશ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## અશ્વિની વૈષ્ણવે બેંગલુરૂમાં ઝેટવર્ક ઈલેક્ટ્રોનિક્સની એડવાન્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનુ ઉદ્ઘાટન કર્યું

મુંબઈ | માનનીય કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, રેલવે, તથા માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે કર્ણાટકના બેંગલુરુમાં ઝેટવર્ક ઈલેક્ટ્રોનિક્સનું નવુ ડિઝાઈન-આધારિત, અદ્યતન ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. જે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, ભારતીય ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ (ESDM)માં ચેમ્પિયન બનાવવાની કંપનીની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

## itelએ A100 ના લોન્ચ સાથે એક નવા યુગની શરૂઆત કરી - માત્ર રૂ. 6799 માં આકર્ષક ડિઝાઈન સાથે કઠિન ટકાઉપણુંનું મિશ્રણ

મુંબઈ | ભારતની અનેક અગ્રણી બ્રાન્ઝમાંની એક itel એ તાજેતરમાં જ બ્લોકબસ્ટર અને ડિઝાઈનર A100 લોન્ચ કર્યો છે. દરેક વ્યક્તિનું ધ્યાન ખેંચે તેની બાંયધરી આપતી આ ડિઝાઈન સાથે તે ટકાઉતા અને પોષણક્ષમતામાં અગ્રેસર છે. A100 સ્માર્ટફોનમાં લશ્કરી ગ્રેડ સર્ટિફિકેશન (MIL-STD-810H), જે માન્યમાં ન આવે તેવું ટકાઉપણું અને યૂઝર્સ માટે મનની શાંતિ પૂરી પાડે છે.

## 'એશિયન પેઇન્ટ્સ વ્હેર ધ હાર્ટ ઇઝ' સીઝન-9 લઇને આવ્યું છે, પાંચ વિશેષ સેલિબ્રિટી હોમ ટૂર

નવી દિલ્હી | એશિયન પેઈન્ટ્સ, ભારતની અગ્રણી પેઈન્ટ અને ડેકોર કંપની, તેની લોકપ્રિય હોમ ડેકોર અને સ્ટોરીટેલિંગ શ્રેણી, એશિયન પેઈન્ટ્સ વ્હેર ધ હાર્ટ ઈઝની 9મી સીઝન સાથે પરત આવી છે. આ સીઝનમાં ભારતના કેટલાક પ્રતિષ્ઠિત હસ્તીઓના પાંચ ઘરોને વિશેષ રીતે રજૂ કરવામાં આવ્યા છે, જેમાં સોનાક્ષી સિંહા અને ઝાહિર ઈકબાલ, ગૌતમ ગંભીર, કીર્તિ સુરેશ અને એન્ટોની થાટ્ટિલ, અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી, તેમજ અમન અને પ્રિયા ગુપ્તાનો સમાવેશ થાય છે.




## આ વેલેન્ટાઈન ડે પર બ્રાઉન હેર કલર સૌથી વધુ રોમેન્ટિક કેમ છે?

મુંબઈ | એ સમય જ્યારે પ્રેમ, સ્નેહ, રોમાંસ અને સુંદરતાની અનુમાનિત વાર્તાઓ સૌથી વધારે જોર પકડે છે, સૌથી રોમેન્ટિક હેર કલર વિશે સાંભળીને તમને આશ્ચર્ય થઈ શકે છે. તે છે સમૃદ્ધ, સુંદર અને શાંતિથી તેના આકર્ષણ તરફ દરેકને મોહિત કરતું બ્રાઉન રંગ. ગોદરેજ પ્રોફેશનલના નેશનલ ટેકનિકલ હેડ શૈલેષ મૂળ્યા જણાવે છે કે આ ઋતુમાં રોમાંસનો મતલબ બ્રાઉન શા માટે છે.તે કામ કરે છે કારણ કે તે વાસ્તવિક સુંદરતાને પ્રતિબિંબિત કરે છે. રોસ્ટેડ આલ્મન્ડ, હોટ ચોકલેટ અને બટરસ્કોચ બ્લોન્ડ જેવા શેડ્સ હૂંફ અને સુંદરતાનું અદભુત સંયોજન દર્શાવે છે. તેઓ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા કંઈ કરતા નથી; લોકો આપમેળે આકર્ષિત થાય છે.

## ટાટા AIA એ એન્હાન્સ્ડ વેલ્યુ ઈન્ડેક્સ ફંડ્સ લોન્ચ કર્યાં

અમદાવાદ | ભારતીય અર્થવ્યવસ્થા તેની ઝડપી ગતિ જાળવીને આગળ વધી રહી છે, ત્યારે રોકાણકારો શિસ્તબદ્ધ વ્યૂહરચનાઓ દ્વારા લાંબા ગાળાના સંપત્તિ સર્જનના માર્ગો ચકાસી રહ્યા છે. સ્થાનિક ઈક્વિટીમાં ભાગીદારી રેકોર્ડ સ્તરે છે અને ઘરેલુ બચત પરંપરાગત એસેટ્સમાંથી બજાર સાથે જોડાયેલા રોકાણ સાધનો તરફ વળી રહી છે ત્યારે, ઈન્ડેક્સ-આધારિત રોકાણ લાંબા ગાળાની નાણાકીય સુરક્ષા માટે પસંદગીનો માર્ગ બનીને ઉભર્યું છે.આ પરિવર્તનને ધ્યાનમાં રાખીને, ભારતની અગ્રણી જીવન વીમા કંપનીઓ પૈકીની એક, ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સ (Tata AIA) એ, મૂલ્ય આધારિત રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરતા બે નવા ફંડ લોન્ચ કર્યા છે.

**પશ્ચિમ રેલ્વે**

**જાળવણી કાર્ય**

સીનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ **ઈ-ટેન્ડર નંબર: WR-MMCTOESUB (ESPT)/19/2025 આમંત્રિત કરે છે. કાર્યનું નામ: મુંબઈ સબર્બન સેક્શનના ચર્ચગેટ વિરાર વચ્ચે PSI સિસ્ટમમાં 110/25KV AC ઉપકરણોની વાર્ષિક શિડ્યુલ જાળવણી પ્રવૃત્તિઓ અને તમામ TRD ઉપકરણોનું થર્મો વિઝન ચેકિંગ. કાર્યની અંદાજિત** કિંમત: 2,13,56,350/- **બિડ સિક્યુરિટી:** 2,56,800/- **સબમિશનની તારીખ અને સમય: 02.03.2026, 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય:** 02.03.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો: **www.ireps.gov.in.** 1091

**અમને ફોલો કરો: X.com/WesternRly**

OFFER OPENING PUBLIC ANNOUNCEMENT CUM CORRIGENDUM TO THE DETAILED PUBLIC STATEMENT AND LETTER OF OFFER TO THE PUBLIC SHAREHOLDERS OF

## CLASSIC FILAMENTS LIMITED

**Registered Office:** Plot No. 1, Priyanka House, Umiyadham Road, Varachha, Surat- 395006,
**CIN:** L17114GJ1990PLC013667, **Tel. No.:** 0261-2540570,
**Email:** classicfilaments@ymail.com, **Website:** www.classicfilamentsltd.com

This Offer Opening Public Announcement cum Corrigendum to the Detailed Public Statement and Letter of Offer (**"Advertisement"**) is being issued by VC Corporate Advisors Private Limited (**"Manager to the Offer"**), on behalf of Mr. Sumit Bansal (**"Acquirer 1"**), Mr. Vikkas Bansal (**"Acquirer 2"**), Mr. Tarun Jain (**"Acquirer 3"**) and Mr. Varun Jindal (**"Acquirer 4"**) (hereinafter collectively referred to as the **"Acquirers"**) pursuant to Regulation 18(7) of the Securities and Exchange Board of India (Substantial Acquisition of Shares and Takeovers) Regulations, 2011, as amended [**"SEBI (SAST) Regulations"**] in respect of Open Offer (**"Offer"**) for the acquisition of upto 15,89,471 (Fifteen Lakhs Eighty-Nine Thousand Four Hundred and Seventy-One) fully paid-up equity shares of face value of Rs. 10/- each, representing 26.00% of the total paid-up equity and voting share capital of Classic Filaments Limited (hereinafter referred to as the **"CFL"** or the **"Target Company"**). This advertisement is to be read in conjunction with the Public Announcement (**"PA"**) dated October 24, 2025, Detailed Public Statement (**"DPS"**) dated October 31, 2025 as published in the Financial Express (English Daily) all editions, Jansatta (Hindi Daily) all editions, Pratahkal (Marathi daily) Mumbai edition and Ahmedabad Express (Gujarati daily) Surat edition on October 31, 2025, Draft Letter of Offer (**"DLOF"**) dated November 10, 2025 and the Letter of Offer (**"LOF"**) dated January 28, 2026 which is available on the websites of the Securities and Exchange Board of India (**"SEBI"**) and BSE Limited (**"BSE"**), being the only Stock Exchange where the equity shares of the Target Company are presently listed.

1. **Offer Price:** The Offer Price is Rs. 12/- (Rupees Twelve Only) per equity share, payable in cash. There has been no upward revision in the Offer Price from the price mentioned in the Letter of Offer.
2. The Committee of Independent Directors (**"IDC"**) of the Target Company have perused the Public Announcement dated October 24, 2025, the Detailed Public Statement published on October 31, 2025, the Draft Letter of Offer dated November 10, 2025 and the Letter of Offer dated January 28, 2026 issued by the Manager to the Offer on behalf of the Acquirers in relation to the Open Offer. IDC has opined only on the pricing of the Offer. The IDC is of the opinion that the Offer price of Rs. 12/- (Rupees Twelve Only) per fully paid-up equity share offered by the Acquirers is in accordance with the SEBI (SAST) Regulations and appears to be fair and reasonable.
   The recommendation of IDC dated February 05, 2026 was published in the Financial Express (English Daily) all editions, Jansatta (Hindi Daily) all editions, Pratahkal (Marathi daily) Mumbai edition and Ahmedabad Express (Gujarati daily) Surat edition on February 06, 2026.
3. The Offer is not a competing offer in terms of Regulation 20 of the SEBI (SAST) Regulations. Further, there has been no competitive bid to this Open Offer.
4. Skyline Financial Services Private Limited, being the Registrar to the Offer, has confirmed that the Letter of Offer has been dispatched on Wednesday, February 04, 2026 to all the Public Shareholders of the Target Company through electronic means (for Equity Shareholders holding Equity Shares in dematerialized from) whose name appeared on the register of members on the Identified Date and who have registered their email ids with the Depositories and/or the Target Company and through physical means to all the remaining public shareholders of the Target Company (holding Equity Shares in Physical form) whose name appeared on the register of members on the identified date.
5. Please note that a copy of the LOF along with the Form of Acceptance-cum-Acknowledgement is available on the website of SEBI at www.sebi.gov.in, website of BSE at www.bseindia.com and also on the website of Manager to the Offer at www.vccorporate.com. Shareholders can also apply by downloading such forms from the above-mentioned websites. Further, in case of non-receipt/ non-availability of the Form of Acceptance, the application can be made on plain paper along with the following details:
   a. **In case of Physical Shares:** Public Shareholders holding Equity Shares in physical form may participate in the Open Offer through the relevant Selling Broker by providing name, address, number of Equity Shares held, number of Equity Shares tendered and other relevant documents as mentioned in paragraph 8.15 of the LOF along with duly filled and signed Form SH-4.
   b. **In case of Dematerialized Shares:** Public Shareholders who desire to tender their Equity Shares under the Open Offer would have to intimate their respective stock brokers (**"Selling Broker"**) registered with BSE within the normal trading hours of the secondary market, during the Tendering Period in accordance with the procedure as mentioned in paragraph 8.14 of the LOF.
   c. Shareholders whose brokers are not registered with BSE are able to tender their Equity Shares through the Acquirer's Broker or the Buying Broker.
6. In terms of Regulation 16(1) of the SEBI (SAST) Regulations, the Draft Letter of Offer was submitted to SEBI on November 10, 2025. We have received the final observations from the SEBI in terms of Regulation 16 (4) of the SEBI (SAST) Regulations vide its observation letter no. SEBI/HO/49/12/11(10)2026-CFD-RAC-DCR2/1/3327/2026 dated January 23, 2026 which has been duly incorporated in the LOF.
7. **Any other material change from date of the PA (Material updates):**
   7.1 Pursuant to the consummation of the underlying transaction under the SPA dated October 24, 2025 on December 09, 2025 in accordance with Regulation 22(2) of the SEBI (SAST) Regulations, the Acquirers have collectively acquired 41,88,549 Equity Shares held by the Sellers, representing 68.51% of the total paid-up equity and voting share capital of the Target Company at a negotiated price of Rs. 10/- per Equity Share, aggregating to Rs. 4,18,85,490/- (Rupees Four Crores Eighteen Lakhs Eighty-Five Thousand Four Hundred and Ninety Only). In this regard, the Acquirers have duly complied the provisions specified under Regulation 18(6) of the SEBI (SAST) Regulations.
   7.2 Based on the information received from Registrar to the Offer, the total no. of public shareholders should be read as 1571 instead of 3265 as on 23.01.2026 in the table under paragraph no. 5.17 on page no. 20 of the LOF.
8. As on the date of Letter of Offer, there are no regulatory or statutory approvals pending to be received. If any other statutory approvals become applicable prior to the completion of the Offer, this Offer would also be subject to such other statutory approval(s). For more details regarding the statutory and other approvals for this Offer, please refer to the paragraph "Statutory and other approvals" under paragraph 7.10 of the Letter of Offer.
   The Open Offer will be implemented by the Acquirers through Stock Exchange Mechanism made available by the Stock Exchange in the form of separate window (**"Acquisition Window"**) as provided under the SEBI (SAST) Regulations and SEBI Master Circular SEBI/HO/CFD/PoD-1/P/CIR/2023/31 dated February 16, 2023. BSE Limited has granted the Acquisition Window to the Acquirers through their notice no. 20260206-36 dated February 06, 2026.
9. **The schedule of major activities relating to the Offer as mentioned on page no. 2 of the DLOF stands amended and the revised schedule as mentioned on page no. 2 of the LOF is set forth below:**

| Activities | Original Date | Original Day | Revised Date | Revised Day |
|---|---|---|---|---|
| Date of the PA | October 24, 2025 | Friday | October 24, 2025 | Friday |
| Publication of Detailed Public Statement in newspapers | October 31, 2025 | Friday | October 31, 2025 | Friday |
| Last date of Filing of the Draft Letter of Offer with the SEBI | November 10, 2025 | Monday | November 10, 2025 | Monday |
| Last date of a Competing Offer# | November 24, 2025 | Monday | November 24, 2025 | Monday |
| Identified Date* | December 03, 2025 | Wednesday | January 28, 2026 | Wednesday |
| Date by which the Letter of Offer will be dispatched to the shareholders | December 10, 2025 | Wednesday | February 04, 2026 | Wednesday |
| Last date by which Board of the Target Company shall give its recommendation | December 12, 2025 | Friday | February 06, 2026 | Friday |
| Last date for upward revision of Offer Price and/or Offer Size | December 15, 2025 | Monday | February 09, 2026 | Monday |
| Advertisement of Schedule of Activities for Open Offer, status of statutory and other approvals in newspapers and sending the same to SEBI, Stock Exchange and Target Company | December 16, 2025 | Tuesday | February 10, 2026 | Tuesday |
| Date of commencement of tendering period | December 17, 2025 | Wednesday | February 11, 2026 | Wednesday |
| Date of closing of tendering period | December 31, 2025 | Wednesday | February 25, 2026 | Wednesday |
| Date by which communicating rejection/ acceptance and payment of consideration for applications accepted | January 14, 2026 | Wednesday | March 12, 2026 | Thursday |
| Date by which the underlying transaction which triggered Open Offer will be completed | January 14, 2026 | Wednesday | December 09, 2025 | Tuesday |

The above timelines are indicative (prepared based on timelines provided under the SEBI (SAST) Regulations) and are subject to receipt of statutory/ regulatory approvals and may have to be revised accordingly. To clarify, the actions set out above may be completed prior to their corresponding dates subject to compliance with the SEBI (SAST) Regulations.

#There has been no competing offer as on the date of the LOF.

*Identified Date is only for the purpose of determining the names of the shareholders as on such date to whom the Letter of Offer would be sent. All owners (registered or unregistered) of equity shares of the Target Company (except parties to Share Purchase Agreement) are eligible to participate in the Offer any time before the Closure of the Tendering Period.

10. The Acquirers accept full responsibility for the information contained in this Advertisement and for the fulfilment of their obligations laid down in the SEBI (SAST) Regulations and a copy of this Advertisement shall also be available on the websites of SEBI at www.sebi.gov.in and BSE at www.bseindia.com.
11. Capitalized terms used in this Advertisement, but not defined, shall have the same meaning assigned to them in the PA, DPS and LOF.

**ISSUED ON BEHALF OF THE ACQUIRERS BY THE MANAGER TO THE OFFER:**

**VC Corporate Advisors Private Limited**
**SEBI REGN. No.:** INM000011096
**Validity of Registration:** Permanent
**CIN:** U67120WB2005PTC106051
(**Contact Person:** Ms. Urvi Belani/ Mr. Premjeet Singh)
31, Ganesh Chandra Avenue, 2nd Floor,
Suite No.- 2C, Kolkata-700 013
**Tel. No.:** (033) 2225 3940
**Email:** mail@vccorporate.com
**Website:** www.vccorporate.com

**On behalf of Acquirers:**

| Sd/- | Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|---|
| Sumit Bansal | Vikkas Bansal | Tarun Jain | Varun Jindal |
| Acquirer 1 | Acquirer 2 | Acquirer 3 | Acquirer 4 |

**Place:** Kolkata
**Date:** 10.02.2026

### સ્થાનિકોની સાથે આપના નેતાઓએ પણ રોડ જામ કર્યો : પોલીસ સાથે સ્થાકોનું ઘર્ણષ

## હેલ્મેટની આડમાં ગુજરાતમાં દારૂ ઘૂસ્યો, પેટીઓ રાખવા જગ્યા ખૂટી! : ચંદીગઢથી આવતો 64 લાખનો માલ શિવરાત્રિ ટાણે જૂનાગઢ પહોંચે તે પહેલાં PCBએ ખેલ પાડ્યો



અમદાવાદ | અમદાવાદના ફરતે આવેલા એસપી રિંગ રોડ દારૂની હેરફેર માટે વધુ એક વખત વિવાદમાં આવ્યો છે. નારોલ પોલીસ સ્ટેશનની હદમાંથી બીજી વખત એસપી રિંગ રોડ પરથી પીસીબીની ટીમે 63.86 લાખ રૂપિયાનો દારૂનો જથ્થા સાથે ડ્રાઈવરની ધરપકડ કરી છે. હેલમેટની આડમાં દારૂનો જથ્થો પંજાબથી અમદાવાદ થઈને જૂનાગઢ જવાનો હતો, પરંતુ પીસીબીની ટીમે તને ઝડપી પાડ્યો છે. પીસીબીની આ કામગીરીના કારણે નારોલ પોલીસની કામગીરી પર સવાલ ઉભા થયા છે.

પીસીબીની ટીમને બાતમી મળી હતી કે, એક હીમાચલ પાસિંગની ટ્રક હાથીજણ સર્કલ તરફથી અસલાલી આવી રહી છે, જેમાં વિદેશી દારૂનો જથ્થો છે. બાતમીના આધારે પીસીબીની ટીમે ટ્રકને રોકીને ડ્રાઈવર તેની પૂછપરછ કરી હતી. ડ્રાઈવરનુ નામ જોની બળદેવસિંહ ચંદેલ છે અને તે હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના હવાની ગામનો વતની છે. પોલીસે ટ્રકમાં શું છે? તે મામલે જોનીને પૂછ્યુ હતું, ત્યારે તેણે જણાવ્યુ હતું કે, ટ્રકમાં હેલમેટ છે.

હેલ્મેટ ભરેલી ટ્રક નારોલ પોલીસ સ્ટેશન લાવી હતી. પીસીબીએ એક બાદ એક બોક્સ ખોલીને જોતા પહેલા હેલ્મેટ મળી આવ્યા હતા, પરંતુ હેલ્મેટની આડમાં દારૂની પેટીઓ પણ મળી આવી હતી. પોલીસે ટ્રકમાંથી 63,86,608 રૂપિયાની કિંમતની દારૂની 10749 બોટલો, 5.25 લાખની કિંમતના 1053 હેલ્મેટ, તેમજ 15 લાખ રૂપિયાની ટ્રક સહિત કુલ 84.25 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછ દરમિયાન સામે આવ્યુ હતું કે, દારૂનો જથ્થો ચંદીગઢથી આવી રહ્યો હતો અને જૂનાગઢ ખાતે પહોચાડવાનો હતો. જૂનાગઢના બુટલેગરે દારૂનો જથ્થો મંગાવ્યો હતો. હીમાચલ પ્રદેશના સરકાઘાટ ખાતે રહેતા દીલેરામ શેરસીંગે દારૂનો જથ્થો મોકલી આપ્યો હતો. જૂનાગઢ ટ્રક પહોચી ગયા બાદ બુટલેગર દારૂનો જથ્થો લેવા માટે આવવાનો હતો. પીસીબીએ નારોલ પોલીસ સ્ટેશનમાં જોની, દીલેરામ અને અન્ય જૂનાગઢના બુટલેગર વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

અઠવાડિયામાં બીજી વખત નારોલ પોલીસ સ્ટેશનની હદમાંથી સ્થાનિક પોલીસ નહીં, પરંતુ એજન્સીઓ બીજી વખત લાખો રૂપિયાનો દારૂ ઝડપ્યો છે. અગાઉ ટ્રાન્સપોર્ટમાં આવેલો 3.53 લાખનો દારૂ ક્રાઈમ બ્રાન્ચે પકડ્યો હતો, ત્યારે હવે બીજી વખતમાં લાખોનો દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડ્યો છે. જોકે સ્થાનિક પોલીસ અજાણ હતી કે, સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરી રહી હતી તે મામલે તપાસ કરવામાં આવશે.

### ટાઇલ્સ બનાવવાના પાવડરની આડમાં રાજસ્થાનથી મોરબી દારૂની હેરાફેરી

અમદાવાદમાં છેલ્લા એક મહિનાની અંદર જ લાકડાના ભૂસામાં, ટ્રાન્સપોર્ટમાં અને ટાઇલ્સ બનાવવાના પાવડરની આડમાં લવાતો મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપાયો છે.

આ ઉપરાંત ડુપ્લીકેટ અને સસ્તી બોટલનો દારૂ મોંઘી દારૂની બોટલમાં ભરીને વેચાણનું પણ કૌભાંડ પણ ઝડપાયું હતું. ગુજરાતમાં કહેવાતી દારૂ બંધીના ધજાગરા રોજ ઉડી રહ્યાં છે અને દારૂનો કાળો કારોબાર ઝડપાઈ રહ્યો છે.

ટ્રકો ભરાઈને દારૂ અન્ય રાજ્યની બોર્ડર પાર કરીને ગુજરાત સુધી પહોંચી જાય છે, છતાં સ્થાનિક પોલીસને ગંધ પણ આવતી નથી. 20 દિવસ પહેલાં જ અમદાવાદમાંથી મહિલા સહિત 6 લોકો ઝડપાયા હતાં.

## 3થી 5 લાખમાં બાળક ખરીદી 15 લાખમાં વેચવાનું રેકેટ

અમદાવાદ | 10 દિવસ પહેલા અમદાવાદમાંથી ઝડપાયેલા બાળ તસ્કરીના રેકેટની તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે. આરોપીઓ દ્વારા બાળ તસ્કરીનું આ આંતરરાજ્ય રેકેટ વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતું હતું. બાળક ઈચ્છતું નિઃસંતાન દંપતી શોધવું, બાળક વેચવા ઈચ્છતા દંપતીની શોધ કરવી, બાળકની ખરીદી અને વેચાણની કિંમત નક્કી કરવી, નર્સિંગ હોમ સાથે મળી બાળકનું બોગસ જન્મપ્રમાણ પત્ર તૈયાર કરવા સુધીની કામગીરી અલગ અલગ લોકો કરતા હતા.

જેઓ તમામ કમિશન પર કામ કરતા. આ રેકેટમાં જે દંપતી બાળક ખરીદવા ઈચ્છતુ હોય તેની પાસેથી એડવાન્સમાં જ નોન રિફંડબેલ રકમ મેળવી લેતા હોવાનું પણ સામે આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. રેકેટમાં સૌપ્રથમ નિસંતાન દંપતી કે જે બાળક મેળવવા ઈચ્છતા હોય તેમની પાસેથી મોટા દલાલ દ્વારા એડવાન્સ રકમ લેવામાં આવે છે.

એડવાન્સ મળ્યા બાદ દલાલોની ટુકડી બાળકની શોધ શરૂ કરે છે. ગરીબ અથવા મજબૂરીમાં બાળક વેચવા તૈયાર થતા દંપતી પાસેથી બાળક ખરીદવામાં આવે છે. બાળક મળી ગયા બાદ તેને તૈયાર કરી સારા કપડાં પહેરાવી તેના ફોટા પાડવામાં આવે છે.આ ફોટા એજન્ટના ગ્રુપમાં મૂકવામાં આવે છે.આ ફોટા મૂક્યા બાદ બાળકનો ભાવ રૂ. 3 લાખથી 5 લાખ વચ્ચે નક્કી કરવામાં આવે છે. બાળકના માતા-પિતાને ચોક્કસ રકમ ચૂકવી દલાલો બાળકનો કબજો કરી લે છે.

### લક્ઝુરિયસ ઓફિસ જેવી વાનમાં પ્રવાસની સાથે કોર્પોરેટ મીટિંગ પણ થઈ શકશે

## GSRTC એસટી 10 નવી કેરાવાન વસાવશે

અમદાવાદ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હવે પેસેન્જરોને હાઈટેક કેરાવાનની ભેટ આપશે. અત્યાર સુધી માત્ર વીઆઈપી લોકો પાસે જોવા મળતી લક્ઝુરિયસ 'કેરાવાન' હવે સામાન્ય જનતા અને કોર્પોરેટ ગ્રૂપ પણ વાપરી શકશે.

નિગમે પ્રથમ તબક્કામાં 10 અત્યાધુનિક કેરાવાન લાવવાની તૈયારી પૂર્ણ કરી છે. આ કેરાવાન એવા પરિવારોને ધ્યાનમાં રાખી ડિઝાઈન કરાઈ છે જેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા કે કચ્છના રણ જેવા સ્થળે ગ્રૂપમાં પ્રવાસ કરવા ઈચ્છે છે. એ રીતે મલ્ટિનેશનલ કંપનીઓ એક્ઝિક્યુટિવ માટે ચાલુ મુસાફરીએ મીટિંગનું આયોજન કરી શકશે. જેથી મીટિંગની સાથે મનોરંજન પણ માણી શકશે.

જેથી લોકોના સમયની બચત થશે. એ રીતે વિદેશથી ગ્રૂપમાં આવતા પ્રવાસીઓ પણ ફરવા માટે આ કેરાવાનનું બુકિંગ કરાવી વીઆઈપી પ્રવાસનો આનંદ માણી શકશે. આ કેરાવાનનું સંચાલન અમદાવાદ જેવાં મુખ્ય શહેરો, તીર્થ સ્થળો તથા પર્યટન સ્થળો માટે કરી શકાશે.



**રેસ્ટ એરિયા :** લાંબા પ્રવાસમાં આરામ માટે પ્રીમિયમ ક્વોલિટીના બેડ.

**મોબાઈલ ઓફિસ :** મીટિંગ માટે ખુરશી-ટેબલ, હાઈ-સ્પીડ વાઈફાઈ કનેક્ટિવિટી.

**મિની પેન્ટ્રી :** મુસાફરો માટે ઠંડા પીણાં માટે નાનું ફ્રીજ, કોફી મેકર-માઇક્રોવેવ ઓવન.

**એટેચ વોશરૂમ :** લાંબી મુસાફરીમાં રોકાણની જરૂર ન પડે તે માટે વાનમાં જ વોશરૂમ.

**મનોરંજન :** મોટી એલઈડી સ્ક્રીન, આધુનિક સાઉન્ડ સિસ્ટમ, જેથી મુસાફરી યાદગાર બની રહેશે.

### GSRTCની વેબસાઈટ- મોબાઈલ એપ પરથી બુકિંગ

મુસાફરોની સુરક્ષા માટે દરેક વાનમાં જીપીએસ ટ્રેકિંગ અને સીસીટીવી કેમેરા હશે, જેનું મોનિટરિંગ સીધું નિગમના કંટ્રોલ રૂમ દ્વારા કરાશે. આ વાનમાં ખાસ તાલીમબદ્ધ ડ્રાઈવર અને સહાયક અપાશે. જીએસઆરટીસીની વેબસાઈટ કે મોબાઈલ એપ દ્વારા આ કેરાવાનનું ઓનલાઈન બુકિંગ કરાવી શકશે. આ કેરાવાન એવા પરિવારોને ધ્યાનમાં રાખી ડિઝાઈન કરાઈ છે જેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા કે કચ્છના રણ જેવા સ્થળે ગ્રૂપમાં પ્રવાસ કરવા ઈચ્છે છે.

## વાસણા વિસ્તારમાં 1.47 કરોડના ખર્ચે મ્યુનિ. સ્પોન્જ પાર્ક બનાવશે



(એજન્સી) અમદાવાદ | તા.09

શહેરમાં વાસણામાં 1.47 કરોડના ખર્ચે સ્પોન્જ પાર્ક બનાવવાની તૈયારી કરી છે. વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી સમક્ષ આ દરખાસ્ત રજૂ કરી છે. અગાઉ વેજલપુર વિસ્તારમાં ગાર્ડનમાં સ્પોન્જ પાર્ક બનાવવાની દરખાસ્તને કમિટી દ્વારા પરત કરી દેવાઈ હતી. જ્યારે હવે આગામી દિવસોમાં 5 સ્થળે આવા સ્પોન્જ પાર્ક બનશે. સ્પોન્જ પાર્ક બનાવવા માટે મ્યુનિ. દ્વારા 7 વખત ટેન્ડર બહાર પાડ્યા બાદ આખરે એક કોન્ટ્રાક્ટરે રસ દાખવતાં મ્યુનિ. દ્વારા સિંગલ ટેન્ડર મંજૂર કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. શહેરમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ડીઝાસ્ટર મિટિગેશન ફંડની ફાળવણી કરી છે. જેના હેઠળ અમદાવાદમાં સ્પોન્જ પાર્ક બનાવવાની કામગીરી હાથ ધરાશે.

જે વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા હોય તેની નજીક આ સ્પોન્જ પાર્ક બનાવાય છે. જેથી આ વિસ્તારનું પાણી સ્પોન્જ પાર્કમાં વહાવવામાં આવે. જેને કારણે વિસ્તારના ભૂગર્ભ જળ ઊંચા આવે જ્યારે બીજી તરફ લોકોને વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી રાહત મળે.

પ્લોટમાં ખોદાણ કરી તેમાં અર્થન ટેંક બેડ એરિયા બનાવવામાં આવે છે. જે ટેંકમાં પહેલા માટી, ઘાસ હોય છે તેની નીચે મોટા કાંકરા સહિતની વસ્તુઓ હોય જે સરળતાથી પાણીને ભૂગર્ભમાં ઉતારે. આ ટેંકમાં આસપાસના વિસ્તારનું પાણી એકઠું કરવા માટે લાઈનો નાંખામાં આવે. જેથી ભરાઈ રહેતું વરસાદી પાણી આ સ્થળે આવે.

ખાડામાં પરકોલેટિંગની સુવિધા હોય જેથી પાણી ભૂગર્ભમાં ઉતરતાં ભૂગર્ભજળ રિચાર્જ થાય. વરસાદી સીઝન સિવાય આ ખાડામાં ઘાસ ઉગે તેમજ ત્યાં બાળકો માટે પ્લેગ્રાઉન્ડ જેવી સુવિધા હોય. જેથી ચોમાસા સિવાય આ સ્થળનો બાળકો માટે ઉપયોગ થાય. તે સિવાય ગણેશ કિંડ, પોડિયમ, જીમ એરિયા, સાયકલ ટ્રેક જેવી સુવિધા પણ આ સ્થળે ઉપલબ્ધ કરાવાય.

## 7,588 વેપારીએ સરકાર પાસે મદદ માગી : સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોમાં ચુકવણીને લઈને સમસ્યા

(એજન્સી) ગાંધીનગર | તા.09

નાના વેપારીઓ અને સપ્લાયરો માટે ખરીદદારો પાસેથી સમયસર ચુકવણી મળવી હવે મોટી સમસ્યા બની રહી છે. ગાંધીનગરમાં આવેલી સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સુવિધા પરિષદના તાજેતરના આંકડા મુજબ, મોટી સંખ્યામાં કેસોમાં નિવારણ થયું છે, પરંતુ જૂના કેસોની મોટી સંખ્યા હજી પણ પેન્ડિંગ હોવાથી અનેક નાના વ્યવસાય પર દબાણ વધ્યું છે.

પરિષદને અત્યાર સુધી સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો તરફથી કુલ 7,588 અરજીઓ મળી છે, જેમાં મોટા ભાગે વેપારીઓ અને સપ્લાયરો સામેલ છે.

આ અરજીઓમાં કુલ બાકી રકમ રૂ. 3,216.59 કરોડનો દાવો કરવામાં આવ્યો છે. તેમાંથી પરિષદે અત્યાર સુધી 5,629 અરજીનો નિકાલ કર્યો છે. પોતાની કાર્યવાહી દ્વારા પરિષદે રૂ. 1,381.44 કરોડના દાવાઓ પર કામ કર્યું છે. સમજૂતી, આદેશ અથવા અન્ય ઉકેલો મારફતે રૂ. 729.35 કરોડની રકમનો સફળતાપૂર્વક નિકાલ કર્યો છે. આ કારણે મોટી સંખ્યામાં નાના વેપારીઓને તેમની નોંધપાત્ર રકમ પરત મળી છે, જેના કારણે તેઓ કર્મચારીઓને પગાર આપવા, ફરીથી માલ ખરીદવા, બિલ ચૂકવવા અને પોતાની દુકાનો અથવા એકમો મોટી મુશ્કેલી વગર ચલાવી શક્યા છે. વેપારીઓને 45 દિવસની અંદર ચુકવણી કરવી ફરજિયાત છે, પરંતુ ઘણા કેસોમાં મોટા વેપારીઓ દ્વારા નાના વેપારીઓને સમયસર પૈસા ચૂકવવામાં આવતા નથી.

## અડાલજ ટોલ પ્લાઝા પાસે ચાલુ કારમાં આગ

કલોલ | રાજ્યના હાઈવે પર આગની વધુ એક ઘટના સામે આવી છે. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર આવેલા અડાલજ ટોલ પ્લાઝા નજીક મોડી રાત્રે એક ચાલુ કારમાં ભયાનક આગ ફાટી નીકળી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, અમદાવાદ-ગાંધીનગર હાઈવે પરથી પસાર થતી વખતે અડાલજ ટોલ પ્લાઝા નજીક કારમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. કાર ચાલક કંઈ સમજે તે પહેલા જ આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

જેવી કારમાં સ્પાર્ક થયો, અંદર બેઠેલા મુસાફરો તાત્કાલિક બહાર કૂદી પડ્યા હતા. આ સમયસૂચકતાના કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી અને તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. ઘટનાની જાણ થતા જ



અડાલજ પોલીસ અને ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ પણ સર્જાયો હતો.

## ડોક્ટરને બ્લેકમેલ કરનાર CCTV ટેકનિ.ને ઝડપી પાડવામાં આવ્યો

અમદાવાદ| અમદાવાદના પાલડીમાં બ્લેકમેલિંગની એક ઘટના સામે આવી છે. ક્લિનિક ચલાવતા એક ડોક્ટરને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની અને સીસીટીવી ફૂટેજ વાઈરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવનાર અબ્દુલ વહાબ સૈયદ નામના શખસની પોલીસે ધરપકડ કરી છે.

આરોપીએ ડોક્ટરની અંગત પળોના સીસીટીવી ફૂટેજ ચોરી મોટી રકમની માંગણી કરી હતી, જે મામલે હવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. થોડા દિવસો અગાઉ આ ડોક્ટરે પોતાના ક્લિનિક પર મસાજ માટે એક વ્યક્તિને બોલાવ્યો હતો. આ સમયના સીસીટીવી ફૂટેજ આરોપી અબ્દુલ વહાબ પાસે પહોંચી ગયા હતા. આરોપીએ આ ફૂટેજ ડોક્ટરને મોકલી આપી તેમને સોશિયલ મીડિયામાં બદનામ કરવાની ધમકી આપી હતી. આરોપીએ ડોક્ટર પાસેથી કુલ 40 હજાર રૂપિયાની ખંડણી માંગી હતી. સમાજમાં પ્રતિષ્ઠા ખરડાવાના ડરથી ડોક્ટરે શરૂઆતમાં આરોપીને 5 હજાર રૂપિયા આપી દીધા હતા.

## ભારત-અમેરિકા વ્યાપાર સમજૂતી થકી ગુજરાતના ઉદ્યોગો માટે વિકાસના ખૂલ્યા નવા દ્વાર

**અમેરિકા દ્વારા ભારતીય સામાન પર ટેરિફ : ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાતા નિકાસમાં થશે વિક્રમજનક વધારો**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારત-અમેરિકા વચ્ચે વચગાળાની વ્યાપાર સમજૂતી (Interim Trade Agreement) કરવામાં આવી છે. જે દેશના અર્થતંત્ર માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે તેમજ ખાસ કરીને ગુજરાતનાં ઉદ્યોગો માટે વિકાસની નવી ક્ષિતિજો ખોલશે. ભારત-અમેરિકા વચ્ચેની આ વ્યાપાર સમજૂતી અંતર્ગત અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફ ૫૦ ટકાના આકરા દરોથી ઘટાડીને આશરે ૧૮ ટકા કર્યા છે, જેના પરિણામે અમેરિકન માર્કેટમાં ભારતીય ઉત્પાદનોની કિંમત સ્પર્ધાત્મક બનશે અને તેની માંગમાં મોટો વધારો થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત ભારતનું સૌથી મોટું નિકાસકર્તા રાજ્ય બન્યું છે. રાજ્યમાં ટેક્ષટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એન્જિનિયરિંગ ગુડ્સ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં ખૂબ મજબૂત ઔદ્યોગિક માળખું ઉપલબ્ધ છે. આ સમજૂતીથી ગુજરાતનાં આ તમામ સેક્ટર્સને નવો વેગ મળશે. આ વ્યાપાર સમજૂતીનો સૌથી વધુ ફાયદો ટેક્ષટાઈલ-કાપડ ઉદ્યોગને થવાની સંભાવના છે. ટેરિફ ઘટવાથી ગુજરાતના ગારમેન્ટ અને હોમ ટેક્ષટાઈલ ઉત્પાદનો અન્ય દેશોની સરખામણીએ વધુ સ્પર્ધાત્મક બનશે. જેની મધ્યમ ગાળાના નિકાસ જથ્થામાં ૧૦૦-૧૫૦ ટકાનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. જેનાથી રાજ્યના મુખ્ય ટેક્ષટાઈલ ક્લસ્ટરોમાં ઉત્પાદન વધશે, અમેરિકાથી નવા ઓર્ડર મળશે અને નફાકારકતામાં વધારો જોવા મળશે.

આ સમજૂતી ખાસ સુરત માટે નવી આશાનું કિરણ લઈને આવી છે. વિશ્વના સૌથી મોટા ડાયમંડ પોલિશિંગ હબ ગણાતા સુરતના હીરા ઉદ્યોગને આ નિર્ણયથી ખૂબ મોટો ફાયદો થશે. ટેરિફમાં ઘટાડો થવાથી ઉદ્યોગનું માર્જિન સુધરશે અને માંગમાં નવેસરથી વધારો થશે. આ ઉપરાંત અગાઉ ઊંચા ટેરિફને કારણે જે નુકસાન થયું હતું, તેની ભરપાઈ થશે અને અમેરિકન માર્કેટમાં હીરા ઉદ્યોગનો હિસ્સો ફરીથી મજબૂત બનશે.

આ ઉપરાંત રાજ્યના ભરૂચ, વાપી અને અમદાવાદ સ્થિત કેમિકલ અને ફાર્મા ક્લસ્ટરોમાં પણ આ વ્યાપાર સમજૂતી થકી ખૂબ મોટા પાયે રિકવરી થવાની આશા છે. અગાઉ કેમિકલ અને ફાર્મા ઉદ્યોગોની નિકાસમાં અંદાજે ૨૫-૩૦ ટકાનો ઘટાડો થયો હતો તેમાં હવે સુધાર આવશે અને આ ઉદ્યોગોનો વિકાસ થશે. ઘણી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ પર ઝીરો-ડ્યૂટી અથવા લો-ડ્યૂટીનો લાભ મળવાથી અમેરિકાના રેગ્યુલેટેડ માર્કેટમાં ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનશે. વધુમાં, રિન્યુએબલ એનર્જીમાં ખાસ કરીને સોલાર મેન્યુફેક્ચરિંગ માટે આ સમજૂતી અંતર્ગત સોલાર પેનલ અને તેના કમ્પોનન્ટ્સના ઉત્પાદનને વેગ મળશે. અમેરિકામાં તેની નિકાસ હવે વ્યાપારી રીતે વધુ ફાયદાકારક બનશે. આમ, ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત બનશે. તદુપરાંત ગ્રામીણ અર્થતંત્ર સાથે જોડાયેલા હેન્ડીક્રાફ્ટ અને પરંપરાગત કારીગરો દ્વારા બનાવાતી વસ્તુઓને પણ અમેરિકન માર્કેટમાં સરળ પ્રવેશ મળતા મોટો ફાયદો થશે.